## કરન્સી માર્કેટ

| | |
|---|---|
| US.ડોલર | ૮૫.૭૬ |
| પાઉન્ડ | ૧૦૬.૪૯ |
| યુરો | ૮૮.૫૦ |
| સઉદી રિયાલ | ૨૨.૮૪ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૯,૪૨૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

અકબરી ટુર્સ (અમદાવાદ)
(Govt. Regd)
રમઝાન ઉમરાહ ૨૦૨૫નું બુકીંગ ચાલુ છે
32 થી 35 દિવસ રૂા.1,80,000/-
હરમ શરીફથી નજીક રહેઠાણ
સંપર્ક : અલ્હાજ ઈકબાલ શેખ
9898316366 • 9825316708
૨૦૬-૨૦૭ બીજો માળ, બાગમાર પ્લાઝા
જમાલપુર ચાર રસ્તા, અમદાવાદ

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૫૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# મમતાનો ગંભીર આક્ષેપ, BSF બાંગ્લાદેશી ઘૂસણખોરોને પ્રવેશ કરવા દે છે

## કેન્દ્ર સરકારનો વિચાર પશ્ચિમ બંગાળને અસ્થિર કરવા માટે છે : બંગાળના મુખ્યમંત્રીનો હલચલ મચાવતો દાવો, BSF જ સરહદની રક્ષાને બદલે ઘૂસણખોરોને બંગાળમાં પ્રવેશની મંજૂરી આપે છે

(એજન્સી) તા.૨

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગુરૂવારે કેન્દ્રીય દળો પર રાજ્યને અસ્થિર કરવા માટે બાંગ્લાદેશથી ઘૂસણખોરીની મંજૂરી આપવાનો આરોપ લગાવીને વિવાદ ઊભો કર્યો હતો. તેણીએ કેન્દ્રની 'નાપાક બ્લુપ્રિન્ટ' ગણાવતા, બેનરજીએ આરોપ લગાવ્યો કે BSF, જે બાંગ્લાદેશ સરહદની રક્ષા કરે છે, તે બંગાળમાં ઘૂસણખોરીને મંજૂરી આપી રહી છે અને મહિલાઓ પર અત્યાચાર પણ કરી રહી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશથી ઘૂસણખોરીથી બંગાળમાં શાંતિ ભંગ કરી રહી છે. આ નિવેદનના અઠવાડિયા પછી વહીવટી બેઠક દરમિયાન મમતા બેનરજીએ આ ટિપ્પણી કરી છે. આગામી વર્ષની વિધાનસભા ચૂંટણી પહેલા ટીએમસી અને ભાજપ વચ્ચે આ મુદ્દો તાજેતરનો મુખ્ય વિવાદ માટેનો પોઈન્ટ બની ગયો છે. મમતાએ કહ્યું કે, બીએસએફ



વિવિધ વિસ્તારોમાંથી બંગાળમાં ઘૂસણખોરીને મંજૂરી આપી રહ્યું છે અને મહિલાઓ પર અત્યાચાર કરી રહ્યું છે. ટીએમસી સરહદોની રક્ષા કરી રહી નથી. સરહદ અમારા હાથમાં નથી, તેથી જો કોઈ ટીએમસી પર ઘૂસણખોરીની મંજૂરી આપવાનો આરોપ મૂકે છે, તો હું નિર્દેશ કરીશ કે તે જવાબદારી બીએસએફની છે. તેણીએ કહ્યું કે તે પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)ને એ સ્થાનોની તપાસ કરવા અને તે સ્થાનોને ઓળખવા માટે સૂચના આપશે જ્યાંથી બીએસએફ ઘૂસણખોરીને મંજૂરી આપી રહ્યું છે. પોલીસ પાસે તમામ માહિતી છે અને કેન્દ્ર પાસે પણ છે. મને રાજીવ કુમાર (ડીજીપી) અને સ્થાનિક સ્ત્રોતો પાસેથી માહિતી મળી છે. હું આ અંગે કેન્દ્રને પત્ર લખીશ. બંગાળ અને પડોશી બાંગ્લાદેશમાં શાંતિ અંગે બેનરજીએ કહ્યું કે, અમારી કોઈની સાથે દુશ્મની નથી, પરંતુ અહીં ગુંડાઓને છૂટ આપવામાં આવી રહી છે. તેઓ ગુના કરે છે અને સરહદ પાર કરીને પાછા ફરે છે. BSF તેમાં સહકાર કરી રહ્યું છે અને કેન્દ્રની પણ તેમાં ભૂમિકા છે. તેણીએ કહ્યું કે, કોઈપણ બંગાળમાં આતંકવાદી પ્રવૃત્તિઓને વેગ આપવાનો પ્રયાસ કરશે તો તેમણે કેન્દ્રને વિરોધની ચેતવણી પણ આપી હતી. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૪,૦૯૬-કિલોમીટરની સરહદ છે, જેમાંથી મોટાભાગની નદીઓ સાથે અને ખુલ્લી છે. ઈન્ડિયા ટુડેની એક તપાસ દરમિયાન, ખુલાસો થયો કે કેવી રીતે આ વિશાળ વિસ્તારો ઘૂસણખોરી અને દાણચોરીની પ્રવૃત્તિઓ માટે સંવેદનશીલ છે. બેનરજી પર વળતો પ્રહાર કરતા કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે બંગાળ બાંગ્લાદેશી ઘૂસણખોરીની નર્સરી બની ગયું છે. જે કોઈ પણ પકડાઈ રહ્યું છે તે બાંગ્લાદેશી છે અને તેમના મોટા ભાગના સરનામા બંગાળના છે. મમતા દીદી આ બધું વોટ માટે કરી રહી છે અને બંગાળને બાંગ્લાદેશી મુસ્લિમો અને રોહિંગ્યાઓ માટે પ્રવેશદ્વાર બનાવી રહી છે. આ દરમિયાન બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારો થઈ રહ્યા છે અને આખું વિશ્વ તેનું સાક્ષી છે.

## BSF તરફ આંગળીચીંધીને મમતા બેનરજીનો સૌથી આકરો અને તીખો પ્રહાર : BSF મહિલાઓ પર અત્યાચારો કરે છે અને ગુંડાઓને બંગાળમાં ધકેલે છે

### મુખ્યમંત્રીએ આક્ષેપ કર્યો કે, સરહદ પર BSFની કામગીરીમાં અનેક ખામીઓ છે, કેન્દ્ર સરકારની બંગાળને અસ્થિર કરવાની આ મોટી રમત અને બ્લ્યુ પ્રિન્ટ

કોલકાતા : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ સીમા સુરક્ષા દળ પર ખૂબ જ ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા છે. તેમણે એવો દાવો કર્યો કે, સીમા સુરક્ષા દળના જવાનો મહિલાઓ પર અત્યાચારો કરે છે, ગેરવર્તન કરે છે ત્યારે કોઈ વિરોધ કેમ કરતું નથી ? તેમણે એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, BSF દ્વારા ગુંડાઓને સરહદના વિસ્તારોમાંથી બંગાળમાં ઘૂસાડવામાં આવે છે. સીમા પરના ઈસ્લામપુર, સીતાઈ અને ચોપરા વિસ્તારોમાંથી ગુંડાઓને બંગાળમાં મોકલવામાં આવે છે. બંગાળને અસ્થિર કરવાની આ કેન્દ્રીય યોજના છે. આવી રીતે ઘૂસી જતા લોકો ક્યાં જાય છે તે વિશે દરેક જિલ્લા મિનિસ્ટર જાણતા હોય છે.

CELEBRATING EXCELLENCE 34 years GT

## BSF ઘૂસણખોરોને ભારતમાં પ્રવેશવાની મંજૂરી આપે છે, કેન્દ્રનો વિચાર બંગાળને અસ્થિર કરવાનો છે : મમતાનો આક્ષેપ

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગુરૂવારે બોર્ડર સિક્યુરિટી ફોર્સ પર બાંગ્લાદેશથી ઘૂસણખોરોને ભારતમાં પ્રવેશવા દેવાનો આરોપ મૂક્યો હતો અને બીએસએફ પર રાજ્યને અસ્થિર કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. બેનરજીએ કહ્યું કે તેઓ બીએસએફના આ વલણ પાછળ 'કેન્દ્ર સરકારની બ્લુ પ્રિન્ટ' છે. અમને માહિતી મળી છે કે BSF ઘૂસણખોરોને ઈસ્લામપુર, સીતાઈ, ચોપરા અને અન્ય કેટલાક સરહદી વિસ્તારોમાંથી ભારતમાં પ્રવેશ આપે છે. BSF લોકો પર અત્યાચાર પણ કરી રહી છે અને રાજ્યને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. તેણીએ રાજ્ય સચિવાલય ખાતે વહીવટી સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું કે, આની પાછળ કેન્દ્ર સરકારની બ્લૂ પ્રિન્ટ છે. પરંતુ ગુંડાઓ ભારતમાં ઘૂસી રહ્યા છે. હું સરહદની બંને બાજુએ શાંતિ ઈચ્છું છું. પડોશી દેશ બાંગ્લાદેશ સાથે અમારા સારા સંબંધ છે. તેણીએ ડીજીપી રાજીવ કુમારને આ ઘૂસણખોરો ક્યાં રહે છે તે શોધવા માટે નિર્દેશ આપ્યો છે અને કહ્યું કે તે કેન્દ્રને સખત શબ્દોમાં પત્ર લખશે. તેણીએ કહ્યું કે, BSF આ માટે તૃણમૂલ કોંગ્રેસ સરકારને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કરી રહ્યું છે. હું DGPને પૂછીશ કે રાજ્યમાં પ્રવેશ્યા પછી આ ઘૂસણખોરો ક્યાં રહે છે તેની તપાસ કરવામાં આવે.

## માલ્દામાં મમતા બેનરજીના નજીકના સાથી અને TMCના કાઉન્સિલરની ગોળીઓ ધરબીને હત્યા, ભારે દુઃખ અને આઘાત વ્યક્ત કરતાં CM

કોલકાતા : માલ્દા જિલ્લામાં આજે સવારે મમતા બેનરજીના ગાઢ સાથીદાર અને TMCના કાઉન્સિલર દુલાલ સરકારની ગોળીઓ ધરબીને કરૂણ હત્યા કરવામાં આવી હતી તેમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યા મુજબ TMCના નેતા જલજહાલિયા મોરે વિસ્તારમાંથી જઈ રહ્યા ત્યારે બાઈક પર ધસી આવેલા હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. સાવ નજીક એમના માથામાં ગોળીઓ મારવામાં આવી હતી. એમને તુરત દવાખાને લઈ જવાયા પણ ડોક્ટરો બચાવી શક્યા નહતા. CM મમતાએ આ ઘટનાથી ભારે આઘાત વ્યક્ત કર્યો હતો.

## યુપીના મહારાજગંજમાં પત્રકારના મકાનનું ગેરકાયદે ડિમોલિશન કરવા બદલ પૂર્વ DM તથા પોલીસ કર્મીઓ સહિત ૨૬ વ્યક્તિઓ સામે કેસ દાખલ, FIR નોંધાઈ

(એજન્સી) મહારાજગંજ, તા.૨

ઉત્તરપ્રદેશના મહારાજગંજ શહેરમાં ૨૦૧૯ની સાલમાં આગોતરી નોટિસ આપ્યા વિના એક મકાનનુ ગેરકાયદેસર ડિમોલિશન કરવાના આરોપસર મહારાજગંજના પૂર્વ ડ્રિસ્ટિક્ટ મેજિસ્ટ્રેટ તથા સંખ્યાબંધ વહીવટી અને પોલીસ અધિકારીઓ સહિત ૨૬ લોકો સાથે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. શહેરના કોટવાલ્લી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં વહીવટી તંત્રના અધિકારીઓ તથા કર્મચારીઓ અને એન્જિનિયારો રોક તથા કોન્ટ્રાક્ટરો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે અને માત્ર નુકસાન પહોંચાડવાના ઈરાદે ખોટા દસ્તાવેજો ઊભા કરીને કાયદાનો ભંગ કરી જાણી જોઈને મકાન તોડી પાડવામાં આવ્યું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા ગયા નવેમ્બર મહિનામાં જ ૨૦૧૯માં યુપીમાં કરવામાં આવેલા ગેરકાયદે ડીમોલિશન બદલ યુપી સરકારની સખત ટીકા કરવામાં આવી હતી. એટલું જ નહીં સુપ્રીમ દ્વારા રસ્તા પહોળા કરવા હોય કે ગેરકાયદે દબાવો હટાવવા હોય ત્યારે યોગ્ય કાયદેસરથી પ્રક્રિયાઓને અનુસરવા માટે





તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એ સમયે આદેશ આપ્યો હતો. ૨૦૧૯માં મહારાજગંજ શહેરમાં એક વ્યક્તિનું મકાન રસ્તો પહોળો કરવા માટે ૨૦૧૯માં તોડી પાડવામાં આવ્યું હતું. એ વ્યક્તિને રૂપિયા ૨૫ લાખનું વળતર ચૂકવવાનો પણ જે તે સમયે ચીફ જસ્ટિસ અને જસ્ટિસ પારડીવાલાએ તથા જસ્ટિસ મનોજ મિશ્રાએ યુપી સરકારને આદેશ આપ્યો હતો. સુપ્રીમના આદેશથી કાર્યવાહી કરવામાં આવી છે અને એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને આગળ શું કાર્યવાહી થઈ અને ચુકાદો શું અપાયો તેની એક મહિનામાં જાણ કરવા માટે સરકારને આદેશ આપવામાં આવ્યો છે. એફઆઈઆર દાખલ થયા પછી હવે વધુ તપાસ રાજ્યની સીબી તથા સીઆઈડી દ્વારા આગળ ચલાવવામાં આવશે તે પોલીસ અધિકારીઓએ જાહેર કયું હતું.

મહારાજગંજના જે તે સમયના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અમરનાથ ઉપાધ્યાય, અધિક ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ કુંજબિહારી અગ્રવાલ જે તે સમયના મ્યુનિસિપલ અધિકારી રાજેશ જયસ્વાલ, જાહેર બાંધકામ વિભાગના અધિકારીઓ એમ અગ્રવાલ, અશોક કનોજિયા તથા નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારી દિગ્વિજય મિશ્રા વગેરે અધિકારીઓ અને કર્મચારીઓ સામે એફઆઈઆર દાખલ થઈ છે.

## ગૃહ મંત્રાલયે સુપ્રીમ કોર્ટના ચુકાદાનું પાલન કરતા જાતિ આધારિત ભેદભાવને સમાપ્ત કરવા માટે જેલ મેન્યુઅલ નિયમોમાં સુધારો કર્યો

### રાજ્યોમાં ભેદભાવપૂર્ણ જેલ મેન્યુઅલ જોગવાઈઓ અંગે ધ વાયરની સુકન્યા શાંતા દ્વારા દાખલ કરાયેલ પીઆઈએલ પર સુપ્રીમ કોર્ટના આદેશને પગલે આ સુધારો કરવામાં આવ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાતિના આધારે જેલના કેદીઓ સાથે ભેદભાવ, વર્ગીકરણ અને અલગતાને ચકાસવા માટે જેલ મેન્યુઅલ નિયમોમાં સુધારો કર્યો છે. ૩૦ ડિસેમ્બરના રોજ જારી કરાયેલા એક સંદેશમાં, ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, તેની કડક ખાતરી કરવામાં આવશે કે કેદીઓની જાતિના આધારે કોઈ ભેદભાવ/વર્ગીકરણ/વિભાજન ન કરવામાં આવે. આ પત્રમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે જેલના કેદીઓને તેમની જાતિના આધારે કોઈપણ ફરજ/કામની ફાળવણીમાં કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. આ સુધારો ૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ કેદીઓ સાથે જાતિ આધારિત ભેદભાવ અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી કરવામાં આવ્યો છે. અદાલતે ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને કેરળ જેવા રાજ્યોમાં જેલ મેન્યુઅલની જોગવાઈઓ અંગે ધ વાયરના પત્રકાર સુકન્યા શાંતા દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL)ની સુનાવણી કરી હતી જે જાતિની અસમાનતાને કાયદેસર બનાવે છે. વરિષ્ઠ વકીલ એસ મુરલીધર, એડવોકેટ દિશાવાડેકર અને એસ પ્રસન્ના સહિતના વકીલો દ્વારા આ કેસ લડવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જાહેર કર્યું કે જેલ મેન્યુઅલમાં આવી જાતિ આધારિત જોગવાઈઓ ગેરબંધારણીય છે, અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની જેલ મેન્યુઅલમાં સુધારો કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ ફેરફારો મોડલ જેલ અને સુધારાત્મક સેવાઓ અધિનિયમ, ૨૦૨૩ના 'વિવિધ' શીર્ષકવાળા પ્રકરણમાં કલમ ૫૫(A) તરીકે 'જેલ અને સુધારાત્મક સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવ પર પ્રતિબંધ' શીર્ષક હેઠળ કરવામાં આવ્યા છે. આ પત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 'મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર પર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમ, ૨૦૧૩'ની જોગવાઈઓ જેલ અને સુધારાત્મક સંસ્થાઓમાં પણ બંધનકર્તા અસર કરશે. જેલની અંદર ગટર અથવા સેપ્ટિક ટાંકીની મેન્યુઅલ સફાઈ અથવા જોખમી સફાઈની પરવાનગી આપવામાં આવશે નહીં. આ કાયદા હેઠળ મેન્યુઅલ સ્કેવેન્જિંગ પ્રતિબંધિત હોવા છતાં, આ પ્રથા, આજે પણ જોવા મળે છે, અને તે ભારતની જેલોમાં પ્રચલિત છે. મોડલ જેલ મેન્યુઅલ, ૨૦૧૬ અને સુધારાત્મક સેવાઓ અધિનિયમ, ૨૦૨૩ મોડલ જેલમાં સુધારા માટે ગૃહ મંત્રાલયનો પત્ર મંત્રાલયે રીઢા અપરાધીઓને કેઝ્યુઅલ કેદીઓથી અલગ કરવાના કોર્ટના આદેશને પગલે મેન્યુઅલમાં રીઢા અપરાધીઓની વ્યાખ્યામાં સુધારો કર્યો છે. નવી વ્યાખ્યા મુજબ, હેબિચ્યુઅલ અપરાધીનો અર્થ એ છે કે જે વ્યક્તિ પાંચ વર્ષના સતત સમયગાળા દરમિયાન, જુદા જુદા પ્રસંગોએ કરવામાં આવેલા કોઈપણ એક અથવા વધુ અપરાધોને કારણે બે કરતાં વધુ વખત દોષિત અને કેદની સજા ફટકારવામાં આવી હોય. સુપ્રિમ કોર્ટનો આ કદાચ પહેલો ચુકાદો છે જે ભારતમાં અપ્રમાણિત અને વિચરતી સમુદાયોના અપરાધીકરણને સંબોધિત કરે છે. 'હેબિચ્યુઅલ ઓફેન્ડર' (રીઢા ગુનેગારો) શબ્દમાં પૂર્વગ્રહ છે અને તેનો વારંવાર અપ્રચલિત અને વિચરતી જાતિઓનું વર્ણન કરવા માટે વાપરવામાં આવે છે.



# શિવ મંદિરના વિવાદ વચ્ચે પીએમ મોદીએ અજમેર ખ્વાજા સાહેબની દરગાહ શરીફ માટે પવિત્ર ચાદર મોકલાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

હિન્દુસ્તાનના મહાન સુફી સંત અને આજીવન કોમી એક્તા તથા ભાઈચારાનો સંદેશો આપનાર ખ્વાજા સાહેબની અજમેર ખાતે આવેલી દરગાહ શરીફ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મઝાર પર ચઢાવવા માટેની પવિત્ર ચાદર આજે રવાના કરી હતી. વડાપ્રધાને લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજીજુને આજે આ ચાદર આપી હતી. હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી સાહેબના ઉર્સનો પ્રારંભ થયો છે ત્યારે વડાપ્રધાને દર વર્ષની પરંપરાની જેમ ચાદર મોકલી છે. કિરણ રિજીજુ અજમેર પહોંચીને મોદી તરફથી ચાદર ચઢાવશે. મોદી વડાપ્રધાન બન્યા ત્યારે તેઓ ૧૦ વખત દરગાહ માટે ચાદર મોકલી ચૂક્યા છે. ખ્વાજા સાહેબના ૮૧૩મો ઉર્સ શરીફ અજમેરમાં શરૂ થઈ ગયો છે. એટલે વડાપ્રધાન તરફથી ૧૧મી વખત ચાદર મોકલવામાં આવી રહી છે. ગયા વર્ષે વડાપ્રધાને ચાદર ચઢાવવા માટે સ્મૃતિ ઈરાનીને મોકલ્યા હતા. મઝાર પર ચાદરની અર્પણવિધિ એ ખ્વાજા સાહેબ પ્રતિ આસ્થા અને સન્માનનું પ્રતીક છે. એટલે આસ્થાળુ ઝાઈરીન આ મહાન સંતની દરગાહ પર ચાદર ચઢાવી પોતાની માનતાઓ પુરી કરે છે. દર વર્ષે અહીં ઉર્સમાં દેશ વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુ ઉમટી પડે છે અને મઝારના દિદાર કરીને અભિભૂત થાય છે.

# મુરાદાબાદમાં મુસ્લિમ યુવાનનું મોબ લિંચિંગ કરનારાઓને હજુ યુપી પોલીસ પકડી શકી નથી, ગૌહત્યાના આરોપસર મૃતકના જ એક સાથીદારની ધરપકડ કરાઈ

**પરિવારજનો કહે છે કે, ટોળાના હાથે માર્યા ગયેલા મોહમ્મદ શાહીદીન કુરેશીને ડાયાબિટીસની સમસ્યા હતી અને કિડનીની તકલીફ હતી એટલે કોઈ કામ કરતા નહોતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

મુરાદાબાદમાં ગૌહત્યાની શંકાથી હિંસક ટોળાએ જેમનું મોબ લિંચિંગ કરી નાખ્યું હતું એવા ૩૭ વર્ષના મોહમ્મદ શાહીદીન કુરેશીના એક સાથીદારની યુપી પોલીસે ગૌહત્યાના આરોપસર ધરપકડ કરી હતી. જ્યારે કુરેશીના હત્યારા હજુ પકડાયા નથી. કુરેશીના લિંચિંગ માટે જવાબદાર અજાણ્યા શખ્સો સામે FIR નોંધવામાં આવી છે પણ પોલીસ હજુ કોઈને શોધી શકી નથી. મઝહોલાના એક પોલીસ અધિકારી જણાવે છે કે, અમે ગૌહત્યા બદલ કુરેશી અને મોહમ્મદ અદનાન સામે ગુનાની સામેથી નોંધ લઈને FIR દાખલ કરી છે. જ્યારે કુરેશીના ભાઈ મોહમ્મદ શહેઝાદની ફરિયાદના આધારે અજાણ્યા લોકો સામે ૧૦૩ કલમ મુજબ ફરિયાદ દાખલ કરાઈ છે. જો કે અમને હજુ સુધી કોઈની ધરપકડ કરી નથી એવું અધિક એસ.પી. રણવિજય સિંઘે જણાવ્યું હતું. કુરેશીના પરિવારજનો કહે છે કે, એમને ડાયાબિટીસની તકલીફ હતી અને કિડનીની પણ તકલીફ હતી. પરિવારમાં બે કિશોર વયના સંતાનો છે. મૃતકના ભાભી માસુમા જમાલ કહે છે કે એમની ઉંમર મરવાની નહોતી શું માનવ જીવન આટલું સસ્તું થઈ ગયું છે. જો કદાચ એમણે કોઈ જાનવર માર્યું હોય તો પણ પોલીસને કહેવું જોઈએ. એમને જેલમાં પણ મોકલી શકાયા હોત પણ લોકોએ એમને એટલા માર્યા કે, એમનું મોત થઈ ગયું હતું. આવું શું કામ?

# ‘મારૂં જીવન પણ બરબાદ થઈ ગયું છે... તમાશો બની જશે’ દિલ્હી કેફેના માલિક અને તેની પત્ની વચ્ચેની ઉગ્ર દલીલના સીસીટીવી ફૂટેજ આપઘાતની ઘટના બાદ ઓનલાઈન સામે આવ્યા

(એજન્સી) તા.૨

પુનીત ખુરાનાના આત્મહત્યા કેસમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. હાલમાં જ એક સીસીટીવી ફૂટેજ સામે આવ્યો છે, જેમાં પુનીત અને તેની પત્ની મનિકા પાહવા વચ્ચે જોરદાર દલીલ થઈ રહી છે. આ વીડિયોમાં મનિકા પુનીત પર બૂમો પાડતી અને તેની સાથે દુર્વ્યવહાર કરતી જોવા મળી રહી છે. આ ફૂટેજની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે.

સીસીટીવી વીડિયોમાં મનિકા પુનીતને કહે છે, ‘અહીં ચુપચાપ રહે, હું તને કહીશ કે શું કરવું.’ તમે જે અતિશય આત્મવિશ્વાસ સાથે અહીં બેઠા છો તે તમને એક દિવસ રડાવી દેશે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે બંને વચ્ચેના સંબંધોમાં તણાવ હતો અને મનિકાએ પુનીતને માનસિક રીતે હેરાન કરી હતી.

દિલ્હીના વુડબોક્સ કેફેના માલિક પુનીત ખુરાનાનો વધુ એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તે અને તેના સસરા સાથે પકડાયા હતા. ૨ કરોડ રૂપિયાની લેવડદેવડની વાત છે, વીડિયોમાં સસરા જગદીશ પાહવા કહી રહ્યા છે કે તેઓ મકાનના બદલામાં બે કરોડ આપશે. જો કે, બાદમાં તેણે પીછેહઠ કરી હતી અને કહ્યું હતું કે તે હવે પૈસા આપી શકશે નહીં કારણ કે તેની પાસે ફંડ નથી.

૩૧ ડિસેમ્બરની સાંજે દિલ્હી વિસ્તારના કલ્યાણ વિહારમાં રહેતા પુનીત ખુરાનાએ પત્ની સાથે ફોન પર વાત કર્યા બાદ પોતાના ઘરમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના પરિવાર અને મિત્રો માટે ખૂબ જ દુઃખદ હતી. પોલીસ કેસની તપાસ કરી રહી છે, અને પરિવાર આઘાતમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

પુનીતની માતાએ શોક વ્યક્ત કર્યો અને આરોપ લગાવ્યો કે તેની પુત્રવધૂએ પુનીતને પૈસાની લેવડ-દેવડને લઈને ખૂબ પરેશાન કર્યા હતા. તેણે કહ્યું, મારા પુત્રને પૈસા માટે ત્રાસ આપવામાં આવ્યો હતો. તે એક સાદો માણસ હતો અને તેને આખી રાત ખૂબ હેરાન કરવામાં આવતો હતો. પરિવારના જણાવ્યા અનુસાર પુનીતને ઘણા માનસિક દબાણનો સામનો કરવો પડ્યો હતો.

# પતિએ જૂની માનસિકતા છોડી દેવી જોઈએ, પત્નીનું શરીર, ગોપનીયતા અને અધિકાર તેણીના પોતાના છે એ સમજવું જોઈએ : અલ્હાબાદ હાઈકોર્ટ

**કોર્ટ એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કાર્યવાહી કરી રહી હતી, જેના પર તેની પત્નીની જાણ અને સંમતિ વિના ગુપ્ત રીતે ઘનિષ્ઠ કૃત્યોનો વીડિયો રેકોર્ડ કરવાનો આરોપ છે**

(એજન્સી) તા.૨

અલ્હાબાદ હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે, પતિઓ માટે વિક્ટોરિયન યુગની જૂની માનસિકતાને છોડી દેવાનો સમય આવી ગયો છે અને પત્નીનું શરીર, ગોપનીયતા અને અધિકારો તેના પોતાના છે અને તે તેના પતિના નિયંત્રણ અથવા માલિકીને આધીન નથી તે સમજવાનો સમય આવી ગયો છે. જસ્ટિસ વિનોદ દિવાકરની બેન્ચે નોંધ્યું હતું કે, પત્ની તેના પતિનું વિસ્તરણ નથી પરંતુ તેના પોતાના અધિકારો અને એજન્સી ધરાવતી વ્યક્તિ છે. તેણીની શારીરિક સ્વાયત્તતા અને ગોપનીયતાનો આદર કરવો એ માત્ર કાનૂની જવાબદારી જ નથી પરંતુ સાચા સમાન સંબંધને ઉત્તેજન આપવા માટે પતિની નૈતિક ફરજ પણ છે. કોર્ટ એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કાર્યવાહી કરી રહી હતી, જેના પર તેની પત્નીની જાણ અને સંમતિ વિના ગુપ્ત રીતે ઘનિષ્ઠ કૃત્યોનો વીડિયો રેકોર્ડ કરવાનો અને ત્યારબાદ તેને ફેસબુક પર અપલોડ કરવાનો અને પછી પત્નીના પિતરાઈ ભાઈ સાથે શેર કરવાનો આરોપ છે. પતિએ ચાર્જશીટને પડકારતી અરજી હાઈકોર્ટમાં દાખલ કરી અને આદેશ અને અન્ય બાબતોની સાથે સાથે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ 67B હેઠળના કેસની સમગ્ર ફોજદારી કાર્યવાહીને રદ કરવા એવી દલીલ કરી કે ફરિયાદીનો કાયદેસર રીતે પરિણીત પતિ હોવાને કારણે ITની કલમ 67B હેઠળ કોઈ ગુનો નથી.

# CAT ૨૦૨૪ પરિણામ આન્સર કીમાં ભૂલને કારણે પડકારવામાં આવ્યું; દિલ્હી હાઈકોર્ટ ૩ જાન્યુઆરીએ આ કેસની સુનાવણી કરશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

CAT આન્સર કીમાં વિસંગતતાના કારણે કોમન એડમિશન ટેસ્ટ (CAT) ૨૦૨૪ના પરિણામો સામે એક અરજી દાખલ કરવામાં આવી છે. બાર અને બેન્ચના જણાવ્યા અનુસાર, આદિત્ય કુમાર મલિક નામના ઉમેદવારે IIM CAT ૨૦૨૪ના પરિણામો સામે પડકાર ફાઈલ કર્યો છે, જેમાં વર્બલ એબિલિટી એન્ડ રીડિંગ કોમ્પ્રિહેન્સન (VARC) વિભાગમાં વિસંગતતાઓનો આક્ષેપ કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે ૨૪ અને ૩૧ ડિસેમ્બરે આ મામલો ઉઠાવ્યો હતો, જેમાં શિક્ષણ મંત્રાલય અને CAT ૨૦૨૪ કન્વીનર, IIM કોલકાતા પાસેથી જવાબ માંગ્યો હતો. આ કેસની આગામી સુનાવણી ૩ જાન્યુઆરી એ થવાની છે. ૨૪ નવેમ્બરે લેવામાં આવેલી CAT ૨૦૨૪ પરીક્ષાના કોમ્પ્રિહેંશન વિભાગમાં પ્રશ્નમાં વિસંગતતા અંગે મલિકે ચિંતા વ્યક્ત કરી હતી. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે આ પ્રશ્ને CAT ૨૦૨૪ની આન્સર કીમાં પ્રશ્નને પડકાર્યો હતો જો કે IIM કોલકાતાએ અંતિમ જવાબ બહાર પાડ્યો હતો. તેની સૂચનામાં ટાંકીને કે કામચલાઉ જવાબ કીમાં કોઈ ફેરફારની જરૂર નથી. અહેવાલ મુજબ, VARC વિભાગને ૨૭૨ ફરિયાદો મળી હતી અને કેટલાક ઉમેદવારો અને MBA ફેકલ્ટી સભ્યોએ કીની ચોકસાઈને પડકારવા માટે વિગતવાર દસ્તાવેજો પ્રદાન કર્યા હતા. MBA ઉમેદવારે દાવો કર્યો હતો કે, CAT ૨૦૨૪ પરિણામો, જે જાન્યુઆરી ૨૦૨૫ના બીજા સપ્તાહમાં અપેક્ષિત હતા, તે આન્સર કી સામે ઊભા થયેલા પડકારો અંગે પરીક્ષા સત્તાવાળાઓ તરફથી કોઈ પ્રતિસાદ આપ્યા વિના ૧૯ ડિસેમ્બરે અચાનક જાહેર કરવામાં આવ્યા હતા. અરજદારે CAT ૨૦૨૪ના પરિણામોને રદ કરવાની અને સાચો જવાબ શોધવા માટે એક સમિતિની નિમણૂંક કરવાની માંગણી કરી હતી. આશરે ૨.૯૩ લાખ ઉમેદવારોએ CAT ૨૦૨૪ પરીક્ષા આપી હતી, જે ત્રણ શિફ્ટમાં યોજાઈ હતીઃ સ્લોટ ૧ સવારે ૮:૩૦થી ૧૦:૩૦ સુધી સ્લોટ ૨ બપોરે ૧૨:૩૦થી ૨:૩૦ સુધી અને સ્લોટ ૩ ૪:૩૦થી ૬:૩૦ વાગ્યા સુધી. CAT ૨૦૨૪ પ્રશ્નપત્રમાં ત્રણ વિભાગો હતાઃ વર્બલ એબિલિટી એન્ડ રીડિંગ કોમ્પ્રીહેન્સન (VARC), ડેટા ઈન્ટરપ્રિટેશન એન્ડ લોજિકલ

# ડલ્લેવાલના ઉપવાસને સમાપ્ત કરવાનો આદેશ આપ્યો ન હતો ઉચ્ચ અદાલતે ખોટી ધારણા માટે પંજાબ સરકારની ટીકા કરી

**સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે, રાજ્ય જાણીજોઈને એવી ધારણા ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે કે, બેન્ચ ડલ્લેવાલને ઉપવાસ તોડવા માટે સમજાવી રહી છે, ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલ કેન્દ્ર પાસેથી પાક માટે MSPની માંગ સાથે ૩૪ દિવસથી આમરણાંત ઉપવાસ પર છે**

(એજન્સી) તા.૨

ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલ ૨૬ નવેમ્બરથી અનિશ્ચિત સમયની ભૂખ હડતાળ પર છે અને તેઓને હોસ્પિટલમાં લઈ જવા માટે પૂરતા પ્રયાસો ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે ગુરૂવારે પંજાબ સરકારની ઝાટકણી કાઢી હતી અને સરકારે એવી ખોટી ધારણા ઊભી કરી હતી કે, કોર્ટ ડલ્લેવાલને તેમના અનિશ્ચિત ઉપવાસ તોડવા માટે પ્રયાસ કરી રહી છે.

જસ્ટિસ સૂર્યકાન્ત અને ઉજ્જલ ભૂયાનની બે જજની બેન્ચે પંજાબ સરકાર પર ગુસ્સે થઈ અને કહ્યું હતું કે, સમગ્ર મીડિયામાં જાણીજોઈને એવો પ્રયાસ થઈ રહ્યો હોય તેવું લાગે છે, જ્યાં તમારા રાજ્ય સરકારના અધિકારીઓ એવી છાપ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે, પંજાબ સરકાર દ્વારા ડલ્લેવાલને ઉપવાસ તોડવા માટે સમજાવવામાં આવી રહ્યા છે. તેના વલણને વધુ સ્પષ્ટ કરતાં કોર્ટે કહ્યું કે, તેણે પંજાબ સરકારને ક્યારેય ડલ્લેવાલના ઉપવાસ તોડવાનો નિર્દેશ આપ્યો નથી.

કોર્ટે કહ્યું કે, તેણે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે, તે ડલ્લેવાલને હોસ્પિટલમાં સ્થાળાંતરિત કરે જ્યાં તે તબીબી સુવિધાઓની સાથે તેમનો વિરોધ ચાલુ રાખી શકે જેથી કરીને તેમના જીવનને કોઈ નુકસાન ન થાય. તે અમારી એકમાત્ર ચિંતા છે. એક ખેડૂત નેતા તરીકે તેમનું જીવન અમૂલ્ય છે. તેઓ કોઈ રાજકીય વિચારધારા સાથે જોડાયેલા નથી અને તેઓ માત્ર ખેડૂતોના હેતુ માટે લડત આપી રહ્યા છે.

પંજાબ સરકારના કાયદાકીય સલાહકારને ઠપકો આપતા સુપ્રીમ કોર્ટે નિર્દેશ કર્યો કે, રાજ્યએ ક્યારેય ડલ્લેવાલ અથવા તેના સહાયકો સુધી પહોંચવાનો કોઈ પ્રયાસ કર્યો નથી. જસ્ટિસ સૂર્યકાન્તે પંજાબના એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંઘને કહ્યું કે, તમારા અધિકારીઓ કે તમારા મંત્રીઓ એક પણ વખત ત્યાં ગયા નથી, તમારૂં વલણ એ છે કે, સમાધાન ન થવું જોઈએ. આ જ સમસ્યા છે.

વધુ સુનાવણી ૬ જાન્યુઆરી સુધી મુલતવી રાખતા કોર્ટે પંજાબ સરકારને કમ્પ્લેયન્સ રિપોર્ટ ફાઈલ કરવા જણાવ્યું હતું, જેમાં ડલ્લેવાલને હોસ્પિટલની સુવિધામાં શિફ્ટ કરવા માટે મનાવવા માટે તેમના દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની વિગતો આપવામાં આવશે. ખંડપીઠે પંજાબ સરકારને નિર્દેશ આપ્યો હતો કે, કોર્ટ ઈચ્છે છે કે, ડલ્લેવાલ તેમના ઉપવાસ ચાલુ રાખે પરંતુ તબીબી સહાય હેઠળ. છેલ્લી સુનાવણીમાં પંજાબ સરકારે કહ્યું હતું કે, ડલ્લેવાલ માત્ર ત્યારે જ તબીબી સહાય મેળવવા માટે ઈચ્છુક છે જો કેન્દ્ર તેમની સાથે વાત કરવા તૈયાર હોય.

ડલ્લેવાલ માટે તબીબી સહાય સુનિશ્ચિત કરવાના કોર્ટના આદેશનું પાલન ન કરવા બદલ ટોચની અદાલત પંજાબના ટોચના અધિકારીઓ એટલે કે મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશક વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી તિરસ્કારની અરજીની સુનાવણી કરી રહી હતી. સુનાવણી દરમિયાન બેન્ચે ડલ્લેવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી નવી અરજી પર પણ સુનાવણી કરી, જેમાં ચાલી રહેલા ખેડૂતોના વિરોધને લગતા વ્યાપક મુદ્દાઓ ઊઠાવીને કોર્ટના હસ્તક્ષેપ માટે કહેવામાં આવ્યું છે. બેન્ચે નિર્દેશ આપ્યો કે ડલ્લેવાલની અરજીની નકલ કેન્દ્ર સરકારને આપવામાં આવે. કોર્ટે કેન્દ્ર સરકારને આ સમગ્ર મુદ્દે નિવેદન બહાર પાડવા માટે પણ કહ્યું હતું અને પૂછ્યું હતું કે, કેન્દ્ર શા માટે નિવેદન આપી રહ્યું નથી. આ પ્રશ્નના જવાબમાં તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, અત્યારે અમે એક વ્યક્તિ (જગજીત સિંહ ડલ્લેવાલ)ના સ્વાસ્થ્ય સુધી મર્યાદિત છીએ અને કેન્દ્ર સરકાર દરેક ખેડૂતની ચિંતા કરે છે.

# મહિલાઓના મંગળસૂત્ર ‘ચોરવા’ માટે મોદી સરકાર જવાબદાર : જયરામ રમેશ

**કોંગ્રેસના મહામંત્રીએ કહ્યું કે, ગોલ્ડ લોનની ૩૦ ટકા રકમ લોકો પરત ભરપાઈ કરી રહ્યા નથી અને મહિલાઓ એમના પવિત્ર મંગળસૂત્ર સહિત એમના સોનાના દાગીના ગુમાવી રહી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે આજે એવો આક્ષેપ કર્યો હતો કે, દેશમાં સોના પર અપાતા ધિરાણમાંથી ૩૦ ટકા જેટલું ધિરાણ પાછું આવી રહ્યું નથી અને લોકો લોન ભરપાઈ કરી રહ્યા નથી એના કારણે અને મોદી સરકારની નીતિઓ તથા બદલાયેલી પ્રાથમિક્તાઓ અને ખુશામતખોરી નીતિને કારણે મહિલાઓ મંગળસૂત્ર ગુમાવી રહી છે અને મોદી સરકાર જ મંગળસૂત્રની ‘ચોરી’ માટે જવાબદાર છે.

જયરામ રમેશે કહ્યું હતું કે, કુલ ગોલ્ડ લોન પૈકીની ૩૦ ટકા લોન ભરપાઈ થઈ રહી નથી જેના કારણે મહિલાઓ મંગળસૂત્ર સહિત એમનું કિંમતી સોનું ગુમાવી રહી છે. તેમણે દાવો કર્યો હતો કે, સરકારની મીલીભગત, અનિયમિત નીતિઓ અને વેરવિખેર પ્રાથમિક્તાઓને કારણે મહિલાઓ સોનું ગુમાવી રહી છે. એટલે ભારતીય ઈતિહાસની આ પહેલી સરકાર છે જે મહિલાઓના મંગળસુત્રો પણ ચોરી રહી છે.

એક સમયે આપણા નોન-બાયોલોજિકલ પીએમ લોકોને ગભરાવતા હતા કે તમારા મંગળસૂત્રો ચોરાઈ જશે. હવે ગોલ્ડ લોનમાં જ છેતરપિંડીઓ થઈ રહી છે. અત્યારસુધીમાં ભારતીય પરિવારોએ ગોલ્ડ પર ત્રણ લાખ કરોડની લોન લીધી છે. જે હજી ભરપાઈ કરવાની બાકી છે. સતત વધતા જતા કરજના બોજ અને આર્થિક વિકાસની ધીમી ગતિને કારણે લોકો લોન ભરપાઈ કરી શકતા નથી અને તેનો NPA વધીને ૩૦ ટકા એટલે કે, રૂા.૬૬૯૬ કરોડ થઈ ગયો છે અને આતો માત્ર કાયદેસરના સેક્ટરની વાત છે પણ શરશાહુકારો પાસેથી કેટલી લોન લેવાય છે તેનો તો કોઈ આંકડો મળે તેમ નથી. કોઈ પરિવાર લોન પાછી ન આપે તો એમની મહિલાના મંગળસૂત્રનું ઝવેરાત છીનવાઈ જતું હોય છે.

# બેંગ્લુરૂમાં બાઈક શોરૂમમાં ભીષણ આગમાં ૫૦ ટુ-વ્હીલર બળીને ખાખ થઈ ગયા

(એજન્સી) તા.૨

કર્ણાટકના બેંગ્લુરૂમાં મહાદેવપુરા પાસે એક બાઈક શોરૂમમાં ભીષણ આગ લાગી હતી. જેના કારણે ઓછામાં ઓછા ૫૦ ટુ-વ્હીલર બળીને રાખ થઈ ગયા હતા. પોલીસે ગુરૂવારે આ માહિતી આપી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ દુર્ઘટના ગઈકાલે રાત્રે કથિત રીતે ઈલેક્ટ્રીકલ શોર્ટ સર્કિટના કારણે થઈ હતી. ઘટના અંગેની માહિતી ફાયર વિભાગને આપવામાં આવી હતી. જે બાદ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે શોરૂમ બંધ હતો અને સ્થાનિક રહેવાસીઓએ બિલ્ડિંગમાંથી ગાઢ ધુમાડો નીકળતો જોયો.

આપણે જણાવી દઈએ કે નવેમ્બર ૨૦૨૪માં નવરંગ બાર જંક્શન પાસે બેંગ્લુરૂમાં ડૉ.રાજકુમાર રોડ પર EV ઈલેક્ટ્રિક બાઈકના શોરૂમમાં લાગેલી ભીષણ આગમાં એક ૨૦ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું હતું અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થઈ હતી. અહેવાલો અનુસાર પીડિત પ્રિયા, જે MY EV સ્ટોરમાં એકાઉન્ટન્ટ હતી અને રામચંદ્રપુરાની રહેવાસી હતી, આગની દુર્ઘટનામાં દુઃખદ રીતે મૃત્યુ પામી હતી. પ્રિયા ૨૦ નવેમ્બરે તેનો ૨૧મો જન્મદિવસ ઉજવવાની હતી.

# જમ્મુ કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા ઓમરની માગણી, એમને આશા છે કે, કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો કામાચલાઉ જ છે

**મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે કહ્યું કે, રાજ્યની પ્રજાની લાગણીઓને માન આપવું જોઈએ**

(એજન્સી) શ્રીનગર, તા.૨

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે આશા દર્શાવી છે કે, જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો કામચલાઉ છે અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનું વચન કેન્દ્ર સરકાર પાળી બતાવશે.

તેમણે કહ્યું હતું કે, અમારી સરકાર બની તેને બે મહિના થઈ ગયા છે. કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર કઈ રીતે કામ કરે એ સમજવામાં અમને થોડો સમય લાગ્યો છે. સંપૂર્ણ રાજ્ય સરકાર હોય અને કેન્દ્રશાસીત સરકાર હોય એ બંને વચ્ચે મોટો તફાવત હોય છે. જો કે અમને કોઈ તકલીફ પડી નથી. અમે ચૂંટણીમાં આપેલા વચનોનું પણ પાલન કરવાનું શરૂ કર્યું છે. તેમણે કાશ્મીરનો રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માગણી કરી હતી અને કહ્યું હતું કે, અમે ચૂંટણીમાં આ વચન આપ્યું હતું એટલે લોકો અમારા સૌથી મોટા વચનના પાલનની રાહ જોઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટ પણ કહી ચુકી છે કે, શક્ય તેટલી જલદી કાશ્મીરને રાજ્યનો દરજ્જો ફરી આપી દેવો જોઈએ. એક વર્ષ થઈ ગયું છે એટલે કાશ્મીરની પ્રજાની લાગણીઓ અને અપેક્ષાઓને માન આપવું જોઈએ.

# બિહારના કિશનગંજમાં ખાનગી શાળાઓમાં ઉર્દૂ ભાષા શીખવવાના નિર્દેશથી વિવાદ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

બિહારના કિશનગંજમાં જિલ્લા શિક્ષણ કાર્યાલયે જિલ્લાની મુસ્લિમ બહુમતી વસ્તીને ટાંકીને CBSE સાથે નોંધાયેલ ખાનગી શાળાઓને એક વિષય તરીકે ઉર્દૂ ભાષાનું શિક્ષણ પ્રદાન કરવાની આવશ્યકતા દર્શાવતો નિર્દેશ જારી કર્યો છે. આ પગલા માટે ખાનગી શાળા સંચાલકો અને રાજકીય વ્યક્તિઓ તરફથી નોંધપાત્ર પ્રતિક્રિયા આપવામાં આવી રહી છે, જેના કારણે શિક્ષણમાં પ્રાદેશિક ભાષાઓની ભૂમિકા પર ઉગ્ર ચર્ચા શરૂ થઈ છે.

જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) નાસિર હુસૈને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિની બેઠકમાં ચર્ચા કર્યા બાદ આદેશ જારી કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય ઈઝહર હુસૈન અને સાંસદ ડૉ.જાવેદ આઝાદે કિશનગંજની ખાનગી શાળાઓમાં ઉર્દૂ શિક્ષણ ન હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને એવી દલીલ કરી કે જિલ્લાની મુસ્લિમ વસ્તી વિષયક શાળાના અભ્યાસક્રમમાં ભાષાના સમાવેશની ખાતરી આપે છે. નાસિર હુસૈને આ પહેલના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, CBSE બોર્ડ સાથે નોંધાયેલ જિલ્લાની તમામ ખાનગી શાળાઓએ વિદ્યાર્થીઓને ઉર્દૂ શીખવવા માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જોઈએ અને બિહાર શિક્ષણ પ્રોજેક્ટ ઓફિસને તેના માટે અનુપાલન અહેવાલ પ્રદાન કરવો જોઈએ.

ખાનગી શાળાના સંચાલકોએ આ નિર્દેશની ટીકા કરી છે, જેમાં કેટલાક લોજિસ્ટિકલ પડકારો છે અને અન્યોએ આવા આદેશની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો છે. બાલ મંદિર વિદ્યાલયના સચિવ ત્રિલોક ચંદ જૈને જણાવ્યું કે, માત્ર બે કે ચાર બાળકોને ઉર્દૂ શીખવવા માટે અલગ વ્યવસ્થા કરવી શક્ય નથી. જો ઉર્દૂ શિક્ષણની માંગ છે, તો આ હેતુ માટે એક અલગ શાળા ખોલવી જોઈએ. આ કોઈ સરકારી નિર્દેશ નથી.

આ આદેશની સીબીએસઈ માર્ગદર્શિકા સાથે સંરેખિત ન હોવા બદલ ટીકા પણ થઈ રહી છે. બીજેપી કિશનગંજ જિલ્લા પ્રમુખ સુશાંતગોપે દલીલ કરી કે, શાળાઓમાં શિક્ષણ CBSE દ્વારા નિર્ધારિત સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ. જો CBSE સંલગ્ન શાળાઓ પર ઉર્દૂ થોપવાનો પ્રયાસ થશે તો ભાજપ તેનો સખત વિરોધ કરશે. વાસ્તવમાં, જો આ માટે દબાણ કરવામાં આવશે, તો અમે શાળાની પ્રાર્થનામાં ગાયત્રી મંત્રનો સમાવેશ કરવાની માંગ કરીશું.

આ વિવાદે શિક્ષણમાં ભાષા અને ધાર્મિક ઓળખની ભૂમિકા વિશે વ્યાપક ચર્ચાને વેગ આપ્યો છે. કેટલાક લોકો આ પગલાને સમાવેશીતા અને ભાષાકીય વિવિધતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસ તરીકે જુએ છે, તો અન્ય લોકો તેને ખાનગી સંસ્થાઓ પર અયોગ્ય નિયમ લાદવા તરીકે જુએ છે. ધારાસભ્ય ઈઝહર હુસૈન સહિત કોંગ્રેસના નેતાઓએ આ પ્રદેશમાં ઉર્દૂના સાંસ્કૃતિક મહત્વ સાથે આ નિર્ણયનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે, કિશનગંજ મુસ્લિમ બહુમતી ધરાવતો જિલ્લો છે અને વિદ્યાર્થીઓને તેમના સમુદાયની ભાષા શીખવાની તક મળવી જોઈએ. તે શિક્ષણની સમાન પહોંચ સુનિશ્ચિત કરવા વિશે છે.

# NEET-UG પરીક્ષા પર નિષ્ણાત પેનલની ભલામણો લાગુ કરશે : કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકારે ગુરૂવારના રોજ સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે, તે NEET-UG 2024ના નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના આચરણની સમીક્ષા કરતી સાત સભ્યોની નિષ્ણાત પેનલ દ્વારા સૂચવવામાં આવેલા તમામ સુધારાત્મક પગલાંનો અમલ કરશે.

સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૨ ઓગસ્ટના રોજ પરીક્ષાની અખંડિતતા સાથે ચેડાં કરતી પદ્ધતિસરની ગેરરીતિ અથવા લીકના અપૂરતા પુરાવાને ટાંકીને વિવાદથી ઘેરાયેલા NEET-UG 2024ને રદ કરવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે ત્યાર પછી ISROના પૂર્વ વડા કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની નિષ્ણાત પેનલના આદેશને વિસ્તૃત કર્યો, જે NTAની કામગીરીની સમીક્ષા કરે અને ભવિષ્યની પરીક્ષાઓમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને ગેરરીતિ અટકાવવા સુધારાની ભલામણ કરે.

કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને મનોજ મિશ્રાએ જણાવ્યું હતું કે, નિષ્ણાત પેનલે તેનો અહેવાલ સુપરત કર્યો છે અને સરકાર તેની તમામ ભલામણોનો અમલ કરશે. મહેતાએ જણાવ્યું હતું, અમે ભલામણોના અમલ માટે પ્રતિબદ્ધ છીએ. આ બાબત વધુ સમીક્ષા માટે છ મહિના પછી સૂચિબદ્ધ થઈ શકે છે. બેન્ચે ત્રણ મહિના માટે સુનાવણી મુલતવી રાખી હતી અને સ્પેશિયલ લીવ પિટિશન એપ્રિલ માટે સુનિશ્ચિત કરી હતી. નિષ્ણાત પેનલનો સંપૂર્ણ અહેવાલ જેમાં પ્રશ્નપત્રોની પ્રિન્ટિંગ અને હેન્ડલિંગ જેવા પરીક્ષા સુરક્ષા પગલાં સંબંધિત સંવેદનશીલ માહિતી હતી, તે રેકોર્ડ પર મૂકવામાં આવી ન હતી. ઓક્ટોબર ૨૦૨૪માં સુપ્રીમ કોર્ટે તેનો રિપોર્ટ સબમિટ કરવા માટે પેનલની સમયમર્યાદા લંબાવી હતી. પેનલના રિમિટમાં અદાલત દ્વારા ફ્લેગ કરાયેલી ક્ષતિઓને સંબોધિત કરવાનો સમાવેશ થાય છે, જેમ કે હજારીબાગ, ઝારખંડમાં એક પરીક્ષા કેન્દ્રમાં સુરક્ષા ભંગ, જ્યાં પ્રશ્નપત્રોની અનધિકૃત એક્સેસ આવી હતી. અન્ય મુદ્દાઓમાં ઈ-રિક્ષા દ્વારા પ્રશ્નપત્રોનું પરિવહન અને ઉમેદવારોને ખોટા પ્રશ્નપત્ર સેટનું વિતરણ સામેલ છે.

કે. રાધાકૃષ્ણન, રણદીપ ગુલેરિયા, બી.જે. રાવ, કે. રામામૂર્તિ, પંકજ બંસલ, આદિત્ય મિત્તલ અને ગોવિંદ જયસ્વાલની બનેલી સમિતિને પરીક્ષા સુરક્ષા, ડેટા અખંડિતતા, તક્નિકી ઉન્નતિ અને વિદ્યાર્થીઓ માટે માનસિક સ્વાસ્થ્ય સહાયક પ્રણાલીમાં સુધારો કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. વધુમાં તેનો હેતુ નીતિ અને હિસ્સેદારોની સંલગ્નતા વધારવા, આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવા અને NTA સ્ટાફને તાલીમ આપવાનો છે.

NTA દ્વારા આયોજિત NEET-UG, અંડરગ્રેજ્યુએટ મેડિકલ પ્રોગ્રામ્સ જેમ કે MBBS, BDS અને આયુષ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગેટવે તરીકે સેવા આપે છે. ૨૦૨૪માં NEET-UG માટે ૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ગયા વર્ષે નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટે તેના ૨ ઓગસ્ટના ચુકાદાને યથાવત્ રાખતા નવી NEET-UG 2024 પરીક્ષાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી.

# સંપૂર્ણ બાંધકામ/કબજા પ્રમાણપત્ર વિના ઈમારતો માટે કોઈ લોન, વીજળી, પાણી અને ગટર જોડાણ જેવી સુવિધાઓ આપવામાં આવશે નહીં : સુપ્રીમ કોર્ટનો આદેશ

**ખોટી રીતે પૂર્ણતા/કબજા પ્રમાણપત્ર જારી કરવા માટે જવાબદાર અધિકારીઓ પર તરત જ વિભાગીય કાર્યવાહી કરવામાં આવશે**

(એજન્સી) તા.૨

સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે કે, બેંકો અને નાણાકીય સંસ્થાઓ બિલ્ડિંગને આપવામાં આવેલ પૂર્ણતા/કબજા પ્રમાણપત્રની ખરાઈ કર્યા વિના કોઈપણ બિલ્ડિંગ સામે સિક્યોરિટી તરીકે લોન મંજૂર કરી શકશે નહીં અને આવા પ્રમાણપત્ર પછી જ બિલ્ડિંગને વીજળી, પાણી અને ગટર જોડાણો સેવા પ્રદાતાઓ દ્વારા આપવામાં આવશે. ગેરકાયદેસર બાંધકામોને રોકવા માટે જાહેર હિતમાં સમગ્ર ભારતમાં માર્ગદર્શિકા જારી કરીને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. માધવનની ખંડપીઠે જણાવ્યું હતું કે, કોઈપણ અનધિકૃત ઈમારતમાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો રહેણાંક કે વ્યાપારી ઈમારત હોવા છતાં કોઈપણ ધંધા/વેપાર કરવા માટેની પરવાનગી/લાયસન્સ સ્થાનિક સંસ્થાઓ સહિત કોઈપણ સત્તાવાળાઓ દ્વારા આપવી જોઈએ નહીં. બિલ્ડર/અરજદારે એ અસર માટે બાંયધરી આપવી પડશે કે બિલ્ડિંગનો કબજો સંબંધિત સત્તાવાળાઓ પાસેથી પૂર્ણતા/કબજા પ્રમાણપત્ર મેળવ્યા પછી જ માલિકો/લાભાર્થીઓને સોંપવામાં આવશે. અનધિકૃત બાંધકામો, રહેવાસીઓ અને નજીકમાં રહેતા નાગરિકોના જીવન માટે જોખમ ઊભું કરવા ઉપરાંત વીજળી, ભૂગર્ભ જળ અને રસ્તાઓની પહોંચ જેવા સંસાધનો પર પણ અસર કરે છે, જે મુખ્યત્વે વ્યવસ્થિત વિકાસ અને અધિકૃત રીતે ઉપલબ્ધ કરાવવા માટે છે. અનધિકૃત બાંધકામોને કાબૂમાં લેવા જોઈએ અને કોઈપણ નમ્રતા તેમના પ્રત્યે ખોટી સહાનુભૂતિ દર્શાવવા સમાન હશે. બેન્ચે જણાવ્યું હતું કે, આમાંના કોઈપણ નિર્દેશોનું ઉલ્લંઘન સંબંધિત કાયદા હેઠળ કાર્યવાહી ઉપરાંત તિરસ્કારની કાર્યવાહીની શરૂઆત તરફ દોરી જશે. કોર્ટે કહ્યું કે, અમારો અભિપ્રાય છે કે, સ્થાનિક સત્તાધિકારી દ્વારા મંજૂર કરાયેલા બિલ્ડિંગ પ્લાનનું ઉલ્લંઘન અથવા વિચલન કરતું બાંધકામ અને કોઈપણ બિલ્ડિંગ પ્લાનિંગ મંજૂરી વિના હિંમતભેર ઊભા કરાયેલા બાંધકામોને પ્રોત્સાહિત કરી શકાય નહીં. દરેક અને દરેક બાંધકામ નિયમોનું પાલન સખત રીતે કરવું જોઈએ. ખોટી રીતે કમ્પ્લીશન/ઓક્યુપેશન સર્ટિફિકેટ ઈશ્યુ કરવા માટે જવાબદાર અધિકારીઓ પર તરત જ વિભાગીય કાર્યવાહી કરવામાં આવશે. ગેરકાયદેસરતાઓને સુધારવામાં વિલંબ, વહીવટી નિષ્ફળતા, નિયમનકારી અક્ષમતા, બાંધકામ અને રોકાણની કિંમત, તેમની જવાબદારી નિભાવવામાં સંબંધિત અધિકારીઓની બેદરકારી અને શિથિલતાને અધિનિયમ હેઠળ, ગેરકાયદે/અનધિકૃત બાંધકામો સામે લેવાયેલી કાર્યવાહીનો બચાવ કરવા માટે ઢાલ તરીકે ઉપયોગ કરી શકાતો નથી.

સર્વોચ્ચ અદાલતે ‘બુલડોઝર જસ્ટિસ’ને ગેરબંધારણીય જાહેર કર્યાના એક મહિનાથી વધુ સમય પછી આ ચુકાદો આપ્યો છે અને કહ્યું કે, વહીવટી તંત્ર વ્યક્તિઓની રહેણાંક અને વ્યાપારી મિલકતોને માત્ર એ આધાર પર તોડી શકે નહીં કે તેઓ ગુનામાં આરોપી છે અથવા દોષિત છે. સર્વોચ્ચ અદાલતે તેના રજિસ્ટ્રાર (ન્યાયિક)ને આદેશ આપ્યો કે ચુકાદાની નકલો તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને મોકલવામાં આવે જેથી કડક પાલન માટે તમામ સ્થાનિક સત્તાવાળાઓ/નિગમોને પરિપત્ર જારી કરવામાં આવે. તેણે એવો પણ આદેશ આપ્યો હતો કે, ચુકાદાની નકલો દરેક હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને પણ મોકલવામાં આવે જેથી કરીને હાઈકોર્ટને અનધિકૃત બાંધકામ, વિચલન/બિલ્ડિંગ પરવાનગી/યોજનાના ઉલ્લંઘનને લગતા વિવાદો પર વિચાર કરતી વખતે તેનો ઉપયોગ કરી શકાય. સંપૂર્ણતા પ્રમાણપત્ર જારી કર્યા પછી પણ વિચલન/ઉલ્લંઘન, જો કોઈ આયોજન પરવાનગીની વિરુદ્ધ હોય તો, સત્તાધિકારીના ધ્યાન પર લાવવામાં આવે તો, બિલ્ડર/માલિક/કબજેદાર સામે, કાયદા અનુસાર, સંબંધિત સત્તાધિકારી દ્વારા તાત્કાલિક પગલાં લેવા જોઈએ અને અધિકારી, જે ખોટી રીતે પૂર્ણતા/વ્યવસાય પ્રમાણપત્ર જારી કરવા માટે જવાબદાર છે તેની સામે વિભાગીય રીતે તરત જ કાર્યવાહી કરવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે, માલિક અથવા બિલ્ડર દ્વારા પૂર્ણતા પ્રમાણપત્ર ન જારી કરવા સામે અથવા અનધિકૃત બાંધકામને નિયમિત કરવા અથવા વિચલન સુધારણા વગેરે સામે ફાઈલ કરવામાં આવી રહેલી કોઈપણ અરજી/અપીલ/પુનરાવર્તનનો નિર્ણય ૯૦ દિવસમાં કાયદેસર રીતે પ્રદાન કરવામાં આવે છે. આ વિકાસ ઝોનલ પ્લાન અને ઉપયોગને અનુરૂપ હોવો જોઈએ. આવી ઝોનલ યોજના અને વપરાશમાં કોઈપણ ફેરફાર એ નિયમોનું સખતપણે પાલન કરીને અને વ્યાપક જાહેર હિત અને પર્યાવરણ પરની અસરને ધ્યાનમાં રાખીને કરવામાં આવવું જોઈએ.

# બાંગ્લાદેશના નવા પાઠ્યપુસ્તકો કહે છે, ઝિયાઉર રહેમાને દેશ આઝાદ કર્યો : "રાષ્ટ્રપિતા" મુજીબુરને હટાવ્યા

(એજન્સી) તા.૨

બાંગ્લાદેશની આઝાદીની ઘોષણા કોણે કરી ? જો તમે આનો જવાબ 'બંગબંધુ' શેખ મુજીબુર રહેમાન તરીકે જાણો છો તો હવે તમારે નવું નામ યાદ રાખવું પડશે. હવે બાલાદેશના પાઠ્યપુસ્તકોમાં લખવામાં આવશે કે દેશની આઝાદી ૧૯૭૧માં 'બંગબંધુ' શેખ મુજીબુર રહેમાને નહીં પરંતુ ઝિયાઉર રહેમાને જાહેર કરી હતી. નવા પાઠ્યપુસ્તકોમાંથી મુજીબનું 'ફાધર ઓફ ધ નેશન'નું બિરૂદ પણ હટાવી દેવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તકોમાં આ ફેરફારના સમાચાર ડેઈલી સ્ટારે આપ્યા છે. મુજીબુર રહેમાનની પુત્રી શેખ હસીનાને ગયા વર્ષે ઓગસ્ટમાં સત્તાપલટો કરીને પદભ્રષ્ટ કર્યા બાદ પાઠ્યપુસ્તકોમાં આ ફેરફારો થઈ રહ્યા છે. હવે દેશમાં વચગાળાની સરકાર છે.

બાંગ્લાદેશના પાઠ્યપુસ્તકોમાં આ પ્રકારનો ફેરફાર પહેલીવાર નથી થયો. શેખ હસીનાના પિતા મુજીબે બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધનું નેતૃત્વ કર્યું હતું. ઝિયાઉર બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના સ્થાપક અને વર્તમાન BNP ચીફ ખાલિદા ઝિયાના પતિ હતા. જ્યારે પણ આ બે પરિવારો સાથે જોડાયેલા પક્ષો દ્વારા સરકાર રચવામાં આવી છે ત્યારે આવા વિપરીત દાવા કરવામાં આવ્યા છે. તેની હકીકતો જાણતા પહેલા, ચાલો જાણીએ કે શેખ મુજીબુર રહેમાન અને ઝિયાઉર રહેમાનનો ઈતિહાસ શું રહ્યો છે.

મુજીબે ૧૯૭૩ની ચૂંટણીમાં જંગી વિજય મેળવ્યો હતો, જો કે, મોટાભાગના અહેવાલો અનુસાર પ્રક્રિયામાં ગેરરીતિ કરવામાં આવી હતી. તેમણે ઈસ્લામવાદી પક્ષો પર પ્રતિબંધ મૂક્યો હતો જેમનો દાવો હતો કે, તેમણે મુક્તિ યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને સમર્થન આપ્યું હતું. તેમણે બાંગ્લાદેશને બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. સ્વતંત્ર બાંગ્લાદેશમાં પ્રથમ બળવા દરમિયાન ૧૯૭૫માં તેમના પરિવારના મોટાભાગના સભ્યો સાથે તેમની હત્યા કરવામાં આવી હતી. તેમની હત્યા બાદ ઝિયાઉર રહેમાન એક મોટા નેતા તરીકે ઉભરી આવ્યા હતા. તેઓ બાંગ્લાદેશના લશ્કરી વડા અને રાષ્ટ્રપતિ બન્યા. ૧૯૮૧માં અન્ય એક બળવા દરમિયાન ઝિયાઉરની પણ હત્યા કરવામાં આવી હતી, પરંતુ સત્તામાં તેમના કાર્યકાળ દરમિયાન તેમણે ઈસ્લામિક તત્ત્વો પર કડક કાર્યવાહી કરવાનું બંધ કર્યું અને ખાસ કરીને ૧૯૭૮માં બાંગ્લાદેશના બંધારણમાંથી 'સેક્યુલારિઝમ'ને



દૂર કરવામાં આવ્યું.

મુજીબ અને ઝિયાઉરના રાજકીય અનુગામીઓ હસીના અને ખાલિદા વચ્ચે આજ સુધી આ મુખ્ય વિવાદ છે. હસીનાની સરકારોએ ખાસ કરીને ઈસ્લામિક તત્ત્વો પર કડક કાર્યવાહી કરી છે, જ્યારે ખાલિદા હેઠળ તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે અને ઉચ્ચ હોદ્દા પર મૂકવામાં આવ્યા છે.

ગયા વર્ષે ઓગસ્ટમાં થયેલા આંદોલન બાદ હસીનાને હટાવ્યા બાદ હવે આ નવા ફેરફારો કરવામાં આવી રહ્યા છે. હસીના પાંચ ઓગસ્ટના રોજ દિલ્હી ભાગી ગઈ હતી. તે જ દિવસે ઢાકામાં મુજીબની પ્રતિમા તોડી પાડવામાં આવી હતી. વિરોધીઓએ મુજીબના નિવાસસ્થાને આગ લગાવી અને તોડફોડ પણ કરી. હસીનાએ ૨૦૦૧માં આ નિવાસસ્થાનને સ્મારકમાં ફેરવી દીધું હતું. આ ઘરમાં જ ૧૯૭૫ના બળવામાં તે અને તેના પરિવારના મોટાભાગના લોકો માર્યા ગયા હતા. જો કે, હસીનાને હટાવ્યા બાદ હવે દેશમાં વચગાળાની સરકાર છે. આ વચગાળાની સરકારમાં BNP અને અન્ય વિરોધી આવામી પક્ષોનો નોંધપાત્ર પ્રભાવ છે. આ અંતર્ગત મુજીબ અને તેના વારસાને નિશાન બનાવવામાં આવ્યા છે.

તો સવાલ એ છે કે, બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામનું સત્ય શું છે ? છેવટે આઝાદીની જાહેરાત શેખ મુજીબુર રહેમાન દ્વારા કરવામાં આવી હતી કે, ઝિયાઉર રહેમાન દ્વારા ?

આ પ્રશ્નનો વધુ સારો જવાબ બાંગ્લાદેશની વિવિધ સરકારોના દાવાઓ સિવાય આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ ઐતિહાસિક તથ્યો પરથી સમજી શકાય છે.

વિવિધ સમકાલીન સ્ત્રોતો દર્શાવે છે કે, બાંગ્લાદેશની આઝાદીની ઘોષણા મુજીબે નહીં પણ ઝિયાઉરે કરી હોવાના દાવામાં તથ્ય નથી. ઈન્ડિયન એક્સપ્રેસે એક અહેવાલમાં જણાવ્યું છે કે, ઝિયાઉરે ૨૭ માર્ચ, ૧૯૭૧ના રોજ 'બંગબંધુ' વતી આ જાહેરાત કરી હતી, પરંતુ મુજીબે પાકિસ્તાની અધિકારીઓ દ્વારા તેની ધરપકડ કરવામાં આવે તે પહેલા જ પ્રથમ જાહેરાત કરી હતી. આ અખબાર અનુસાર યુએસ ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી (DIA)એ ૨૬ માર્ચ, ૧૯૭૧ના રોજ વ્હાઈટ હાઉસને આપેલા અહેવાલમાં જણાવ્યું હતું કે, આજે પાકિસ્તાન ગૃહયુદ્ધમાં હતું જ્યારે શેખ મુજીબુર રહેમાને બે ભાગવાળા દેશના પૂર્વ ભાગને 'સાર્વભૌમ' જાહેર કર્યો હતો. સ્વતંત્ર 'રિપબ્લિક ઓફ બાંગ્લાદેશ' જાહેર કરવામાં આવ્યું હતું. મુજીબની જાહેરાતનો ઉલ્લેખ ૨૬ માર્ચ, ૧૯૭૧ના રોજ વોશિંગ્ટન સ્પેશિયલ એક્શન ગ્રુપની મીટિંગની મિનિટ્સમાં પણ કરવામાં આવ્યો છે. આ બેઠકની અધ્યક્ષતા અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હેનરી કિસિંજરે કરી હતી. તે સમયના સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર રિચર્ડ હેલ્મ્સે કહ્યું કે, એક ગુપ્ત રેડિયો પ્રસારણમાં મુજીબુર રહેમાને બાંગ્લાદેશની સ્વતંત્રતાની ઘોષણા કરી છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ૨૭ માર્ચ, ૧૯૭૧ના રોજ વિશ્વભરના મોટાભાગના અખબારોએ પણ મુજીબની આઝાદીની ઘોષણાનો અહેવાલ આપ્યો હતો. પૂર્વ પાકિસ્તાનના રાષ્ટ્રવાદી નેતા શેખ મુજીબુર રહેમાનને તેમના પ્રદેશને સ્વતંત્ર જાહેર કર્યાના થોડા કલાકો પછી ધરપકડ કરવામાં આવી હતી.

સૈયદ બદરૂલ અહસાનની બાયોગ્રાફી 'બંગબંધુ' અનુસાર મુજીબે ટેલિગ્રામ દ્વારા તેમનો સંદેશ મોકલ્યો હતો. તેણે સંભવતઃ ૨૬ માર્ચ, ૧૯૭૧ના રોજ લગભગ ૧૨:૩૦ વાગ્યે સંદેશ મોકલ્યો હતો. અહસાને લખ્યું છે કે, જ્યારે કેન્ટોનમેન્ટની બહાર જતા રસ્તા પરથી ગોળીબારના પ્રથમ અવાજો સંભળાયા, ત્યારે તેની મોટી પુત્રી હસીના યાદ કરે છે કે, મુજીબે વાયરલેસ દ્વારા બાંગ્લાદેશની સ્વતંત્રતાની ઘોષણા કરતો સંદેશ મોકલ્યો.

આ ઘોષણા વ્યાપકપણે જાણ કરવામાં આવી હતી, જે તે જ દિવસે પછીથી ચિત્તાગોંગના કાલુરઘાટ સ્થિત સ્વાધીન બાંગ્લા બેતાર કેન્દ્ર (ફ્રી બંગાળ રેડિયો સ્ટેશન) પરથી પ્રસારિત કરવામાં આવી હતી. મુજીબની ઘોષણાનું લખાણ ૨૬ માર્ચ, ૧૯૭૧ની બપોરે અવામી લીગના સભ્ય એમ.એ. હન્નાન દ્વારા બંગાળીમાં વાંચવામાં આવ્યું હતું. પાકિસ્તાન આર્મીમાં તત્કાલીન બળવાખોર મેજર ઝિયાઉર રહેમાને ૨૭ માર્ચ, ૧૯૭૧ના રોજ અન્ય એક ઘોષણા વાંચી હતી, જો કે, અખબારોએ ઝિયારની 'ઝિયા ખાન' તરીકે ખોટી ઓળખ આપી હતી.

# હિન્દુ સાધુ ચિન્મય દાસને કોઈ રાહત નહીં, બાંગ્લાદેશની કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી

(એજન્સી) તા.૨

બાંગ્લાદેશના ચિત્તાગોંગની એક અદાલતે જેલમાં બંધ હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારીની જામીન અરજી ફગાવી દીધી. ઢાકા પોલીસે ૨૫ નવેમ્બરે રાજદ્રોહના કેસમાં તેની ધરપકડ કરી હતી.

ઢાકાથી ચટગાંવ ગયેલી ૧૧ સુપ્રીમ કોર્ટના વકીલોની ટીમ દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજીને મેટ્રોપોલિટન સેશન્સ જજ એમડી સૈફુલ ઈસ્લામે લગભગ ૩૦ મિનિટ સુધી બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ફગાવી દીધી હતી, એમ ઢાકા સ્થિત ધ ડેઈલી સ્ટારે અહેવાલ આપ્યો હતો. ૧૧ વકીલોની ટીમનું નેતૃત્વ એડવોકેટ અપૂર્વ કુમાર ભટ્ટાચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું, જે સંહિતો સનાતની જાગરણ જોટના પ્રવક્તા પણ છે. ચિન્મય કૃષ્ણ દાસ પણ આ સંસ્થાનો એક ભાગ છે. ઈસ્લામવાદીઓ દ્વારા જાહેરમાં માર મારવાની ધમકીઓને



પગલે ચિટગાંવ કોર્ટમાં ચિન્મયનું પ્રતિનિધિત્વ કરવા માટે કોઈ વકીલ હાજર ન થયાના એક મહિના પછી કડક સુરક્ષા વચ્ચે આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચિન્મય કૃષ્ણ દાસના અગાઉના વકીલ રવિન્દ્રનાથ ઘોષને અચાનક છાતીમાં દુખાવો થતાં કોલકાતાની શેઠ સુખલાલ કરનાની મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘોષે ડિસેમ્બરમાં ચિન્મય દાસ માટે કાયદાકીય મદદ મેળવવાનો પૂરો પ્રયાસ કર્યો હતો.

વરિષ્ઠ વકીલ ઘોષે જણાવ્યું હતું કે જ્યારે તેઓ જામીન અરજી દાખલ કરવા ગયા ત્યારે તેમને કોર્ટની બહાર હેરાન કરવામાં આવ્યા હતા અને તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન કોર્ટ રૂમમાં સેંકડો વકીલો વચ્ચે બોલાચાલી થઈ હતી, જેના કારણે અરાજકતા સર્જાઈ હતી. ચિન્મય દાસ, ભૂતપૂર્વ ઈસ્કોન સભ્ય અને બાંગ્લાદેશ સંહિતો સનાતની જાગરણ જોટના પ્રવક્તા, ૨૫ નવેમ્બરના રોજ ઢાકાના હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી. આનાથી દેશભરમાં હિંદુઓ દ્વારા વિરોધ થયો, જેમાં ચટ્ટોગ્રામમાં એક પ્રદર્શનનો સમાવેશ થાય છે જ્યાં સહાયક સરકારી વકીલ સૈફુલ ઈસ્લામ અલિફની હત્યા કરવામાં આવી હતી. વકીલની અનુપલબ્ધતાને કારણે કોર્ટે તેની જામીન સુનાવણી ૨ જાન્યુઆરી સુધી મુલતવી રાખી હતી.

# બિશ્નોઈ સમુદાયમાંથી પ્રથમ IAS અધિકારી બની આ મહિલા, સાધ્વીની જેમ અભ્યાસ કર્યો, અંતે અખિલ ભારતીય ક્રમાંક ૩૦ મેળવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

UPSC પરીક્ષાની ગણતરી ભારતમાં સૌથી અઘરી પરીક્ષાઓમાં થાય છે અને લાખો લોકો તેને પાસ કરવાનું સ્વપ્ન જુએ છે, પરંતુ માત્ર અમુક જ લોકો સફળ થાય છે. આ પસંદગીના જૂથમાં IAS અધિકારી પરી બિશ્નોઈ છે, જે રાજસ્થાનના બિકાનેરની એક નિરંતર નિર્ધારિત યુવતી છે, જે હવે સિવિલ સેવક તરીકે સેવા આપી રહી છે. તેણીની યાત્રા, પોતે જ, ઘણા અભિલાષીઓ માટે પ્રેરણારૂપ છે. તેણીની માતા, જીઆરપીમાં પોલીસ અધિકારી અને તેના પિતા, એક વકીલ, તેણીના ઉછેર માટે ઉચ્ચ ધોરણો સ્થાપિત કરે છે. પરીએ અજમેરની સેન્ટ મેરી કોન્વેન્ટ સ્કૂલમાં શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો અને વધુ અભ્યાસ માટે દિલ્હી આવી અને દિલ્હી યુનિવર્સિટીની ઈન્દ્રપ્રસ્થ કોલેજ ફોર વુમનમાંથી સ્નાતક થયા. વધુમાં, તેણીએ એમડીએસ યુનિવર્સિટી, અજમેરમાંથી રાજકીય વિજ્ઞાનમાં અનુસ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી છે. પરીએ જીવન બદલી નાખે એવો નિર્ણય લીધો, તેણીએ કોઈપણ વિક્ષેપ



વગર પરીક્ષાની તૈયારી કરવાનું નક્કી કર્યું. આમાં તેણીના સોશિયલ મીડિયા એકાઉન્ટને દૂર કરવા અને ફોનનો ઉપયોગ ઘટાડવાનો સમાવેશ થાય છે. આ બધું અને વધુ સફળ થવા માટે પ્રેરિત હતું, અને ૨૦૧૮માં, તેણીએ તેના ત્રીજા પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી, ૩૦નો પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક મેળવ્યો. નાગરિક સેવાઓમાં પરીની સેવા ત્યારથી પ્રતિબદ્ધતા અને શ્રેષ્ઠતા દ્વારા દર્શાવવામાં આવી છે. તે હાલમાં સિક્કિમમાં ગંગટોક ખાતે સબડિવિઝનલ ઓફિસર તરીકે સેવા આપી રહી છે અને તે પહેલા પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલયમાં સહાયક સચિવ તરીકેની ક્ષમતામાં હતી. તેણીના વ્યાવસાયિક વિજય ઉપરાંત, પરીએ તાજેતરમાં તેણીની વૈવાહિક સ્થિતિ માટે હેડલાઈન્સ મેળવી હતી. તેણીએ હવે હરિયાણાના આદમપુરના સૌથી યુવા ધારાસભ્ય ભવ્યા બિશ્નોઈ સાથે લગ્ન કર્યા છે. એક પ્રખ્યાત રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવતા, ભવ્ય ભાજપના નેતા કુલદીપ બિશ્નોઈનો પુત્ર અને હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભજન લાલનો પૌત્ર છે, તે રાજકારણમાં ઉભરતો સિતારો છે. પરી બિશ્નોઈની વાર્તા એક પ્રેરણા છે, જે ઈચ્છાશક્તિ અને સ્વ-શિસ્તનો પૂરાવો છે, રાજકીય રીતે પ્રભાવશાળી કુળના સભ્ય તરીકે રાષ્ટ્રની સેવા કરવા માટે એક નાનકડા શહેરની છોકરી બનવા સુધીની પરિની સફરએ યુવા ભારતીયોની આખી પેઢીને ઈતિહાસના ઈતિહાસમાં તેમની છાપને ભારપૂર્વક અનુભવવા માટે આકાંક્ષાઓનો પ્રયાસ કરવા પ્રેરણા આપી છે.

# અગરતલા પુસ્તક મેળામાં બાંગ્લાદેશના કોઈ પ્રકાશક કે બુકસેલર ભાગ નહીં લઈ શકે

(એજન્સી) તા.૨

ત્રિપુરાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં રાજકીય પરિવર્તન બાદની અશાંતિ વચ્ચે ગુરૂવારથી શરૂ થઈ રહેલા અગરતલા પુસ્તક મેળામાં પડોશી દેશમાંથી કોઈ પુસ્તક વિક્રેતા અથવા પ્રકાશક ભાગ લઈ શકશે નહીં. ૧૩-દિવસીય ૪૩મા અગરતલા પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન ૨ જાન્યુઆરીએ મુખ્યમંત્રી માણિક સાહા કરશે અને ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે. પુસ્તક મેળા સાથે સંકળાયેલા એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે '૧૯૮૧માં અગરતલા પુસ્તક મેળાની શરૂઆત થઈ ત્યારથી, લગભગ દર વર્ષે બાંગ્લાદેશના પ્રકાશકો અથવા પુસ્તક વિક્રેતાઓ વાર્ષિક અર્ધ-વેપાર પુસ્તક ઉત્સવમાં ભાગ લે છે. અગાઉ અગરતલા પુસ્તક મેળામાં કોલકાતા અને અન્ય શહેરોના પ્રકાશકો અથવા પુસ્તક વિક્રેતાઓ બાંગ્લાદેશી પુસ્તકો વેચતા હતા પરંતુ કોઈ બાંગ્લાદેશી નહોતા. પુસ્તક આ વર્ષે અગરતલા પુસ્તક મેળામાં ઉપલબ્ધ થશે. અગ્રણી પ્રકાશક દેવાનંદ દામે જણાવ્યું હતું કે વડા પ્રધાન શેખ હસીનાની આગેવાની



હેઠળની અવામી લીગ સરકારના પતન પછી બાંગ્લાદેશમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, તે દેશમાંથી કોઈ પુસ્તક વિક્રેતા અથવા પ્રકાશક અગરતલામાં પુસ્તક મેળામાં ભાગ લેવા તૈયાર નથી. 'બાંગ્લાદેશની સ્થિતિને જોતા, કોઈ ભારતીય પ્રકાશક અથવા પુસ્તક વિક્રેતા પણ અગરતલા પુસ્તક મેળામાં બાંગ્લાદેશ સાથે સંબંધિત પુસ્તકો વેચવા માટે તૈયાર નથી. અધિકારીના જણાવ્યા અનુસાર, પાછલા વર્ષોની જેમ આ વર્ષે પણ સ્થાનિક પ્રકાશન ગૃહો ઉપરાંત કોલકાતા, ગુવાહાટી અને દિલ્હીના પ્રકાશકો અને પ્રકાશકો ભાગ લેશે. તેમણે કહ્યું કે આ વર્ષે મેળામાં ૧૫૦થી વધુ સ્ટોલ ઉભા કરવામાં આવશે, જે ગત વર્ષ કરતા થોડા ઓછા છે. અધિકારીએ જણાવ્યું હતું કે તાજેતરમાં પશ્ચિમ બંગાળના કેટલાક જિલ્લાઓમાં યોજાયેલા પુસ્તક મેળામાં બાંગ્લાદેશી પુસ્તકો પ્રદર્શિત થયા બાદ વિરોધનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૮ જાન્યુઆરીથી શરૂ થનારા આગામી ૧૩-દિવસીય ૪૮મા આંતરરાષ્ટ્રીય કોલકાતા પુસ્તક મેળામાં કોઈ બાંગ્લાદેશી પુસ્તક વિક્રેતા અથવા પ્રકાશક પણ ભાગ લેશે નહીં. નવેમ્બરમાં, એક બાંગ્લાદેશી વેપારીને દક્ષિણ આસામના સિલચરમાં વેપાર મેળામાં તેમનો સ્ટોલ બંધ કરવો પડ્યો હતો કારણ કે કેટલાક હિંદુ કાર્યકરોએ પાડોશી દેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ પરના અત્યાચારના વિરોધમાં તેમ કરવાની માંગ કરી હતી.

### માતા-પિતાના સહકાર અને નમાઝ-તિલાવતની આદતે મુહમ્મદ નુમૈરને ધ્યેય સુધી પહોંચાડ્યો

# મુસ્લિમ કેબ ડ્રાઈવરના પુત્રએ દેશમાં સૌથી અઘરી ગણાતી CAની ફાઈનલ પરીક્ષા પાસ કરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨

'કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો' આ પંક્તિને સાર્થક કરતા અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતાં એક કેબ ડ્રાઈવરના પુત્રએ ભારતમાં સૌથી અઘરી પરીક્ષામાંથી એક ગણાતી CAની ફાઈનલ પરીક્ષામાં પાસ થઈ પોતાના પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યું છે.

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા નવેમ્બરમાં લેવાયેલી ફાઈનલ પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરાયું છે. જેમાં અમદાવાદ સેન્ટરનું પરિણામ ૧૫.૪૯ ટકા રહ્યું હતું. અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાં રહેતા મુહમ્મદ નુમૈર જાકીર હુસૈન શેખે CAની ફાઈનલ પરીક્ષા પાસ કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. મુહમ્મદ નુમૈરને પહેલાંથી જ શિક્ષણ સાથે લગાવ રહેલો છે. તેણે ધોરણ ૧૦માં ૯૧ ટકા જ્યારે ધોરણ ૧૨માં ૯૪ ટકા મેળવ્યા છે. ધોરણ ૧૨ના પરિણામમાં મુહમ્મદ નુમૈરે સમગ્ર શાળામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. તે પહેલાંથી જ ગાણિતિક વિષયોમાં રૂચિ ધરાવતો હતો. ધોરણ ૧૦માં ગણિત વિષયમાં તેના ૯૭ માર્ક્સ આવ્યા, જ્યારે ધોરણ ૧૨માં એકાઉન્ટમાં ૯૯ માર્ક્સ તેમજ સ્ટેટમાં ૯૭ માર્ક્સ અતૂટ મહેનતથી મેળવ્યા હતા. ધોરણ ૧૨ પાસ કર્યા બાદ મુહમ્મદ નુમૈરે પોતાનું ધ્યેય CA તરફ દોર્યું. મુહમ્મદ નુમૈર દરરોજ ૨૪ કલાકમાંથી ૮થી ૯ કલાક વાંચન અને પ્રેક્ટિસ પાછળ આપતો હતો. ઉપરાંત સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનું પણ તેને ઓછું પસંદ હતું. ૨૨ વર્ષના મુહમ્મદ નુમૈરને સફળતાના શિખરો સુધી પહોંચાડવામાં તેના માતા-પિતાનો ખૂબ જ મહત્ત્વનો ફાળો રહ્યો છે. પુત્ર તેના ધ્યેયથી પાછો ન રહે તે માટે તેના માતા-પિતાએ તેને ખૂબ જ સહકાર આપ્યો.

મુહમ્મદ નુમૈર CAની પરીક્ષાની તૈયારી સાથે પાંચેય સમયની નમાઝ અદા કરતો હતો. નમાઝ અને તિલાવતની આદતથી આજે તે પોતાના ધ્યેય સુધી પહોંચી શક્યો છે.

મુહમ્મદ નુમૈર ઝાકીર હુસૈન શેખે ગુજરાત ટુડે સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, નાનપણથી જ મને ગાણિતિક વિષયમાં ખૂબ જ રસ હતો. ધોરણ-૭માં




આવ્યો ત્યારથી જ એક ધ્યેય બનાવી લીધો કે, મારે CA જ બનવું છે. ધોરણ ૧૨ બાદ સળંગ સાડા પાંચ વર્ષ સુધી સખત મહેનત, કર્યા બાદ CA પરીક્ષા પાસ કરી. સમાજમાં કોઈપણ પ્રસંગ હોય કે પછી ઉજવણી નુમૈર ત્યાં જવાનું ટાળતો અને તે પોતાનું સમગ્ર ધ્યાન તેના ધ્યેય ઉપર જ રાખતો. મુહમ્મદ નુમૈરે વધુમાં જણાવ્યું કે, મને રાત્રે જાગવાની આદત નહોતી પણ એક સમય એવો આવ્યો કે, ૨૪ કલાકમાં હું બેથી ત્રણ કલાક ઊંઘ લેતો અને બાકીનો સમય વાંચનમાં વિતાવતો. મોડી રાત સુધી જાગવાની ટેવ ન હોવા છતાં મુહમ્મદ નુમૈરે પોતાની ધગશ અને આગળ વધવાના હૌસલાને લઈ તેણે મોડી રાત સુધી વાંચન અને રિવિઝન કર્યું. તેની આ મહેનત અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ છે. મુહમ્મદ નુમૈરે અન્ય યુવાઓને સંદેશો આપતા કહ્યું કે, કોઈપણ ધ્યેય હોય તેના માટે શિસ્ત રાખવું ખૂબ જ જરૂરી છે તેમ જ ધ્યેયને પ્રાપ્ત કરવા મનુષ્યમાં ધીરજ હોવી જોઈએ મુહમ્મદ નુમૈરના પિતા ઝાકીર હુસૈને પોતાના પુત્ર પર ગર્વ કરતા જણાવ્યું હતું કે, મને મારા પુત્ર પર ખૂબ જ વિશ્વાસ હતો. તે ક્યારેય તેના ધ્યેય પરથી પીછેહટ ના થાય તે માટે તેનો પૂરતો સહકાર આપ્યો. પ્રિન્ટીંગનું કામ કર્યા બાદ વધારાના સમયમાં હું કેબ ડ્રાઈવર તરીકે નોકરી કરતો. કેટલીક વાર આર્થિક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો પણ અમે બધાએ ક્યારેય હાર માની નહીં. એકવાર મુહમ્મદ નુમૈર હતાશ થઈ ગયો હતો અને હવે CAની પરીક્ષા માટે આગળ પરિશ્રમ નહીં થાય તેવું નુમૈરનું માઈન્ડસેટ થઈ ગયું પણ તેના પિતાએ તેને હૌસલો આપ્યો અને કહ્યું કે તું ફેઈલ પણ થઈ જશે તો કોઈ દુઃખ નહીં પણ પરીક્ષા આપ.....મુહમ્મદ નુમૈર તેના પિતાના મહત્ત્વપૂર્ણ સાથ-સહકારથી આગળ વધ્યો ને આજે તે CAની પરીક્ષામાં સફળ થયો.

ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૧૯માં ભુવનેશ્વર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં નાકાદાર ઈન્સ્ટિટ્યુટ ઓફ નોલેજ દ્વારા મુહમ્મદ નુમૈર ઝાકીર હુસૈન શેખને સન્માનિત કરવામાં આવ્યો હતો અને તેને સિલ્વર મેડલ તથા ૫,૦૦૦ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

# ૧૦,૦૦૦ રૂપિયાથી બિઝનેસ શરૂ કરનાર મહિલા હવે ૪,૦૦૦ કરોડ રૂપિયાની કંપની ચલાવે છે, આ માટે મળ્યો પદ્મશ્રી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

એવી કેટલીક સ્ત્રીઓ છે જેઓ જીવનમાં સૌથી અનોખા અને પ્રેરણાદાયી માર્ગો બનાવે છે અને તેમની વાર્તાઓ લગભગ દૂરગામી બને છે. આવી જ એક નોંધપાત્ર સફર શશી સોનીની ગાથા છે જે સંઘર્ષ અને સફળતાને ઉદાહરણ બનાવે છે.

૧૦,૦૦૦ રૂપિયાની નજીવી રકમ સાથે, શશીએ ૧૯૭૧માં દિપ ટ્રાન્સપોર્ટની સ્થાપના કરીને તેની ઉદ્યોગસાહસિક યાત્રા શરૂ કરી. તેણીના સમર્પણ અને નિશ્ચયએ તેના ભાવિ સાહસો માટે સીમાચિહ્નો બનાવ્યા.૧૯૭૫ સુધીમાં, તેણીએ નવા સાહસોની સ્થાપના કરી, મુલુંડ, મુંબઈમાં સ્થિત દીપ મંદિર નામના સિનેમાની સ્થાપના કરી,૧૯૮૦ સુધી મૂવી જોનારાઓ માટે આનંદ અને ઉત્તેજનાનો ખજાનો હતો. એક દાયકાના જુદા જુદા અનુભવોની સફળતા પર સવાર થઈને, શશિએ મૈસુરમાં ગેસ પ્લાન્ટ, ઓક્સિજન પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના કરીને ઉત્પાદન ક્ષેત્રે સાહસ કર્યું. આનાથી ટેકનિકલ અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં તેની



શરૂઆત થઈ. ૨૦૦૫માં, શશીએ ટેક્નોલોજીમાં હિંમતભેર ડૂબકી લગાવી, વિશ્વ કક્ષાના ઓટોમોટિવ અને ઈ-રિટેલિંગ સોલ્યુશન્સ સાથે મૈસુર સ્થિત સોફ્ટવેર કંપની ઈઝમો લિમિટેડની સ્થાપના કરી. આજે, ઈઝમો લિ.ના ચેરપર્સન તરીકે, તે શ્રેષ્ઠતા અને નવીનતા માટે વિશ્વવ્યાપી બેન્ચ-માર્ક ગણાતી કંપનીના વડા છે. શશીનો પ્રભાવ માત્ર તેના વ્યવસાયિક પ્રયાસોમાં જ નહીં પરંતુ સામાજિક કલ્યાણના ક્ષેત્રમાં પણ અનુભવાય છે. દીપ જનસેવા સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્ય વ્યવહારીક રીતે અસંખ્ય છે, કારણ કે તેણે મહિલા શિક્ષણ, વાજબી રોજગાર, પેન્શન યોજનાઓ અને દિવ્યાંગોની સંભાળ માટે પ્રયત્નો કર્યા છે. તેણીએ હજારો લોકોને વધુ સારૂં જીવન જીવવામાં મદદ કરી છે, આશા છે કે એક વિશેષાધિકાર પ્રાપ્ત છે, અને તેના કાર્યને સર્વત્ર પ્રશંસા મળી છે. તેણીના અસંખ્ય પુરસ્કારો તેણીની સિદ્ધિઓની સાક્ષી આપે છે. ૧૯૯૦માં, શશીને ભારતીય ઉદ્યોગમાં તેમના યોગદાન માટે વુમન ઓફ ધ યરનો ખિતાબ આપવામાં આવ્યો હતો. તે ઓલ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ગેસ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન અને ટેકનિકલ ડેવલપમેન્ટ ડિરેક્ટોરેટની કમિટીના બોર્ડમાં પણ બેસે છે, તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વ્યાપાર અને સામાજિક કલ્યાણમાં તેમના બહુપક્ષીય યોગદાનની માન્યતામાં, શશી સોનીને પ્રતિષ્ઠિત પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. સ્મોલ ટ્રાન્સપોર્ટિંગ હવે અર્થપૂર્ણ સામાજિક પહેલના પ્રયાસો સાથે વૈશ્વિક ટેક ફર્મમાં ખીલ્યું છે, જે આવનારા ઉદ્યોગસાહસિકો અને પરિવર્તન-નિર્માતાઓ માટે પ્રેરણાનો ચમકતો પ્રકાશ બની રહ્યો છે.

# ડીસાના બટાકાના વેપારી પાસેથી માલ લઈ પૈસા ના આપનાર શખ્સને એક વર્ષની કેદ

ડીસા, તા.૨

ડીસાના બટાકાના વેપારી પાસેથી માલ લઈ સ્થાનિક વેપારીએ પેમેન્ટ ન ચૂકવતા તે પેટે આપેલો ચેક રીટર્ન થતા ડીસાની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સ્થાનિક વેપારીને એક વર્ષની કેદની સજા તેમજ રૂપિયા ૨.૮૧ લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. આ અંગેની વિગત એવી છે કે, ડીસામાં ત્રણ હનુમાન રોડ પર પિતૃકૃપા કોમ્પ્લેક્સમાં મેં.હિતેન્દ્ર કુમાર એન્ડ કંપની નામની પેઢી ધરાવતા સુખદેવભાઈ વક્તાજી ગેલોત બટાકાનો વેપાર કરવાનું કામ કરે છે.જેમાં ડીસા તાલુકાના દામા (ઠાકોરવાસ) ખાતે રહેતા અને બટાકાનો વેપાર કરતાં જીવરાજભાઈ લચ્છાજી કચ્છવા પણ બટાકાનો વેપાર કરતા હોઈ વર્ષ ૨૦૨૦માં કુલ બે વખત મળી રૂા.૨, ૮૧,૬૦૦/- ના બટાકા ખરીદયાં હતાં. તે પેટે તેમણે ડીસા નાગરિક બેંકનો ચેક મોકલ્યો હતો. આ ચેક સુખદેવભાઈએ ખાતામાં ભરતા જીવરાજભાઈના ખાતામાં બેલેન્સ ન હોઈ પરત કરી દેવાયો હતો. જેથી જીવરાજભાઈને નોટિસ આપવામાં આવતા તે પણ સ્વીકારી નહોતી. જેથી તેઓએ ડીસા કોર્ટમાં ચેક રીટર્ન અંગેનો કેસ દાખલ કર્યો હતો. જે કેસ ચાલી જતા ડીસા કોર્ટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વાય. એન. પટેલે ફરિયાદી પક્ષના વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી હતી તેમજ આરોપી જીવરાજભાઈ લચ્છાજી કચ્છવાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ના ગુના માટે એક વર્ષની સાદી કેદની સજા તેમજ હુકમની તારીખથી ૩૦ દિવસમાં ફરિયાદીને રૂા.૨,૮૧,૦૦૦ની રકમ ચૂકવી દેવાનો આદેશ કર્યો હતો. જો આરોપી બાકીની રકમ ન ચૂકવે તો વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવાનો પણ હુકમ કર્યો હતો.આ ઉપરાંત આરોપી ચુકાદા સમયે હાજર ન હોઈ તેનું પકડ વોરન્ટ કાઢવાનો પણ આદેશ કર્યો હતો.

## ઘાંચી હાઈસ્કૂલ મોડાસા ખાતે ફૂડ ફેસ્ટિવલની ઉજવણી



મોડાસા, તા.૨

ઘાંચી હાઈસ્કૂલ મોડાસા ખાતે ફૂડ ફેસ્ટિવલની ઉજવણી કરવામાં આવી હતી. ફૂડ ફેસ્ટિવલ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન સંસ્થાના પ્રમુખ સિકંદરભાઈ સુથાર (રાજાબાબુ)એ કર્યું હતું. જેમાં સંસ્થાના સેક્રેટરી હનીફભાઈ સિધવા, ઉપપ્રમુખ અ. રજ્જાક ખાનજી, મખદુમ હાઈસ્કૂલના પ્રમુખ સઈદ ભુરા, કારોબારી સભ્યોમાં ઈશાકભાઈ ઉપાદ, ઈલિયાસભાઈ મનવા, ગુલામનબી ભાઈ બુલા, સલીમભાઈ બાંડી, રહીમભાઈ સાબલિયા ઉપસ્થિત રહ્યા હતા. અન્ય ખાસ ઉપસ્થિતિમાં મખદુમ હાઈસ્કૂલના સેક્રેટરી અબ્દુલ કાદર ખાલક, નગરપાલિકા કોર્પોરેટર મયુદ્દીનભાઈ મલેક તથા ગુજરાત લુહાર સમાજના સેક્રેટરી જાકીરભાઇ હતા. પત્રકાર મિત્રોમાં સલીમભાઈ પટેલ (એસેન્ટ) ખાસ હાજર રહ્યા.

# અંકલેશ્વરના પીરામણ ચર્ચથી અંકલેશ્વર રેલવે સ્ટેશનને જોડતા રોડનું નવીનીકરણ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨

અંકલેશ્વરના પીરામણ ચર્ચથી અંકલેશ્વર રેલવે સ્ટેશનને જોડતા રોડનું નવીનીકરણ પાલિકા દ્વારા શરૂ કરતા સ્થાનિક રહીશોમાં ખુશી ફેલાઈ હતી. અંકલેશ્વર શહેર રેલવે સ્ટેશનને પીરામણ ચર્ચ તરફ જતા વી ટી કોલેજ રોડ ચોમાસા દરમિયાન અતિ બિસ્માર બન્યો હતો. વાહનો મસમોટા ખાડાને લઇ પલ્ટી મારી જતા હતા. સ્કૂલ રીક્ષા ખાડામાં પલ્ટી મારી હોવાના વિડીયો પણ વાયરલ થયા હતા. આ વચ્ચે સ્થાનિક રહીશોની ડ્રેનેજની સમસ્યાના નિવારણને લઇ રોડનું નવીનીકરણ પાછું ઠેલાઈ રહ્યું હતું. જિલ્લા પંચાયત હસ્તગત માર્ગ અને મકાન વિભાગના અંદર માં આવતા માર્ગ અંગે નગરપાલિકા દ્વારા જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ સાથે તાલમેલ કેળવી નગર પાલિકા દ્વારા ભારે વરસાદ માં નુકશાન પામતા રોડ ની ગ્રાન્ટ માંથી ૬૦૦ મીટરના ડામર રોડ માટે ૨૦ લાખ મંજુર કર્યા હતા. જો કે ડ્રેનેજ ની ઉભરાતી ચેમ્બરો ને લઈ નગરપાલિકા દ્વારા પ્રથમ ડ્રેનેજ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું હતું જે બાદ નગરપાલિકા દ્વારા આજરોજ રોડના ડામર વર્ક શરૂ કરતા સ્થાનિકો દ્વારા તેમની રોડ અને ડ્રેનેજ સમસ્યાના નિવારણરને લઇ ખુશી ફેલાઈ હતી. પાલિકા પ્રમુખ લલીતાબેન રાજપુરોહિત, કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ, સ્થાનિક સભ્ય સુરેશ પટેલની હાજરીમાં પાલિકા ઈજનેર રોડની કામગીરી શરૂ કરાઈ હતી અને ગુણવત્તાસભર અને નિયત કોન્ટ્રાકટ મુજબ રોડની કામગીરીની ચકાસણી પણ કરાવામાં આવી હતી.

### ભાજપ શાસિત સુરેન્દ્રનગર પાલિકાના

# ભાજપ સદસ્યે સીસી રોડ તૂટી જવા મામલે આત્મવિલોપનની આપેલી ચીમકી

સુરેન્દ્રનગર, તા.૨

સુરેન્દ્રનગર ભાજપ શાસિત સુરેન્દ્રનગર સંયુક્ત પાલિકાના વોર્ડ નં.૧૩ના ભાજપના સદસ્ય જગદીશ પરમારે વોર્ડમાં ૮૫ લાખના ખર્ચે બનેલો સીસી રોડ ગણતરીના દિવસોમાં તૂટી ગયો હોવાના આક્ષેપ સાથે આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી છે. ભાજપના સદસ્યએ કોન્ટ્રાકટરની ડિપોઝીટ જપ્ત કરી બ્લેક લીસ્ટમાં મુકવાની માંગ કરી હતી. નગરપાલિકામાં ભાજપના જ સદસ્યએ વિરોધ કરતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે.સુરેન્દ્રનગર સંયુક્ત પાલિકાના વોર્ડ નં.૧૩માં અંદાજે ૨૦ વર્ષ બાદ પાલિકા તંત્ર દ્વારા અંદાજે ૮૫ લાખથી વધુના ખર્ચે સીસી રોડ બનાવવામાં આવ્યા છે પરંતુ સીસી રોડ બન્યાના માત્ર થોડા દિવસો બાદ જ રોડ તુટી જતા અને ખાડાઓ પડતા આ વોર્ડમાંથી ચુંટાયેલ ભાજપના સદસ્ય જગદીશ પરમારે બે દિવસ પહેલા પાલિકા તંત્રને સીસી રોડની કામગીરીમાં લેબ ટેસ્ટીંગ કર્યા વગર તેમજ પુરતી માત્રામાં સીમેન્ટ વાપર્યા વગર કોન્ટ્રાકટર દ્વારા રોડ બનાવી નાંખ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો અને કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરી બ્લેક લીસ્ટ કરવાની માંગ કરી હતી. પરંતુ તેમ છતાંય કોઇ હકારાત્મક ઉકેલ ન આવતા ભાજપના સદસ્યએ આત્મવિલોપનની ચીમકી સાથે પાલિકા તંત્રને લેખીત રજૂઆત કરી છે અને આગામી ૧૫ દિવસમાં કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરી તેની ડિપોઝીટ જપ્ત કરી બ્લેક લીસ્ટમાં મુકવામાં નહીં આવે તો કલેકટર કચેરી ખાતે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારતા પાલિકાના સત્તાધીશો સહિત તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

### 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત

## સાયબર ક્રાઈમના ભોગ બનેલ ૧૩ લોકોને રકમ પરત અપાવી

### વડોદરાની નંદેસરી પોલીસની પ્રશંસનીય કામગીરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨

દિન પ્રતિદિન સાઈબર ક્રાઈમના ગુનાઓ વધી રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા તપાસ કરીને સાઈબર ક્રાઈમથી છેતરપિંડીનો ભોગ બનેલા ૧૩ જેટલા લોકોને 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજીને કુલ રૂા.૩ લાખથી વધુ રકમ નંદેસરી પોલીસે પરત અપાવી હતી. ઉલ્લેખનીય છે કે સાયબર ક્રાઈમ કરનારા લોકો યેનકેન પ્રકારે લોકો સાથે સાયબર ક્રાઈમથી છેતરપિંડી કરતા હોય છે. આવા રોજિંદા કિસ્સાની ફરિયાદ અવારનવાર પોલીસને મળતી હોય છે. દરમિયાન ગત ૨૦૨૪માં નંદેસરી પોલીસ મથકે ૧૩ લોકો સાથે સાયબર ક્રાઈમથી છેતરપિંડી થયાની ફરિયાદો સમયાંતરે નોંધાઈ હતી. આ અંગે નંદેસરી પોલીસે 'તેરા તુજ કો અર્પણ' અંતર્ગત કાર્યક્રમમાં છેતરપિંડીનો ભોગ બનેલા ૧૩ જેટલા લોકોની છેતરપિંડીમાં ગયેલી અને પોલીસે આરોપીઓ પાસેથી કબજે કરેલી કુલ રૂા.૩,૦૩,૦૦૬ રકમ મૂળ માલિકોને પરત કરી હતી. જેથી પરત મળેલા નાણા અંગે તમામ ૧૩ ફરિયાદીઓમાં ખુશીની લહેર વ્યાપી હતી. નંદેસરી પોલીસ ઈન્સ્પેક્ટરે તેઓએ જણાવ્યું કે સાયબર ક્રાઈમથી બચવા કોઈપણ નવી અજાણી લિંક નહીં ખોલવા સલાહ આપી હતી. આવા કાર્યક્રમોથી લોકોમાં જાગૃતિ લાવવા ગામેગામ આવા કાર્યક્રમો યોજવામાં આવે છે.

### જન શિક્ષણ સંસ્થાન-ભરૂચ દ્વારા

# વાલિયાના કોંઢ ગામે વોકેશનલ સ્કીલ તાલીમ વર્ગોનો પ્રારંભ કરાયો



ભરૂચ, તા.૨

વાલીયા તાલુકાનાં કોંઢ ગામે બ્યુટીકેર આસીસ્ટન્ટ અને આસીસ્ટન્ટ ડ્રેસમેકરની સ્કીલ તાલીમ વર્ગોનો શુભારંભ કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા પુરસ્કૃત જન શિક્ષણ સંસ્થાન ભરૂચ દ્વારા આજરોજ કરવામાં આવ્યો. આ પ્રસંગે ગુજરાત ગાર્ડિયન કંપનીના મેનેજમેંટ તરફથી યતિનભાઈ છાયા, પૂજા ગુપ્તા,આશિષ રાણા, પરાગ શાહ, નાઝનીન શેખ અને ગામનાં આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાનના નિયામક ઝયનુલ આબેદીન સૈયદે આજના યુગમાં કૌશલ્યદક્ષ તાલીમની જરૂરીયાત ઉપર ભાર મુકી જીવનમાં સ્વરોજગારી પ્રેરિત આ પ્રકારની તાલીમ થકી ગ્રામીણ બહેનો આવકનો શ્રોત બની પોતાના કુટુંબની આર્થિક સ્થિતિમાં સુધારો લાવી શકે છે. આ પ્રકારની વિવિધલક્ષી કૌશલ્ય તાલીમ થકી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં કૌશલ ભારત કુશલ ભારતના સ્વપ્નને સાકાર કરી બહેનો આત્મ નિર્ભર બનશે. આ પ્રસંગે ઉપસ્થીત મહાનુભાવો અને તજજ્ઞો દ્વારા દરેક તાલીમ ઈચ્છુક બહેનો નિયમિત તાલીમ પ્રાપ્ત કરી પોતાના કુટુંબને આર્થિક રીતે સધ્ધરતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય તેવી અભ્યર્થના સેવી હતી. જેએસએસ દ્વારા નિષ્ણાંત તજજ્ઞો શ્રીમતિ વિભાબેન લાડોલા તથા શ્રીમતી મનિષાબેન પટેલને અહીં તાલીમની જવાબદારી સુપ્રત કરી હતી. અંતે ફિલ્ડ કો.ઓર્ડિનેટર શ્રીમતી ક્રિષ્ણાબેન કઠોલિયા દ્વારા સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરી હતી.

# જામિયા આઈ.ટી.આઈ. અક્કલકુવાનું જિલ્લા ટેક્નિકલ પ્રદર્શનમાં પ્રથમ સ્થાન



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અક્કલકુવા, તા.૨

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં આયોજિત જિલ્લા સ્તરીય ટેકનિકલ પ્રદર્શનમાં, જામિયા ઔદ્યોગિક તાલીમ સંસ્થા દ્વારા અનુક્રમે ત્રણ મોડેલ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં ફેશન ડિઝાઇન અને ટેક્નોલોજીના 'ફ્લોરલ ફેન્ટેસી અને વેડિંગ ગાઉન'ને પ્રથમ સ્થાન મળ્યું હતું અને ઈલેક્ટ્રિશિયન ટ્રેડ ના 'સોલાર પાવર ટેમ્પરેચર કંટ્રોલ રૂફ લૂપ કૂલિંગ સિસ્ટમને' ચોથું સ્થાન મળ્યું હતું. ફેશન ડિઝાઇન અને ટેક્નોલોજીના 'ફ્લોરલ ફેન્ટસી ગાઉન્સ અને વેડિંગ ગાઉન્સ' મોડલ માટેની ડિઝાઇન બૈસાને ભૂમિકા મનોહર અને મલેક હબીબા ફૌજુલ કબીર દ્વારા નિર્દેશક સૈયદ હલીમા હકીમના નિર્દેશનમાં તૈયાર કરવામાં આવી હતી. ઈલેક્ટ્રિશિયન ટ્રેડનું મોડલ "સોલર એનર્જી ટેમ્પરેચર કન્ટ્રોલ્ડ રૂફ ટોપ કૂલિંગ સિસ્ટમ" શેખ શાકિર સર અને સમીર મકરાણીના માર્ગદર્શનમાં સૈયદ પરવેઝ અલી ખુર્રમ અલી અને ફારૂકી મોહમ્મદ સમી વહીદુદ્દીન દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાના ટેકનિકલ પ્રદર્શનમાં, જામિયા ITIના તમામ પસંદગી થયેલા તાલીમાર્થીઓ અને નિર્દેશકોને જામિયાના સંસ્થાપક મૌલાના ગુલામ વસ્તાનવી સાહેબ, સંસ્થાના પ્રમુખ મૌલાના હુઝૈફા વસ્તાનવી સાહેબ, મૌલાના ઉવૈસ વસ્તાનવી સાહેબ, અને પ્રસ્તાવિત જી. એમ વસ્તાનવી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર સૈયદ અકીલ સાહેબ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ અકબર પટેલ સર અને વાઇસ પ્રિન્સિપાલ ઇલ્યાસ પટેલ સરએ સૌની પ્રશંસા કરી અને રાજ્ય કક્ષાએ યોજાનાર ટેકનિકલ પ્રદર્શન માટે સૌને શુભેચ્છા પાઠવી હતી.

## ધોળકામાં અમિત શાહ વિરૂદ્ધ આવદેન



કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરનાં કરાયેલ કથિત અપમાનનાં વિરોધમાં આજે શૌર્ય દિવસ નિમિતે અનુસૂચિત જાતિ સમાજ અમદાવાદ જિલ્લા દ્વારા ધોળકા મામલતદાર કચેરીમાં મામલતદારને એક આવેદનપત્ર આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિતે અનુસૂચિત જાતિ સમાજના કાર્યકરો હાથમાં પ્લે કાર્ડ સાથે ધોળકા મામલતદાર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને સૂત્રોચ્ચાર કરી ગૃહમંત્રી અમિત શાહનાં રાજીનામાની માગણી કરી હતી. ત્યારબાદ અનુસૂચિત જાતિ સમાજના આગેવાનોએ ધોળકાના મામલતદાર એસ. આર. ત્રિવેદીને એક આવેદનપત્ર પાઠવ્યું હતું.

### ભાવનગરના વતની અને પુનામાં કન્સ્ટ્રક્શનનું કામકાજ કરતા

# વૃદ્ધને સીબીઆઈ તથા પોલીસની ઓળખ આપી ૧૫ લાખ ખંખેરનાર શખ્સ ઝડપાયો

ભાવનગર, તા.૨

ભાવનગરના વતની અને પુનામાં કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા વૃદ્ધને સીબીઆઇ અને પોલીસ હોવાની ખોટી ઓળખ આપી તેમના નામના પાર્સલમાં ડ્રગ્સ અને ગેરકાયદેસર વસ્તુઓ મોકલેલ હોવાનું જણાવી ઈડી તથા સુપ્રીમ કોર્ટના બનાવટી લેટર અને વોરંટ મોકલી ફરિયાદી પાસેથી સિક્યુરિટી ડિપોઝિટના નામે રૂપિયા ૧૫ લાખ મેળવી લઈ ડિજિટલ એરેસ્ટના નામે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરનાર દાહોદ જિલ્લાના સંજેલીના ગામના શખ્સની ભાવનગર સાયબર ક્રાઇમ પોલીસે ધરપકડ કરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના મહિલા કોલેજ સર્કલ પાસે આવેલ મહિલા કોલેજ પાછળ રહેતા અને પુના ખાતે કન્ટ્રક્શનનું કામકાજ કરતા મયુરભાઈ જીવરાજભાઈ પટેલ (ઉં.વ.૬૫)ને અજાણ્યા શખ્સોએ તેમના નામના પાર્સલમાં ડ્રગ્સ અને ગેરકાયદેસર વસ્તુઓ મોકલેલ હોવાનું જણાવી, પોતે સીબીઆઇ તથા પોલીસમાં હોવાની ખોટી ઓળખ આપી મયુરભાઈના નામનું ઈડી તેમજ સુપ્રીમ કોર્ટના બનાવટી લેટર અને વોરંટ મોકલી તેમને ડિજિટલ એરેસ્ટ કરાયા હોવાનું જણાવી સિક્યુરિટી ડિપોઝિટના નામે રૂા.૧૫ લાખ મેળવી લઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. પોતાની સાથે ઠગાઈ થઇ હોવાનું જણાતા મયુરભાઈએ જાગૃતિ દાખવી તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમ તેમજ આઇ.ટી. એકની કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે સાઈબર ક્રાઈમ પોલીસે ધનંજય મુકેશભાઈ પુરોહિત (ઉં. વ.૨૩ ધંધો વેપાર, રહે સંજેલી મેઈન બજાર, સરકારી દવાખાના પાસે તા. સંજેલી, જિ. દાહોદ)ની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. સાયબર પોલીસે ઝડપાયેલા શખ્સની પૂછપરછ કરી આ ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# ૧૬ વર્ષથી ફરાર ૨૨ ગુનાનો આરોપી LCBના હાથે પકડાયો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨

ખેડા એલસીબીએ વિવિધ ૨૨ ગુનાના એક આરોપીને પકડી લાવી વધુ તપાસ હાથ ધરી છે. આ તપાસમાં હાલમાં રાજસ્થાનની એક ચોરીનો ભેદ ખુલ્યો છે તેમજ અન્ય ગુના પણ ભૂતકાળમાં તેણે કર્યા હોવાનું બહાર આવ્યું છે.આ અંગે મળતી માહિતી મુજબ ખેડા એલસીબીને એવી સૂચના આપવામાં આવી હતી કે ઘરફોડ ચોરીના શંકમદ ઈસમો તથા હિસ્ટ્રીશિટરની તપાસ કરી આવા ગુનેગારોને પકડી પાડી જેલમાં ભેગા કરવા જેથી એલસીબીના પીઆઇ વેકરીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફે હાથ ધરેલી તપાસમાં ચોરીના હિસ્ટ્રીશિટર નવઘણ પુંજાભાઇ તળપદા (રહે.આણંદ) પકડી લાવી પુછપરછ કરતા તેણે ઈસમ રાજસ્થાન રાજયના હનુમાનગઢ જિલ્લાના રાવતસર પોલીસ સ્ટેશન સન ૨૦૦૮ના કલમ ૪૫૭,૩૮૦ મુજબના ઘરફોડ/ચોરીના ગુનાના કામે નાસતો ફરતો હોવાનું બહાર આવ્યું છે. ગુજરાત તથા દેશના અન્ય રાજયોમાં ઘરફોડ/ચોરીના ૨૨થી વધુ ગુનાઓને અંજામ આપનાર આંતરરાજય રીઢા ઘરફોડીયાની છેલ્લા ૧૬ વર્ષથી પોલીસને તપાસ હતી તેને એલસીબીએ પકડી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસામાં યોગ મહોત્સવનો પ્રારંભ

ડીસા ખાતે આવેલ શુભમ પાર્ટી પ્લોટના વિશાળ મેદાનમાં આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા યોગ મહોત્સવનું ચાર દિવસીય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રથમ દિવસે ઈન્ટરનેશનલ યોગ ગુરૂ શૈલેષજી રાઠોડે યોગ, ધ્યાન અને પ્રાણાયામના પાઠ શીખાવ્યા હતા. આ યોગ મહોત્સવમાં બનાસકાંઠા જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રોગમુક્ત શરીર બને અને આનંદમય જીવન બને તેવા ઉમદા હેતુથી આર્ટ ઓફ લિવિંગ પરિવાર, ડીસા દ્વારા યોગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

## પાલીતાણામાં સેનિટેશન શાખાના કર્મચારીઓ દ્વારા પ્લાસ્ટિક ડ્રાઈવ



પાલીતાણા નગરપાલિકાના 'ચીફ ઓફિસર રવિકુમાર વેકરીયા માર્ગદર્શન હેઠળ સેનિટેશન શાખાના કર્મચારીઓ દ્વારા શહેરમાં વિવિધ જગ્યાએ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા, જાહેરમાં કચરો ફેંકવા અને ગંદકી કરવા બદલ ડ્રાઈવ કરવામાં આવી, જેમાં પ્લાસ્ટિકના ઉપયોગ કરતાં ૪ વેપારીને ૭૫૦૦ દંડ આપી તથા ૧૯૧ kg પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યો. જેમ ચીફ ઓફિસર, SBM શાખાના તમામ કર્મચારીઓ જોડાયા હતા. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

## જૂનાગઢમાં પમીએ હિજામા કેમ્પનું આયોજન

જૂનાગઢ,તા.૨

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહના ગાદીનશીન હઝરત અલ્હાજ પીર ગુલઝાર બાપુ નૂરી દ્વારા સંચાલિત નૂરી કલિનિક એન્ડ નિદાન કેન્દ્ર મસ્જિદે રઝા પાસે ઉઘીવાડા, જૂનાગઢ ખાતે તા.૫-૧-૨૦૨૫ રવિવારે સવારે ૯:૩૦થી ૧૨:૦૦ વાગ્યા સુધી પુરૂષો માટે હિજામા (કપીંગ થેરાપી) કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ હિજામા કેમ્પમાં જામનગરના પ્રખ્યાત અને હિજામાનો બહોળો અનુભવ ધરાવતા હિજામા થેરાપીસ્ટ સમીરભાઈ ખલીફા હાજર રહી સેવા આપશે.

# જામનગર અને જામજોધપુરમાં રૂા.૫૬.૨૫ લાખની વીજચોરી ઝડપાઇ

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨

જામનગર શહેરમાં પખવાડિયાના વિરામ બાદ ગત સોમવારથી વીજ તંત્ર દ્વારા ફરીથી વીજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને વર્ષ ૨૦૨૫ના પ્રારંભે અને સતત ત્રીજા દિવસે પણ શહેર-જિલ્લામા ૪૬ વિજ ચેકીંગ ટુકડીઓને દોડતી કરાવાઇ હતી. જેથી વીજ ચોરોમાં ફફડાટ મચી ગયો છે. આજે કુલ રૂા.૫૬.૨૫ લાખની પાવર ચોરી ઝડપી લેવામાં આવી હતી. જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરીની ચેકિંગ ડ્રાઇવ દ્વારા સોમવારે જામનગર શહેરના જુદા જુદા વિસ્તારમાં ૨૬ જેટલી વિજચેકિંગ ટુકડીને મેદાનમાં ઉતારવામાં આવી હતી અને કુલ રૂા.૨૩.૧૦ લાખનાં વીજ પુરવણી બિલ આપવામાં આવ્યા હતા.ત્યારબાદ ગઈકાલ મંગળવારે સતત બીજા દિવસે પણ વીજ ચેકિંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને રૂપિયા ૨૫.૬૫ લાખના વીજ પુરવણી બિલ આપવામાં આવ્યા હતા. જ્યારે આજે વર્ષ ૨૦૨૫ના પ્રારંભે અને સતત ત્રીજા દિવસે પણ વીજ ચેકિગની કાર્યવાહી અવિરત ચાલુ રાખવામાં આવી હતી. આજે જામનગર શહેરના સનસીટી, એસ ટી ડિવિઝન વિસ્તાર, નગર સીમના નવા વિકસિત વિસ્તાર, હાપા માર્કેટ યાર્ડ વિસ્તાર, ગોકુલધામ સોસાયટી, કર્મચારી નગર સોસાયટી વિસ્તાર અને ધોરીવાવ તેમજ જામજોધપુર તાલુકાના વાંસજાળીયા, તરસાઈ અને સખપુર ગામમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામા આવી હતી.આજે કુલ ૪૬ ટીમ દ્વારા ૫૪૩ વીજ જોડાણ તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૯૩ વીજ જોડાણમા ગેરરિતી જોવા મળી આવી હતી. જેથી તે આસામીઓને આજે કુલ રૂા.૫૬.૨૫ લાખનાં વીજ પૂરવણી બિલ આપવામાં આવ્યા હતા. આમ ત્રણ દિવસમાં રૂા.૧ કરોડ પાંચ લાખની વીજ ચોરી ઝડપી લેવામાં આવી છે.આજની કાર્યવાહીમાં ૧૨ લોકલ પોલીસ અને ૧૪ એસઆરપી જવાનોની મદદ લેવામાં આવી હતી.

# નવા વર્ષના પહેલા જ દિવસે ઈઝરાયેલી હવાઈ હુમલામાં ગાઝાના વધુ ૧૧ નાગરિકોનાં મોત



(એજન્સી) ગાઝા સિટી, તા.૨

ઈઝરાયેલ દ્વારા નવા વર્ષ ૨૦૨૫ના પહેલા દિવસે ગાઝા સિટી પર કરાયેલા ભયાનક હવાઈ હુમલામાં વધુ ૧૧ જેટલા નાગરિકોના મોત થયા હતા. તબીબી વર્તુળોએ જણાવ્યા મુજબ મધ્ય ગાઝા વિસ્તારમાં આવેલા બુરેજ રેફ્યુજી કેમ્પ ઉપર ઈઝરાયેલી ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવતા એક મહિલા અને એક બાળકનું મોત થયું હતું અને બીજા સંખ્યાબંધ લોકો ઘાયલ થયા હતા. કુલ કેટલી જાનહાનિ થઈ તેનો આંકડો હજુ મળ્યો નથી એ પછી જબાલિયા વિસ્તારમાં ઈઝરાયેલ દ્વારા કરાયેલા બીજા હવાઈ હુમલામાં ૧૫ નિર્દોષ નાગરિકોનાં મોત થયા હતા અને બીજા સંખ્યાબંધ ઘાયલ થયા હતા.

હિંસાનું તાંડવ નજરે જોનારા સાક્ષીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલના લશ્કર દ્વારા મકાનોને ઉડાવી દેવાનું ચાલુ જ રાખવામાં આવ્યું છે અને હવે કેટલાક વિસ્તારોમાં રહેણાંક મકાનો પણ ફૂંકી મારવામાં આવી રહ્યા છે. સૌથી વધુ જબાલિયા અને બેત લહિયા વિસ્તારોમાં રહેણાંક મકાનોને બોમ્બમારાથી ઉડાવી દેવામાં આવ્યા છે. જ્યારે દક્ષિણ ગાઝામાં આવેલા અલ પુકારી વિસ્તારમાં એક મકાન પર બોબ વર્ષા કરવામાં આવતા સંખ્યાબંધ લોકો ઘાયલ થયા હતા. ઈઝરાયેલના લશ્કર દ્વાર ગાઝા પટ્ટીના નિર્દોષ નાગરિકોનો નરસંહાર ચાલુ જ રાખવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં ૪૫,૫૦૦થી વધુ લોકો માર્યા ગયા છે જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો છે. યુદ્ધ અપરાધો બદલ ઈઝરાયેલના રાષ્ટ્રપ્રમુખ અને તેના સંરક્ષણ મંત્રી સામે આંતરરાષ્ટ્રીય અદાલતે ધરપકડના વોરંટ પર બહાર પાડ્યા છે.

# કબ્રસ્તાન : ઈઝરાયેલે ગાઝામાં ૧,૧૦૦ પેલેસ્ટીની બાળકોને મારી નાખ્યા

(એજન્સી) તા.૨

સ્થાનિક અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે ઑક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી હુમલામાં લગભગ ૧,૧૦૦ પેલેસ્ટીની બાળકો મૃત્યુ પામ્યા છે. ગાઝા સ્થિત સરકારી મીડિયા ઓફિસે બુધવારે જણાવ્યું કે ઈઝરાયેલના હુમલા દરમિયાન ઓછામાં ઓછા ૧,૦૯૧ બાળકો મૃત્યુ પામ્યા છે, જેમાં ૨૩૮ નવજાત બાળકોનો સમાવેશ થાય છે. યુએન સુરક્ષા પરિષદના ઠરાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગણી હોવા છતાં ઈઝરાયેલે ૭ ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝા પર નરસંહાર યુદ્ધ શરૂ કર્યું છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્યારથી ૪૫,૫૫૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૧,૦૮,૩૦૦થી વધુ ઘાયલ થયા છે. તેલ અવીવે પેલેસ્ટીની પ્રદેશો પર ગૂંગળામણજનક નાકાબંધી પણ લાદી છે, જેનાથી આ પ્રદેશની સમગ્ર વસ્તી દુષ્કાળની અણી પર આવી ગઈ છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ સોમવારે જણાવ્યું કે, ઈઝરાયેલી નાકાબંધીને કારણે ઠંડીના સંપર્કમાં આવતા છ શિશુઓ સહિત ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા છે. નવેમ્બરમાં, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમના પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે. ઈઝરાયેલને ઈન્ક્લેવ પરના યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.



# ઈઝરાયેલી સરકાર ગાઝા સિટી પર કબજો કરવાનો લશ્કરને આદેશ આપવાનું વિચારી રહી છે : અહેવાલ



(એજન્સી) તા.૨

ઈઝરાયેલી સરકાર ગાઝા શહેરને કબજે કરવા માટે સૈનિકોને આદેશ આપવાનું વિચારી રહી છે, સ્થાનિક મીડિયાએ બુધવારે અહેવાલ આપ્યો હતો. ઈઝરાયેલી ચેનલ ૧૪એ જણાવ્યું કે ગાઝામાં પેલેસ્ટીનીઓ સાથે યુદ્ધવિરામ અને કેદીઓના વિનિમય સોદા સુધી પહોંચવાના હેતુથી પરોક્ષ મંત્રણા વચ્ચે આ પગલું આવ્યું છે. પ્રસારણકર્તા અનુસાર, વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની સરકાર ઉત્તરી ગાઝામાં તેના લશ્કરી કાર્યવાહીના પરિણામોથી 'સંતુષ્ટ' છે. ઈઝરાયેલે ૫ ઓકટોબરથી ઉત્તરી ગાઝામાં મોટા પાયે ગ્રાઉન્ડ આક્રમણ ચાલુ રાખ્યું છે, જેનો ઉદ્દેશ્ય પેલેસ્ટીની પ્રતિકાર સમૂહ હમાસને ફરી એકઠા થતા અટકાવવાનો છે. જો કે, પેલેસ્ટીનીઓ આક્ષેપ કરે છે કે ઈઝરાયેલનો હેતુ આ વિસ્તાર પર કબજો કરવાનો અને તેના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કરવાનો છે. ચેનલે જણાવ્યું કે, 'રાજકીય સ્તરે ઈઝરાયેલી સેનાને દક્ષિણ તરફ આગળ વધવા અને નજીકના ભવિષ્યમાં ગાઝા સિટીને કબજો કરવા માટે આદેશ જારી કરવા પર વિચારણા કરી રહી છે.' 'આવું ઓપરેશન હવે શક્ય છે, ખાસ કરીને લેબેનોનમાં યુદ્ધવિરામ અને મોટાપાયે અને લાંબા સમય સુધી દાવપેચ કરવા માટે વધુ લશ્કરી દળોની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને.' યુ.એસ., ઈજિપ્ત અને કતાર દ્વારા ગાઝામાં યુદ્ધવિરામની દલાલી કરવાના પ્રયાસો અત્યાર સુધી નેતાન્યાહુના લડાઈ રોકવાના ઈન્કારને કારણે નિષ્ફળ ગયા છે. ઈઝરાયેલી દળોએ ગાઝા પર નરસંહારનું યુદ્ધ ચાલુ રાખ્યું છે, જેમાં ૭ ઓકટોબર ૨૦૨૩ના રોજ હમાસના આક્રમણથી ૪૫,૫૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે, જ્યારે યુએન સુરક્ષા પરિષદે તાત્કાલિક યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે. નવેમ્બરમાં આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતે ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે નેતાન્યાહુ અને તેમના પૂર્વસંરક્ષણ મંત્રી યોવ ગેલન્ટ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ઈન્ક્લેવ પરના યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# પેલેસ્ટીનીઓએ ગયા મહિને જેરૂસલેમના અલ-અક્સા પરિસર પર ૨૨ ઈઝરાયેલી પ્રવાસીઓના હુમલાનો રિપોર્ટ આપ્યો

(એજન્સી) તા.૨

પેલેસ્ટીની અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે ગેરકાયદેસર ઈઝરાયેલ ઈમિગ્રન્ટ્સ ગયા મહિને ૨૨ વખત પૂર્વ જેરૂસલેમમાં અલ-અક્સા મસ્જિદ કમ્પાઉન્ડમાં ઘૂસી ગયા હતા. અવકાફ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, 'ઈઝરાયેલી કબજાવાળા દળો અને વસાહતીઓએ ડિસેમ્બરમાં અલ-અક્સા મસ્જિદ પર તેમના હુમલા વધુ તીવ્ર બનાવ્યા હતા.' તેમાં ઉમેર્યું કે, 'આ ઘૂસણખોરીનો હેતુ વસાહતીઓને મસ્જિદમાં યહૂદી ધાર્મિક વિધિઓ કરવાની મંજૂરી આપીને એક નવી વાસ્તવિકતા બનાવવાનો છે.' મંત્રાલયે જણાવ્યું કે ઈઝરાયેલી પોલીસ વસાહતીઓના દરોડા માટે સુરક્ષા પૂરી પાડે છે, મસ્જિદના રક્ષકોના કામમાં અવરોધ ઉભો કરે છે અને ધરપકડ અને શોધ દ્વારા મુસ્લિમ ઉપાસકો પર પ્રતિબંધ લાદે છે. રવિવારે ઈઝરાયેલના સંચાર મંત્રી શ્લોમો કારહી, વસાહતીઓ સાથે વિસ્ફોટના સ્થળે જવા માટે દબાણ કર્યું અને પશ્ચિમી દિવાલ (અલ-બુરાક દિવાલ)ની નીચેની એક ટનલમાં ધાર્મિક વિધિ કરી. ગયા અઠવાડિયે, દૂરના દક્ષીણપંથી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામર બેન-ગવીર ભારે પોલીસ એસ્કોર્ટ વચ્ચે યહૂદી રજાની ઉજવણી કરવા માટે એક મસ્જિદમાં પ્રવેશ્યા હતા. અલ-અક્સા મસ્જિદ મુસ્લિમો માટે વિશ્વનું ત્રીજું સૌથી પવિત્ર સ્થળ છે. યહૂદીઓ આ વિસ્તારને ટેમ્પલ માઉન્ટ કહે છે અને કહે છે કે પ્રાચીન સમયમાં અહીં બે યહૂદી મંદિરો હતા. ઈઝરાયેલે ૧૯૬૭ના અરબ-ઈઝરાયેલ યુદ્ધ દરમિયાન પૂર્વ જેરૂસલેમ પર કબજો કર્યો, જ્યાં અલ અક્સા સ્થિત છે. ૧૯૮૦માં તેણે સમગ્ર શહેર પર નિયંત્રણ મેળવ્યું, જેને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા ક્યારેય માન્યતા આપવામાં આવી ન હતી.



# યમનના હૌથીઓએ રાજધાની સના પર ૧૨ અમેરિકન-બ્રિટિશ હવાઈ હુમલાના અહેવાલ આપ્યા

(એજન્સી) તા.૨

હૌથી સમૂહે જણાવ્યું કે, અમેરિકન અને બ્રિટિશ યુદ્ધ વિમાનોએ મંગળવારે યમનની રાજધાની સના પર ૧૨ હવાઈ હુમલા કર્યા છે. હૌથી સંચાલિત અલ-મસિરાહ ટીવીએ જણાવ્યું કે હુમલાનું લક્ષ્ય અલ-અરદી સંકુલ હતું, જેમાં સંરક્ષણ મંત્રાલયનું મુખ્યાલય છે અને ૨૨ મેના સંકુલ, જે મધ્ય સનામાં માહિતી મંત્રાલયનું સંકુલ ધરાવે છે. હુમલામાં કોઈ જાનહાનિ કે નુકસાન અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. આ અહેવાલ પર વોશિંગ્ટન અથવા લંડન તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. હૌથીના પ્રવક્તા મોહમ્મદ અબ્દુલ સલામે યુએસ-યુકેના હવાઈ હુમલાની ટીકા કરતા જણાવ્યું કે તે 'સ્વતંત્ર રાજ્યની સાર્વભૌમત્વનું ઘોર ઉલ્લંઘન છે અને ગાઝામાં નરસંહારના ગુનાઓ ચાલુ રાખવા માટે ઈઝરાયેલને ખુલ્લું સમર્થન છે.' હૌથીઓએ તેલ અવીવમાં ઈઝરાયેલનર બેન ગુરિયન એરપોર્ટ અને દક્ષિણ જેરૂસલેમમાં પાવર પ્લાન્ટ પર બે બેલેસ્ટિક મિસાઈલો છોડ્યાના કલાકો બાદ આ હુમલાઓ થયા છે. હૌથીઓએ યુએસ એરક્રાફ્ટ કેરિયર યુએસએસ હેરી ટ્રુમેનને પણ ડ્રોન અને ક્રુઝ મિસાઈલો વડે નિશાન બનાવ્યું હતું. સમુહનર એક નિવેદન



અનુસાર, ડિસેમ્બર ૧૯-૨૮ની વચ્ચે, હૌથીઓએ ઈઝરાયેલી સ્થિતિઓ સામે ૧૩ લશ્કરી કાર્યવાહી શરૂ કરી. ગયા અઠવાડિયે, ઈઝરાયેલે હોથી ડ્રોન અને મિસાઈલ હુમલાઓના જવાબમાં સના અને દરિયાકાંઠાના રાજય અલ-હુદાયદાહમાં હોથી-આધિકૃત લક્ષ્યો પર હવાઈ હુમલા શરૂ કર્યા. હૌથિઓએ ગાઝા પટ્ટીના સમર્થનના પ્રદર્શનમાં લાલ સમુદ્રમાં ઈઝરાયેલી માલવાહક જહાજો અથવા તેલ અવીવ સાથે જોડાયેલા જહાજોને મિસાઈલો અને ડ્રોનથી નિશાન બનાવ્યા છે, જ્યાં ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ઈઝરાયેલના નરસંહાર યુદ્ધમાં ૪૫,૫૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે.

# વિસ્થાપિત ગાઝાવાસીઓના ૧,૫૦૦થી વધુ ટેન્ટ વરસાદી પાણીમાં ડૂબી ગયા



(એજન્સી) તા.૨

છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે ગાઝા પટ્ટીમાં વિસ્થાપિત નાગરિકોના ૧,૫૪૨થી વધુ તંબુઓ ડૂબી ગયા છે. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું કે, ૩૦ સેન્ટિમીટરથી વધુ વરસાદી પાણીના સ્તરથી સેંકડો તંબુઓ છલકાઈ ગયા હતા. તેણે જણાવ્યું કે, 'ઘણા લોકો ઠંડીથી ધ્રૂજી રહ્યા છે કારણ કે વરસાદના પાણીથી તેમનો સામાન નાશ પામ્યો છે. સેવાએ જણાવ્યું કે મુશળધાર વરસાદે ગાઝા શહેરમાં ૪૯૭ તંબુઓ, મધ્ય ગાઝામાં દેર અલ-બાલાહમાં ૨૧૦, રાફાહમાં ૧૭૦ અને દક્ષિણ ગાઝામાં ખાન યુનુસમાં ૬૬૫ તંબુઓ તણાઈ ગયા હતા. ગાઝા પટ્ટી રવિવારથી શીત લહેર અને મુશળધાર વરસાદથી પ્રભાવિત છે, જેના કારણે પ્રદેશની ૨૩ લાખ વસ્તી માટે વધુ મુશ્કેલી ઊભી થઈ છે. આ પ્રદેશમાં ઠંડીના કારણે છ બાળકો સહિત ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા છે, એમ સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. ઈઝરાયેલી દળોએ ગાઝા પર નરસંહારનું યુદ્ધ ચાલુ રાખ્યું હતું, જેમાં ૪૫,૫૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો હતા, કારણ કે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસના હુમલાએ પ્રદેશને ખંડેર બનાવી દીધો હતો. નવેમ્બરમાં, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમના પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે. ઈઝરાયેલને ઈન્ક્લેવ પરના યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# ઈઝરાયેલે ગાઝા 'માનવતાવાદી ક્ષેત્ર' પર હુમલો કર્યો, ૧૧ લોકોનાં મોત, ૧૫ ઘાયલ

(એજન્સી) તા.૨

સ્થાનિક ડોક્ટરો અને સમાચાર સંસ્થાઓના અહેવાલ મુજબ, દક્ષિણ ગાઝામાં નિયુક્ત માનવતાવાદી સંરક્ષણ ક્ષેત્રમાં વિસ્થાપિત લોકો માટે કામચલાઉ તંબુઓ પર ઈઝરાયેલી હવાઈ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૧ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે. અલ-મવાસી વિસ્તારમાં ગુરૂવારે પ્રિ-ડૉન હુમલામાં -જેને ઈઝરાયેલી સૈન્યએ ગાઝા પરના તેના યુદ્ધની શરૂઆતમાં 'સેફ ઝોન' જાહેર કર્યો હતો-ત્રણ બાળકો અને બે મહિલાઓ સહિત ૧૧ લોકો મૃત્યુ પામ્યા છે. હુમલા પછીની એક વીડિયો ક્લિપમાં લોકોને સળગતા તંબુઓ, છૂટાછવાયા કાટમાળ અને લોન્ડ્રી લાઈનની વચ્ચે બચી ગયેલા લોકોને શોધતા દર્શાવવામાં આવ્યા હતા જ્યાં વિસ્થાપિત લોકોની શિબિરના રહેવાસીઓએ કપડાં સૂકવવા માટે લટકાવી દીધા હતા. હુમલામાં ૧૫ લોકો ઘાયલ પણ થયા છે, જોકે તેમની સ્થિતિ વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી. ઈઝરાયેલી સૈન્યએ માનવતાવાદી ક્ષેત્ર પરના તેના તાજેતરના હુમલા પર ટિપ્પણી કરી નથી, જેને ઈઝરાયેલી યુદ્ધ વિમાનો, ડ્રોન અને આર્ટિલરી દ્વારા વારંવાર નિશાન બનાવવામાં આવ્યા છે, જેમાં ૨૨ ડિસેમ્બરના રોજ થયેલા સૌથી તાજેતરના હુમલાનો સમાવેશ થાય છે, જેમાં બે બાળકો સહિત આઠ લોકો મૃત્યુ પામ્યા છે. થોડા દિવસો પહેલા ઈઝરાયેલી ટેન્ક દક્ષિણના શહેર રફાહથી અલ-મવાસી તરફ આગળ વધી હતી, જેના કારણે ડઝનેક પરિવારોને નિકટવર્તી હુમલાના ડરથી ઉત્તર તરફ ભાગી જવાની ફરજ પડી હતી. ૩ ડિસેમ્બરના રોજ અલ-માવાસીમાં તંબુઓ પર ઈઝરાયેલના મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા ૨૦ લોકો મૃત્યુ પામ્યા અને અન્ય ઘાયલ થયા. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે આ હુમલામાં હમાસના એક અધિકારીને નિશાન બનાવવામાં આવ્યો હતો. નવા વર્ષના દિવસે, ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ચાર બાળકો અને એક મહિલા સહિત ઓછામાં ઓછા ૨૬ લોકો મૃત્યુ પામ્યા છે. હુમલામાં નાશ પામેલી ઈમારતોના કાટમાળમાં દસ લોકો પણ લાપતા છે.



# પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે કમલ અદવાન હોસ્પિટલના ડિરેક્ટરને મુક્ત કરવાની માંગ કરી

(એજન્સી) તા.૨

પેલેસ્ટીનના આરોગ્ય મંત્રાલયે કમલ અદવાન હોસ્પિટલના ચીફ ડો. હુસામ અબુ સફિયા અને ઈઝરાયેલની જેલમાં બંધ તમામ તબીબી કર્મચારીઓની તાત્કાલિક મુક્તિની માંગણી કરી, જ્યારે એમ કહીને કે ઈઝરાયેલી કબજાવાળા દળોએ તેમના અધિકારોનું ઉલ્લંઘન કર્યું અને અટકાયત કરી. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે માનવતાવાદી ફરજો નિભાવતી વખતે ડોક્ટરો અને દર્દીઓ પર હુમલા અને તબીબી કર્મચારીઓની ધરપકડ માનવ અને વ્યાવસાયિક અધિકારોનું ઉલ્લંઘન છે. તેણે સંયુક્ત રાષ્ટ્ર અને માનવાધિકાર સંગઠનો સહિત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને સુરક્ષા સુનિશ્ચિત કરવા અને અબુ સફિયા અને તમામ અટકાયત કરાયેલા તબીબી કર્મચારીઓની મુક્તિ સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી. તેઓ સલામત વાતાવરણમાં તેમની માનવીય ફરજો બજાવી શકે છે. ગયા અઠવાડિયાના અંતમાં કબજાવાળી સેનાએ કમલ અદવાન હોસ્પિટલ પર હુમલો કર્યો, તેને આગ લગાડી અને તેને સેવામાંથી બહાર કરી દીધી. તેણે હોસ્પિટલમાં આશરો લીધો અને ૨૪૦થી વધુ લોકોને કસ્ટડીમાં લીધા જેમાં તબીબી સ્ટાફ, બીમાર અને ઘાયલ લોકોનો સમાવેશ થાય છે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# ભારતીય અર્થતંત્રના દ્વારે મંદીની દસ્તક ??

છેલ્લા કેટલાયે સમયથી ભારતીય અર્થતંત્ર ડામાડોળ સ્થિતિમાં છે. મોંઘવારી ફાટીને ધૂમાડે ગઈ છે અને રૂપિયાનું પતન ભયંકર ગતિથી જારી છે. જે દેશનું ચલણ ગબડવા લાગે એની આર્થિક સ્થિતિ સારી ન કહેવાય એ સીધું ગણિત છે અને આ હિસાબે આપણું અર્થતંત્ર પાછું પડી રહ્યું છે. વિદેશી રોકાણકારો પણ સતત ભાગી રહ્યા છે. ૯૯ ટકા જેટલા વિદેશી રોકાણકારો શેરબજારમાંથી ગાયબ થઈ ગયા છે જે દેશની આંતરરાષ્ટ્રીય સ્તરે બગડી રહેલી શાખની નિશાની છે. શબ્દો ચોર્યા વગર કહીએ તો વિદેશી મુદ્રા ભંડોળમાં ઘટાડો અને રૂપિયાનું અવમૂલ્યન એ આર્થિક વિકાસની દૃષ્ટિએ ગંભીર ચિંતાનો વિષય છે.

ડોલર સામે રૂપિયાનો વિનિમય દર લાંબા સમયથી નીચે પડવાના વલણમાં છે. હવે વિદેશી મુદ્રા ભંડારમાં પણ ઝડપથી ઘટાડો થવા લાગ્યો છે. ગયા સપ્તાહે શુક્રવારે ૮.૪૮ અબજ ડોલરની ખાધ હતી. ૨૦૦૮ની મંદી પછીનો આ સૌથી મોટો ઘટાડો છે. ગયા સપ્તાહે પણ ૧.૯૯ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. સપ્ટેમ્બરમાં વિદેશી મુદ્રા ભંડાર વધીને અમેરિકા ૭૦૪.૮૮ અબજ ડોલરની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચી ગયો હતો. પરંતુ તે પછી તે સતત ઘટી રહ્યો છે. હવે વિદેશી મુદ્રા ભંડાર ઘટીને રૂા.૪૪.૮૭ અબજ ડોલર થઈ ગયો છે. જો કે આ સ્તરને અત્યારે ચિંતાજનક ગણી શકાય નહીં, પરંતુ જે રીતે તે સતત ઘટી રહ્યું છે તે અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે. વિદેશી મુદ્રા ભંડાર ઘટવાનો અર્થ એ છે કે અપેક્ષિત વિદેશી રોકાણ આવી રહ્યું નથી. તેનું કારણ પણ સ્પષ્ટ છે. અમેરિકી ડૉલર સતત મજબૂત થઈ રહ્યો છે, જેના કારણે વિદેશી રોકાણકારોએ ભારતમાંથી તેમના પૈસા પાછા ખેંચવાનું શરૂ કરી દીધું છે.

વિશ્વ વેપારમાં ડૉલરની સ્થિતિ મહત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે ડોલર નબળો પડે છે, ત્યારે વિદેશી રોકાણકારો અન્ય દેશોમાં જવાનું શરૂ કરે છે. પરંતુ જેમ જેમ ડોલર મજબૂત થવા લાગે છે, તેઓ અમેરિકન બજાર તરફ વળે છે. કોરોના બાદ મંદીનો સામનો કરી રહેલા અમેરિકાના ફેડરલ રિઝર્વે તેના વ્યાજદરોમાં ફેરફાર કર્યો છે. આનાથી રોકાણકારોને ત્યાં રોકાણ માટે આકર્ષવામાં મદદ મળી. તે પછી, ડોનાલ્ડ ટ્રમ્પની રાષ્ટ્રપતિ તરીકે પુનઃ ચૂંટણી અને આર્થિક નીતિઓ અંગેના તેમના નિવેદનોએ રોકાણકારોમાં વિશ્વાસ પેદા કર્યો છે કે રોકાણના દૃષ્ટિકોણથી અમેરિકા વધુ નફાકારક સ્થળ છે. તેની અસર ભારતના ચલણ ભંડોળ પર પણ પડી છે.

પરંતુ આ જ એકમાત્ર મહત્વનું કારણ નથી. મહત્વની બાબત એ છે કે આપણી વેપાર ખાધ સતત વધી રહી છે. નિકાસ પર ભાર મુકવા છતાં તેમાં સુધારાના કોઈ સંકેત દેખાતા નથી. આયાત સતત વધી રહી છે. તેની સીધી અસર સ્થાનિક ઉત્પાદન અને બજાર પર પડી છે. છેલ્લા કેટલાક ત્રિમાસિક ગાળાથી (કવાર્ટરથી) મેન્યુફેકચરિંગ સેકટર ગોથાં ખાઈ રહ્યું જે પણ અકારણ તો નથી જ. તમામ મહત્વના ક્ષેત્રોમાં ઔદ્યોગિક ઉત્પાદન ઘટયું છે. જ્યાં સુધી આ સેકટરમાં મજબૂતી નહીં આવે ત્યાં સુધી રૂપિયાના મૂલ્ય અને ફોરેન એકસચેન્જ રિઝર્વમાં સુધારાની આશા ધૂંધળી રહેશે. રૂપિયાનું ઘટતું મૂલ્ય પણ વિદેશ રોકાણકારોનો ઉત્સાહ ઓછો કરે છે. સ્વાભાવિક છે કે કોઈપણ રોકાણકાર પોતાના પૈસા એવી જગ્યાએ રોકવા માગતો નથી જ્યાં તેને નફો ન મળે ત્યારે કહેવાતા પ્રયાસો છતા મોંઘવારી તેના ઊંચા સ્તરે છે. જેના કારણે ભાતીય બજાર તેની ચમક પાછી મેળવી શકતું નથી. તેનું મુખ્ય કારણ માથાદીઠ આવકમાં વૃદ્ધિનો અભાવ છે.

છેલ્લા ઘણા સમયથી લોકોની આવક સરખી જ રહી છે. જ્યારે તેની સરખામણીમાં મોંઘવારી નોંધપાત્ર રીતે વધી છે. દેખીતી રીતે, આ કારણે ઉપભોકતા ખર્ચમાં ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડકટ (જીડીપી)નો દર નીચે ગયો છે. જ્યાં સુધી માનવ વિકાસના મોરચે ગંભીરતાથી ધ્યાન આપવામાં ન આવે ત્યાં સુધી કામચલાઉ પગલાં દ્વારા અર્થતંત્રને સુધારવાના પ્રયાસો નિરર્થક સાબિત થશે.

# ચૂંટણી પત્રોની પારદર્શિતા : કોણ ખતરનાક દુશ્મનથી ગભરાય છે ?

## ભાગ - ૨

**★CoERમાં કયા દસ્તાવેજો અને કાગળો સૂચિબદ્ધ કરવામાં આવ્યાં છે ?**

**પરંતુ CoER હેઠળ માન્ય, ચૂંટણીઓ વિશેની માહિતી લોકોએ જાણવી જોઈએ ?**

સૌપ્રથમ અને મુખ્ય બાબત એ છે કે CoER હેઠળ ચૂંટણી સંબંધિત કેવા પ્રકારના રેકોર્ડ્સ અને કાગળો બનાવવામાં આવે છે તેની સમીક્ષા કરવી જરૂરી છે. નિયમ ૯૩ આપણે ઉપર જોયેલા દસ્તાવેજોની માત્ર એક ટૂંકી નકારાત્મક સૂચિનો ઉલ્લેખ કરે છે. સક્ષમ અદાલતના આદેશ સિવાય આ રેકોર્ડ્સની ખુલ્લી ઍક્સેસ પ્રતિબંધિત છે (જે બંધારણની કલમ 323B(f) હેઠળ ચૂંટણી ટ્રિબ્યુનલ તરીકે કામ કરતી સંબંધિત ઉચ્ચ અદાલત છે અને સર્વોચ્ચ અદાલત એ છેલ્લી ઉપરી અદાલત છે).

અન્ય ઘણા કાગળો અને દસ્તાવેજો ચૂંટણી પહેલા, દરમિયાન અને પછી બનાવાયા છે. આ માત્ર CoERમાંથી જ મેળવી શકાય છે કારણ કે તેમાં સકારાત્મક સૂચિ નથી. તેથી, મેં આવા દસ્તાવેજો અને કાગળોના સંકલનનો પ્રયાસ કર્યો છે જેનો ઉલ્લેખ CoERમાં છે પરંતુ નિયમ ૯૩માં ઉલ્લેખિત નકારાત્મક સૂચિ દ્વારા આવરી લેવામાં આવ્યો નથી.

મારી શ્રેષ્ઠ જાણકારી મુજબ ચૂંટણી પહેલા, દરમિયાન અને ચૂંટણી પછી ઓછામાં ઓછી ૩૪ પ્રકારની સૂચનાઓ, દસ્તાવેજો, અહેવાલો, પ્રમાણપત્રો અને રિટર્ન બનાવવામાં આવ્યા છે જે CoER ના સાદા વાંચન પર ઓળખી શકાય છે.

ઓછામાં ઓછા ૨૬ ફોર્મ્સ છે જેમાં આમાંની ઘણી કેટેગરીની માહિતી રેકોર્ડ કરવી અને/અથવા સંબંધિત સત્તાવાળાઓને જાણ કરવી અથવા સબમિટ કરવી જરૂરી છે.

આગામી ચૂંટણીઓની જાહેર સૂચના જે મતવિસ્તારના RO જાહેર કરે છે; ઉમેદવારો દ્વારા દાખલ કરાયેલ નામાંકન પત્રો અને એફિડેવિટ; લડતા ઉમેદવારોની અંતિમ યાદી; ઉમેદવારો/રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી એજન્ટો, મતદાન એજન્ટો અને ગણતરી એજન્ટોની નિમણૂક; પોસ્ટલ બેલેટના મુદ્દા અને ઉપયોગને લગતા કાગળો; પરિણામોની ઘોષણા અને RO દ્વારા ઈસીને સબમિટ કરવામાં આવેલ ચૂંટણી રિટર્ન વગેરેનો સમાવેશ થાય છે.

સુધારા પહેલા, નિયમ ૯૩(૧) હેઠળ જે ખાસ પ્રતિબંધિત નથી, તે મુજબ માત્ર ચૂંટણી લડતા ઉમેદવારો જ નહીં પરંતુ મતદારો પણ આ તમામ રેકોર્ડ્સ મેળવી શકે છે.

**CoERમાં સૂચિબદ્ધ નથી તેવા દસ્તાવેજો અને કાગળો**

અન્ય દસ્તાવેજો અને કાગળો માટે ૬૦થી વધુ નિર્ધારિત ફોર્મેટ છે જે ચૂંટણી પહેલા, દરમિયાન અને પછી બનાવવામાં આવેલા છે જેનો CoERમાં ઉલ્લેખ નથી પરંતુ તે શોધી શકાય છે. તે છે :

૧. પ્રિસાઇડિંગ ઓફિસર અને રિટર્નિંગ ઓફિસરની માર્ગદર્શિકા (૨૭ દસ્તાવેજો);



૨. સેક્ટર અધિકારીઓ માટે માર્ગદર્શિકા (૧૭ દસ્તાવેજો);

૩. જનરલ, પોલીસ અને કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ માટે માર્ગદર્શિકા (૨૧ દસ્તાવેજો);

૪. ચૂંટણી ખર્ચની દેખરેખ પર સૂચનાઓનું સંકલન (૧૭ દસ્તાવેજો); અને

૫. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન પર ઉલ્લેખિત દસ્તાવેજો.

ચૂંટણી નિષ્ણાતો તો ECની વેબસાઈટ પર ઉપલબ્ધ આ પ્રકાશનોમાંથી ઘણા દસ્તાવેજો અને કાગળો ઓળખી શકે છે પરંતુ હું મારી મર્યાદિત સમજના આધારે આને નિર્ધારિત કરી શક્યો છું. સ્પષ્ટપણે, CoERમાં તાજેતરનો સુધારો આ તમામ દસ્તાવેજોને જાહેર નિરીક્ષણથી અસુરક્ષિત રાખવા માંગે છે અને નિયમોમાં તેનો ઉલ્લેખ ન હોવાના કારણોસર કોઈપણ વ્યક્તિને નકલો નકારી શકાય છે.

અહીં આ દસ્તાવેજોના નમૂના છે, જેની ઍક્સેસ ચૂંટણી પ્રક્રિયાની કાયદેસરતા ચકાસવા માટે નિર્ણાયક છે. દસ્તાવેજોની નીચેની શ્રેણીઓના મહત્વની સમજૂતી સાથે મેં ૨૦૧૯થી યોજાયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓના સંબંધમાં કરેલા પ્રયાસમાં મારા પોતાના અનુભવો પણ વર્ણવ્યા છે.

**ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVMs)**

છેલ્લા ઘણા સમયથી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ EVM દ્વારા કરવામાં આવે છે. આ EVMની અસરકારકતા વિશે વારંવાર શંકાઓ ઊભી કરવામાં આવી છે. EC એ આ EVMની વિશ્વસનીયતા માટે નિશ્ચિતપણે ખાતરી આપી છે. જો કે, EVMની અયોગ્યતા દર્શાવવા માટેના આમાંના ઘણા દાવાઓને સહાયક દસ્તાવેજો દ્વારા સમર્થન આપવામાં આવતું નથી (જેમ કે મેં આ વર્ષે ફેબ્રુઆરી અને એપ્રિલ વચ્ચે આ કૉલમમાં બતાવ્યું છે) અને હવે, વધુ અને વધુ માહિતી દુર્લભ બની ગઈ છે.

ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ (ECIL), જે EVM અને VVPATનું ઉત્પાદન કરે છે, તે ચૂંટણીના લગભગ છ મહિના પહેલાં, દેશભરના તમામ જિલ્લાઓના સ્ટ્રોંગ રૂમમાં સંગ્રહિત રહેલા આ મશીનોની સર્વિસ કરવાની કવાયત શરૂ કરે છે.

આ કંપનીઓના નિયુક્ત હજારો એન્જિનિયરો તમામ જિલ્લાઓની મુલાકાત લઈને, મશીનના દરેક એકમ (બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને VVPAT યુનિટ)ની કાર્યકારી સ્થિતિની ખાતરી કરવાની કવાયત હાથ ધરે છે. જેને ફર્સ્ટ-લેવલ-ચેકિંગ (FLC) કહેવાય છે. આ કવાયતના સાક્ષી બનવા માટે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આમંત્રિત કરવામાં આવે છે. FLC કવાયતની વીડિયોગ્રાફી પણ કરવામાં આવે છે.

કંપનીઓ ખામી વિનાના મશીનને 'FLC ok' અને ખામીયુક્ત મશીનોને 'FLC not ok'ના રિપોર્ટ રોજેરોજ, DEO અને ECને ઓનલાઈન સબમિટ કરે છે. આ બાબતોનું વર્ણન EC દ્વારા ૨૦૧૭થી ૨૦૨૨ સુધીના CEO અને મેન્યુફેક્ચરિંગ કંપનીઓને આપવામાં આવેલી FLC સૂચનાઓમાં કરવામાં આવ્યું છે.

CoER આ FLC પ્રક્રિયાનો કોઈ ઉલ્લેખ કરતું નથી, તેથી સુધારેલા નિયમ ૯૩નો ઉપયોગ આ દસ્તાવેજોની ઍક્સેસને નકારવા માટે થઈ શકે છે જે 'ચૂંટણીના આચરણ' દરમિયાન બનાવવામાં આવે છે.

**EVM ફર્સ્ટ-લેવલ ચેકિંગ રિપોર્ટ્સ અને કમ્પોનન્ટ સપ્લાયર્સની વિગતો પર RTIની દરમિયાનગીરી**

BEL અને ECIL હંમેશા આ અહેવાલોની ઍક્સેસનો ઈન્કાર કરે છે. ૨૦૧૯માં અને ૨૦૨૩માં, હું થોડી મુશ્કેલી સાથે RTI દ્વારા EC તરફથી આ અહેવાલો મેળવી શક્યો હતો. પરંતુ ૨૦૨૪માં આ દસ્તાવેજો આપવા પર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું છે.

આશ્ચર્યજનક રીતે, ECના કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી (CPIO) એ ગયા વર્ષે મને કહ્યું હતું કે, આ અહેવાલો એકત્રિત કરવા અને તેની સમીક્ષા કરવાની જવાબદારી CEO અને DEOની છે. EC પોતે આ અહેવાલો મેળવી શકે છે અથવા ન પણ મેળવી શકે છે અને જો તેઓને કેટલાક મળે છે, તો પણ તેઓ RTI અરજદારોને ઉપલબ્ધ કરી આપશે નહીં.

હું ૨૦૧૯માં અને ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીઓના FLC અહેવાલો મેળવી શક્યો હતો પણ મને ૨૦૨૪ની ચૂંટણીઓના ઍક્સેસ નકારવામાં આવ્યા છે. તાજેતરની લોકસભાની ચૂંટણીઓ પછી દાખલ કરેલી મારી RTI અરજીના જવાબમાં, BEL અને ECIL બંનેએ દાવો કર્યો હતો કે તેમની પાસે FLC રિપોર્ટ્સ નથી. (જે તેમના પોતાના એન્જિનિયરોએ તૈયાર કર્યા હતા).

BEL એ મને આ અહેવાલો માટે CEOનો સંપર્ક કરવાની સલાહ આપી હતી. FLC દરમિયાન મશીનોમાં શોધાયેલી ભૂલોની પ્રકૃતિ માટે, BELએ RTI કાયદાની કલમ 8(1)(d) હેઠળ વ્યાપારી વિશ્વાસ મુક્તિનો દાવો કર્યો હતો.

જ્યારે મેં સપ્લાયર્સનાં નામ અને EVM બનાવવા માટે એકસાથે મૂકવામાં આવેલા વિવિધ ઘટકોના ખરીદ ઓર્ડરની જાણકારીની માંગણી કરી ત્યારે બંને કંપનીઓએ RTI અરજીઓ અને અપીલોને નકારી દીધી હતી.

આ ખરીદી દસ્તાવેજો CoER દ્વારા આવરી લેવામાં આવતાં નથી, તેથી જો ઉમેદવારોએ અરજી કરવી હોય તો પણ આ માહિતી છુપાવી રાખવા માટે સુધારેલા નિયમ ૯૩નો ઉપયોગ કરવામાં આવી શકે છે.

**મતદાનના સંપૂર્ણ આંકડા**

વિપક્ષી પક્ષો અને ચૂંટણી નિરીક્ષકોએ ECની કાર્યપદ્ધતિ વિશે જાહેરમાં ઊભી કરેલી એક મોટી ફરિયાદ એ છે કે, મતદાન પૂર્ણ થયાના લાંબા સમય પછી પણ સંપૂર્ણ સંખ્યામાં મતદાર મતદાનનો ડેટા ઉપલબ્ધ કરવામાં આવતો નથી.

EC એ ફોર્મ 17Cની નકલો પ્રકાશિત કરવાની અગાઉની પ્રથા પણ છોડી દીધી છે, જેમાં દરેક મતદાન મથક માટે આ આંકડાઓ હોય છે. મતદાનના દિવસ દરમિયાન માત્ર ટકાવારી જ પ્રકાશિત કરવામાં આવે છે અને જ્યાં સુધી EC ઘણા સમય પછી અંતિમ આંકડા જાહેર ન કરે ત્યાં સુધી તે 'અંતિમ હોતા નથી'.

વાચકો આ વિવાદથી વાકેફ છે, તેથી મેં CoERમાં સંકેત પણ નથી તેવા ત્રણ અહેવાલોના કેપ્ચર કરેલા ડેટા દર્શાવ્યા છે.

સૌપ્રથમ, દરેક મતદાન મથકના પ્રિસાઈડિંગ ઓફિસરે એક ડાયરીનું રેકોર્ડિંગ રાખવાનું હોય છે જેમાં મતદાન મથક, ત્યાં પુરી પાડવામાં આવેલ સામગ્રી અને મશીનો, ત્યાં હાજર મતદાન એજન્ટો, કેટલા મતદારોના 'ટેન્ડર્ડ વોટ' છે, પડકારવામાં આવેલા મતોની સંખ્યા કેટલી છે, મુક્ત અને ન્યાયી ચૂંટણી આચરણને અસર કરી શકે તેવી કોઈપણ નોંધપાત્ર ઘટના બની હોય તો તેની વિગતો અને સૌથી અગત્યનું, મતદાન મથકમાં સવારે ૭:૦૦-૯:૦૦, સવારે ૯:૦૦-૧૧:૦૦, સવારે ૧૧:૦૦-૧૩:૦૦, બપોરે ૧૩:૦૦-૧૫:૦૦ અને બપોરે ૧૫:૦૦-૧૭:૦૦ કલાક વચ્ચે પડેલા મતોની સંખ્યાની સંપૂર્ણ વિગતો રાખવાની હોય છે.

આ હેન્ડબુકનો પેરા ૪.૫.૪ પ્રિસાઈડિંગ ઓફિસરને ડાયરીમાં રેકોર્ડ કરવાના હેતુથી તે ક્ષણ સુધી પડેલા કુલ મતોની સંખ્યાની ખાતરી કરવા માટે દર બે કલાકે કંટ્રોલ યુનિટ પર 'કુલ' બટન દબાવવાની સૂચના અપાયેલી છે. આ પ્રિસાઈડિંગ ઓફિસરની ડાયરીનો ઉપયોગ મતદાન પછીના દિવસે RO દ્વારા હાથ ધરવામાં આવેલા દસ્તાવેજોની ચકાસણી દરમિયાન EC દ્વારા નિયુક્ત ચૂંટણી નિરીક્ષકની હાજરીમાં કરવામાં આવે છે, ત્યારબાદ તેને સ્ટ્રોંગ રૂમમાં મોકલવામાં આવે છે.

**આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી તે ક્યાં રહે છે ? આ મુદ્દા પર હેન્ડબુક મૌન છે**

RO તેના ચાર્જ હેઠળ સમગ્ર મતવિસ્તાર માટે સવારે ૭:૦૦-૯:૦૦, સવારે ૯:૦૦-૧૧:૦૦, સવારે ૧૧:૦૦થી બપોરે ૧૩:૦૦, બપોરે ૧૩:૦૦-૧૫:૦૦ અને ૧૫:૦૦-૧૭:૦૦ કલાકની વચ્ચેના તમામ મતદાન મથકો પર પડેલા મતોની સંખ્યા વિશેની માહિતી પણ રેકોર્ડ કરે છે. જે રિપોર્ટ ECને મોકલવો જરૂરી છે. આ અહેવાલમાં મતવિસ્તારમાં ચૂંટણીના આચરણ વિશેની અન્ય માહિતી પણ હોય છે. આ રિપોર્ટિંગ માટેનું ફોર્મેટ ROની હેન્ડબુક (૨૦૨૩ આવૃત્તિ)ના પરિશિષ્ટ ૪૪માં સમાયેલું છે. ન તો પ્રિસાઈડીંગ ઓફિસરની ડાયરી કે ન તો આર.ઓ.નો રિપોર્ટ કે તેમનું ફોર્મેટ CoERમાં ઉલ્લેખિત છે. તેથી, સુધારેલા નિયમ ૯૩(૨)નો ઉપયોગ દર બે કલાકે નોંધાયેલા મતદારોના મતદાનના આંકડા શોધવા માટે આ અહેવાલની નકલ મેળવવા માંગતા કોઈપણને હતાશ કરવા માટે થઈ શકે છે.

**(ક્રમશઃ)**

**- વેંકેટેશ નાયક (સૌ : ધ વાયર.ઈન)**

# મનુ ભાકર, ગુકેશ સહિત ચાર એથ્લિટોને ખેલ રત્ન







નવી દિલ્હી, તા.૨

ભારત માટે ઓલિમ્પિકમાં મેડલ જીતનારી શૂટર મનુ ભાકરને ભારે બબાલ બાદ ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરાઈ છે. આ પહેલા જ્યારે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડના નામોની જાહેરાત કરાઈ હતી ત્યારે મનુ ભાકરનું નામ તેમાં સામેલ ન હતું. આને લઈ મનુ ભાકરના પિતાએ નિરાશા વ્યક્ત કરી હતી. ત્યારબાદ મનુ ભાકરને ખેલ રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી. મનુ ભાકર ઉપરાંત બીજા ત્રણ ખેલાડીઓને પણ ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરાયા છે. મનુ ભાકરની સાથે હાલમાં જ ચેસમાં વિજય ચેમ્પિયન બનેલા ડી. ગુકેશને પણ ખેલ રત્ન સન્માન આપવામાં આવશે. આ ઉપરાંત ભારતીય હોકી ટીમના સ્ટાર ખેલાડી હરમનપ્રીત સિંહને પણ ખેલ રત્નાથી સન્માનિત કરવામાં આવ્યા છે. પેરા એથ્લિટ પ્રવીણકુમારને પણ ભારતના સર્વોચ્ચ ખેલ રત્નાથી સન્માનિત કરાયા છે. ખેલ મંત્રાલયે ૧૭ પેરા એથ્લિટો સહિત ૩૨ એથ્લિટોનું નામ પણ અર્જુન એવોર્ડ માટે જાહેર કર્યા છે. ખેલ મંત્રાલયે એક યાદીમાં કહ્યું કે, વિજેતાઓને ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં એક વિશેષ કાર્યક્રમમાં એવોર્ડ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૨ વર્ષની મનુ ભાકર એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી ભારતની પ્રથમ ખેલાડી બની. તેણે ઓગસ્ટમાં પેરિસ ઓલિમ્પિકમાં ૧૦ મીટર એર પિસ્ટલ વ્યક્તિગત અને મિક્સ ટીમ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં જ હરમનપ્રીત સિંહના નેતૃત્વમાં ભારતે સતત બીજો ઓલિમ્પિક મેડલ જીત્યો. ભારતીય કપ્તાન હરમનપ્રીત સિંહ ૧૦ ગોલ સાથે ઓલિમ્પિકમાં ટોપ સ્કોરર પણ બન્યો હતો. ૧૮ વર્ષનો ગુકેશ સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બન્યો. ચેન્નાઈના ગુકેશે ચીનના ગત ચેમ્પિયન ડિંગ લિરેનને હરાવી ઐતિહાસિક જીત મેળવી હતી.

# દીપ્તિ શર્મા ICC વન-ડે રેન્કિંગમાં ટોપ ફાઈવમાં પહોંચી

દુબઈ, તા.૨

ભારતીય મહિલા ટીમની ઓફ સ્પિનર દીપ્તિ શર્મા આઈસીસી વિમેન્સ વન-ડે રેન્કિંગમાં ટોપ ફાઈવમાં પ્રવેશવામાં સફળ રહી છે. વેસ્ટઈન્ડિઝ સામે ઘરઆંગણે રમાયેલી વન-ડે સિરીઝમાં ઓલ-રાઉન્ડ દેખાવ બાદ દીપ્તિ શર્મા એક સ્થાનના ફાયદા સાથે પાચમા ક્રમે રહી છે. દીપ્તિના ૬૬૫ રેટિંગ પોઈન્ટ્સ થયા છે અને તે ચોથા ક્રમની દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટર મેરિઝાન કેપ (૬૭૭) કરતા હાથવેંતના અંતરે જ છે. ૨૭ વર્ષીય દીપ્તિએ વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચમાં આઠ વિકેટ ઝડપી હતી. જેમિમાહ રોડ્રિગ્ઝ ૫૩૭ રેટિંગ પોઈન્ટ્સ સાથે ટોચની ૨૦ બેટરમાં સ્થાન મેળવવામાં નજીક રહી છે. રોડ્રિગ્ઝ ચાર સ્થાનની આગેકૂચ સાથે ૨૨માં ક્રમે છે. રિચા ઘોષ સાત સ્થાનની છલાંગ સાથે ૪૧માં ક્રમે રહી હતી. સ્મૃતિ મંધાના (૭૨૦) એક સ્થાન નીચે સરકીને ત્રીજા ક્રમે રહી હતી. દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડ્ટ (૭૭૩) ટોચ પર જ્યારે શ્રીલંકાની ચમારી અટાપટ્ટુ (૭૩૩) બીજા ક્રમે હતી.

# ગુજરાતમાં ફૂટબોલ : બદલાતું પરિદૃશ્ય

**(પરિમલ નથવાણી દ્વારા)**

ગુજરાતમાં ફૂટબોલ ક્ષેત્રે છેલ્લાં કેટલાક વર્ષોમાં બહુ સારૂં કામ થઈ રહ્યું છે. ગુજરાતમાં ફૂટબોલના વિકાસમાં ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA), સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG), ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF), ખાનગી કલબો, જિલ્લા ફૂટબોલ એસોસિએશનો અને કોર્પોરેટ કંપનીઓ તથા ખાનગી ઉદ્યમીઓનું બહુ મોટું પ્રદાન છે.

ગુજરાતમાં ફૂટબોલની વૃદ્ધિ માટે મુખ્ય કારણો પૈકી એક એ છે કે રાજ્યમાં ગ્રાસરૂટ પર ભાર મૂકવામાં આવ્યો છે. GSFAએ યુવા સ્તરે ફૂટબોલ પ્રમોટ કરવાની મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. ખાસ કરીને બ્લૂ કબ્સ પ્રોગ્રામ મારફતે. હાલમાં પૂર્ણ થયેલી બ્લુ કબ્સ કલબ ચેમ્પિયનશિપ અમદાવાદના સેન્ટ લોયાલા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ જેમાં ૨૩ ટીમોએ ભાગ લીધો. જેમાં રાજ્યના વિવિધ જિલ્લા ફૂટબોલ એસોસિએશનોમાંથી ૭ ટીમો હતી. વર્ષ ૨૦૨૩-૨૪માં



GSFA દ્વારા યોજાયેલી રાજ્ય બ્લુ કબ્સ લીગમાં ૨૩ જિલ્લા એસોસિએશનમાંથી ૩૮૮ ટીમો પ્રતિસ્પર્ધી હતી. આ લીગ આઠ વર્ષ, દસ વર્ષ અને બાર વર્ષથી નીચેના વય જૂથો માટે હતી. ૩૩ જુદા-જુદા સ્થળોએ તેની મેચો રમાઈ અને ૪૨૦૦થી વધુ બાળ ખેલાડીઓએ તેમાં ભાગ લીધો.

ગુજરાતમાં ફૂટબોલના વ્યવસાયિકરણ માટે GSFAએ ગુજરાત સુપર લીગ (GSL)નો પ્રારંભ કર્યો, જે ૨૦૨૪ના મેમાં શરૂ થઈ હતી. આ લીગમાં ગુજરાતના યુવા ઉદ્યોગપતિઓની માલિકીની છ ટીમો હતી. આ વ્યવસાયિક ફૂટબોલ લીગની સ્થાપના ગુજરાતમાં વ્યવસાયિક ફૂટબોલને વેગ આપવા માટેનું મહત્ત્વપૂર્ણ પગલું છે. GSFA આ લીગને આગામી વર્ષોમાં વધુ વિસ્તૃત, વ્યાપક અને મજબૂત કરવાની યોજના ધરાવે છે. GSFA પુરૂષો અને મહિલાઓ માટે વિવિધ ઉંમર શ્રૈણીમાં કલબ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે. આવા કાર્યક્રમો દ્વારા પણ કલબ ફૂટબોલ કલ્ચરના વિકાસનો ઉદ્દેશ્ય છે.

સમયાંતરે ગુજરાતમાં વધુ મજબૂત ફૂટબોલ ઈકોસિસ્ટમ પર ધ્યાન આપવું મહત્ત્વપૂર્ણ છે. આ માટે રાજ્યમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરની લીગોનું આયોજન, કોચીંગની ગુણવત્તામાં સુધારો, બંધારણોનું અને ખેલાડીઓ, એસોસિએશનો, કલબો વગેરેને આર્થિક પ્રોત્સાહન તથા અન્ય પ્રોત્સાહનોની જરૂર છે. આંતરાષ્ટ્રીય ફૂટબોલ સંસ્થાઓ સાથે ભાગીદારી મજબૂત કરીને વૈશ્વિક નિષ્ણાતોને ગુજરાતમાં બોલાવીને પણ રાજ્યના ફૂટબોલને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકાય છે.

અનેક પડકારો હોવા છતાં ગુજરાતમાં ફૂટબોલનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ છે. ગ્રાસરૂટ અંગેની પ્રાથમિકતાઓ અને પહેલો વ્યવસાયિક લીગો અને ખેલાડીઓના વિકાસ પ્રોગ્રામ થકી રાજ્યમાં ફૂટબોલના ભવિષ્ય માટે મજબૂત પાયો નંખાઈ ગયો છે. હાલમાં AIFFની કેન્દ્રીય નોંધણી પ્રણાલી (CRS) હેઠળ GSFA ૧૦૦૦૦થી વધુ નોંધણી કરેલા ખેલાડીઓ ધરાવે છે. જેમાંથી ૫૧૯૫ ખેલાડિઓ વધુ સક્રિય છે. ૨૦૨૩-૨૪ની સીઝનમાં ૪૨૯૦થી વધુ ખેલાડીઓ ૫૩૩થી વધુ મેચો રમ્યા અને ૩૨૫૫થી વધુ ગોલ કર્યા. આ આંકડાઓ ગુજરાતમાં ફૂટબોલમાં વધતી રૂચિ અને આકર્ષણ દર્શાવે છે.

અન્ય ક્ષેત્રોમાં જેમ ગુજરાત અગ્રેસર છે તેમ તેની પાસે ભારતમાં ફૂટબોલ હબ બનવાની સંભાવના પણ છે. રાજ્ય જેમ જેમ આ રમતનો વિકાસ થતો જશે તેમ તમે તે નવી પેઢીના ખેલાડીઓ, ચાહકો અને સમર્થકો માટે એક તેજસ્વી ભવિષ્ય નિર્માણ કરશે.

**(રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણી, ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના અધ્યક્ષ છે)**

**હદીસ બોધ**

જે માણસ ક્રોધ કરે છે તેને કદાપી રાહત મળતી નથી.
(હદીસ બોધ)

**બોધ વચન**

જેનું હૃદય સહાનુભૂતિથી ભરેલું છે એને જ ટીકા કરવાનો અધિકાર છે.
- અબ્રાહમ લિંકન

**આજની આરસી**

| | |
|---|---|
| ૩ જાન્યુઆરી શુક્રવાર | ૨૦૨૫ |
| ૨ રજબ હિજરી | ૧૪૪૬ |
| પોષ સુદ ચોથ સંવત | ૨૦૮૧ |
| સુબ્હ સાદિક | ૫-૫૭ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૨૧ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૦૭ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**ખિરદને કેહ ભી દિયા લા ઈલાહા, તો ક્યા હાસિલ**
**દિલ-ઓ-નિગાહ મુસલમાં નહીં તો કુછ ભી નહીં**

કલમો પઢી લેવું જ સાચા મુસલમાન માટે પૂરતું નથી, મુસલમાન હોવાપણા માટેના ગુણો-એટલે કે ઈમાનદારી, હલાલની કમાઈ, સાફ નિયત, અન્યો સાથે સદાચાર, પાક રહેણીકરણી, વફાદારી, કુટુંબ અને સમાજ પ્રત્યેની ફરજ નિભાવવી, ગરીબ, લાચારની સેવા કરવી, શુદ્ધ આચાર વિચાર સાથે પરવરદિગારની બંદગીના ગુણો પણ હોવા જોઈએ.

-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી પાંચમી અને અંતિમ ટેસ્ટનો પ્રારંભ

# સિડનીમાં ભારત માટે કરો યા મરોનો જંગ

### જો ભારત હાર્યું અથવા મેચ ડ્રો થઈ તો ટીમ ઈન્ડિયા WTC ફાઈનલમાં પહોંચવાની રેસમાંથી બહાર થઈ જશે

સિડની, તા.૨

ઓસ્ટ્રેલિયા સામે મેલબોર્ન ટેસ્ટ હાર્યા બાદ ભારતીય ટીમ મુશ્કેલીમાં છે અને સિડનીમાં અંતિમ ટેસ્ટ રમી તે પૂરો પ્રયાસ કરશે કે સિરીઝ બરાબર કરે અને આઈસીસી વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૫ની ફાઈનલ માટે પોતાની આશા જીવંત રાખે. ટીમ ઈન્ડિયાનો રેકોર્ડ આમ તો સિડનીમાં સારો નથી પણ જો તેને સતત ત્રીજીવાર આ આઈસીસી ટ્રોફીની ફાઈનલ સુધી પહોંચવું છે તો કોઈપણ ભોગે જીતવું પડશે. અહિંયા પ્રશંસકોના મનમાં બીજી એક વાત આવી શકે છે કે, ત્યારે શું થશે જ્યારે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની સિડની ટેસ્ટ ડ્રો થઈ જાય ? શું ત્યારે પણ ભારત પાસે ફાઈનલમાં પહોંચવાની આશા હશે.

**● ભારત માટે સિડનીમાં**

સિડનીમાં તેનો રેકોર્ડ બહુ સારો નથી. તેણે કુલ ૧૩ મેચ રમી છે, જ્યારે ફક્ત એકમાં તેને જીત મળી છે, જે ૧૯૭૮માં મળી હતી. તે સમયે ટીમ ઈન્ડિયા સાથે જોડાયેલો કોઈપણ શખ્સનો જન્મ પણ થયો ન હતો. પાંચ મેચોમાં તેનો પરાજય થયો, જ્યારે સાત મેચ ડ્રો રહી હતી. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડની પિચ પર બધાની નજર છે. આમ તો ઓસ્ટ્રેલિયામાં સ્પિન માટે સૌથી મદદગાર પિચ માનવામાં આવે છે પણ મેચના એક દિવસ પહેલા પિચ પર ઘણું ઘાસ છે. હવે જોવાની વાત એ છે કે, મેચના દિવસે સવારે ઘાસ હટાવવામાં આવે છે કે નહીં. ઘાસ હોવા છતાં પણ જો ચોથા અને પાંચમા દિવસે સ્પિનરોને મદદ મળવાની પૂરી સંભાવના છે. આ મેદાન પર સૌથી વધારે ટેસ્ટ વિકેટ લેનાર ટોપ ચારમાં ત્રણ સ્પિનર છે.

**અંતિમ જંગ :**

જો તમે પણ આ સવાલથી પરેશાન છો તો સમજવાનો પ્રયાસ કરીએ કે સિડની ટેસ્ટ જો ડ્રો રહી તો કઈ ટીમ પાસે ફાઈનલમાં પહોંચવાની કેટલી તક હશે. હાલ ફાઈનલની રેસમાં ભારત અને ઓસ્ટ્રેલિયા ઉપરાંત શ્રીલંકા પણ છે. જો એક લાઈનમાં કહીએ તો ભારત પાસે સિડની ટેસ્ટ જીતવા સિવાય છૂટકો નથી. જો આ મેચ તે હારે અથવા ડ્રો રમે છે તો સફર સમાપ્ત થઈ જશે અને ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટી-૨૦ વન-ડે સિરીઝ અને ચેમ્પિયન્સ ટ્રોફી પર ફોકસ કરશે.

**● જો ભારત જીતશે તો શું હશે ? :**

સિડની ટેસ્ટ જીત્યા બાદ ભારતના પોઈન્ટ ૫૫.૨૬ થઈ જશે. આવામાં આશા કરવી પડશે કે શ્રીલંકા ઓસ્ટ્રેલિયાને પોતાના મેદાન પર બંને ટેસ્ટમાં હરાવી દે. જો બંને વચ્ચે એક મેચ ડ્રો પણ થાય છે અને એક શ્રીલંકા જીતે છે તો પણ ભારત ફાઈનલમાં પહોંચી જશે. કારણ કે, આ સ્થિતિમાં શ્રીલંકાના ૪૮.૭૨ પોઈન્ટ હશે. જ્યારે ઓસ્ટ્રેલિયાના ૫૩.૫૧ પોઈન્ટ હશે. આવામાં આ બંને ભારતથી પાછળ રહેશે.

**● જો ભારત સિડની ટેસ્ટ ડ્રો રમશે તો શું થશે ? :**

જો ભારત ડ્રો રમશે તો તેની સફર સમાપ્ત થઈ જશે. આવામાં ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચેના મુકાબલાનું પરિણામ નક્કી કરશે કે કોણ ફાઈનલમાં દ.આફ્રિકા સામે રમશે. જો ભારત હાર્યું તો ઓસ્ટ્રેલિયા સીધું ફાઈનલ માટે ક્વોલિફાઈ થઈ જશે.

**● કેમ સિડનીમાં જીત ભારત માટે મુશ્કેલ ? :**

એક તો ભારતીય ટીમના મોટાભાગના ખેલાડી સંઘર્ષ કરી રહ્યા છે. બીજી હાર બાદ માનસિક રૂપથી વધારે દબાણ છે. ત્યારબાદ WTC ફાઈનલ હાથમાંથી સરકી જતા જોવી મનોબળ તોડનારૂં છે. આ ઉપરાંત

## મુઝફ્ફરનગરમાં દલિત યુવકને માર મારી મોતને ઘાટ ઉતારાયો, જ્યારે તે સલૂનમાંથી પરત ફરી રહ્યો હતો ત્યારે પ્રધાનના પુત્રોએ આ ઘટનાને અંજામ આપ્યો

**ખતૌલી પોલીસ સ્ટેશન વિસ્તારના પાલડી ગામમાં રહેતા એક દલિત યુવકને ગુંડાઓએ રસ્તાની વચ્ચે હોકી સ્ટિક વડે માર માર્યો હતો, મૃતકના પરિવારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે વર્તમાન ગામના પ્રધાને દુશ્મનાવટના કારણે સનીની હત્યા કરી છે, દલિત યુવક સનીની હત્યાથી ગામમાં સનસનાટીનો માહોલ છે**

(એજન્સી) તા.૨

સીઓ રામાશીષ યાદવ અને કોટવાલ બ્રિજેશ કુમાર શર્મા એક ટીમ સાથે ગામમાં પહોંચ્યા અને મામલાની માહિતી લીધા પછી, મૃતકના પરિવારને ખાતરી આપી કે આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બાદમાં એસપી સિટી સત્યનારાયણ પ્રજાપત પણ ગામમાં પહોંચ્યા અને ઘટનાની જાણકારી લીધા બાદ કોટવાલ બ્રિજેશ કુમાર શર્માને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી. મળતી માહિતી મુજબ, પાલડી ગામના રહેવાસી મહેક સિંહનો પુત્ર દલિત યુવક સન્ની પરતાપુર મેરઠ સ્થિત એક કારખાનામાં કામ કરતો હતો. નાઈટ શિફ્ટમાં ફરજ બજાવ્યા બાદ સની ગામમાં આવ્યો હતો. સની થોડો સમય ઘરે રહ્યો અને બાઈક દ્વારા ખતૌલી આવ્યો. એવું કહેવામાં આવ્યું હતું કે ખતૌલી મીરાપુર રોડ પર આશિક અલી પીર પાસે એક કારમાં કેટલાક લોકોએ ગામ પરત ફરી રહેલા સનીને રોક્યો અને તેને મારવાનું શરૂ કર્યું. જ્યારે સનીને માર મારવામાં આવી રહ્યો હતો, ત્યારે તેના કાકા જનેશ્વરનો પુત્ર શીલુ બાઈક લઈને સ્થળ પર આવ્યો હતો. તોફાની યુવકોએ સની અને શીલુને માર માર્યો હતો અને તેમને અધમૂઆ કરી નાખ્યા હતા. તોફાની યુવકો સની અને શીલુણે આવી હાલતમાં મુકીને ત્યાંથી ભાગી ગયા હતા. બે ઘાયલ યુવકો રસ્તા પર પડેલા હોવાની રાહબરોએ જાણ કરતાં કોતવાલી પોલીસ તાકીદે ઘટનાસ્થળે પહોંચી



હતી. પોલીસ બંને ઘાયલ સની અને શીલુને સરકારી હોસ્પિટલમાં લઈ ગઈ હતી. જ્યાં ડોક્ટરોએ ૧૯ વર્ષીય સનીને મૃત જાહેર કર્યો અને ઘાયલ શીલુને જિલ્લા હોસ્પિટલમાં મોકલી આપ્યો. સનીની હત્યાના સમાચાર ગામમાં પહોંચતા જ પરિવારજનોમાં હોબાળો મચી ગયો હતો. પરિવારજનો ગ્રામજનો સાથે ઉતાવળમાં સરકારી દવાખાને પહોંચ્યા હતા. દલિત યુવકની હત્યાની માહિતી મળતાં જ સીઓ રામાશિષ યાદવ અને કોટવાલ બ્રિજેશ કુમાર શર્મા ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિવારજનો પાસેથી સમગ્ર મામલાની પૂછપરછ કરી. એવું કહેવામાં આવ્યું હતું કે પરિવાર વર્તમાન ગામના પ્રધાન રમેશ પાલ અને તેના અજાણ્યા સાથીઓ પર દુશ્મનાવટના કારણે સનીની હત્યા કરવાનો આરોપ લગાવી રહ્યો છે. મોડી રાત્રે મૃતકના પરિવારજનો ફરિયાદ લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પોલીસે પંચનામા કરી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. રમેશ પાલ પ્રધાન દ્વારા દલિત યુવક સનીની હત્યાને લઈને ગ્રામજનોમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે.

## દલિત વિદ્યાર્થિનીની આત્મહત્યાના મામલે રાજકીય ગરમાવો, મહિલા આયોગે નોંધ લીધી, રણદીપ સુરજેવાલાએ સવાલો ઉઠાવ્યા, કેબિનેટ મંત્રી કૃષ્ણા બેદીએ આપી સલાહ - દલિત વિદ્યાર્થિની આત્મહત્યા કેસ

**દલિત વિદ્યાર્થિની આત્મહત્યા કેસ ભિવાનીમાં દલિત વિદ્યાર્થિનીની આત્મહત્યાનો મામલો જોર પકડી રહ્યો છે**

(એજન્સી) ભિવાની, તા.૨

હરિયાણાના ભિવાનીમાં દલિત વિદ્યાર્થીનીની આત્મહત્યાનો મામલો જોર પકડી રહ્યો છે. ભિવાની મહિલા કોલેજમાં બીએ ફાઈનલ યરની વિદ્યાર્થીનીને ફી ભરવા માટે હેરાન કરવામાં આવી રહી હતી. આ ત્રાસથી કંટાળીને વિદ્યાર્થીનીએ આ પગલું ભર્યું હતું. યુવતીના પિતા જગદીશે પોલીસને આપેલી ફરિયાદમાં કોલેજના પ્રિન્સિપાલ સહિત ચાર લોકો પર તેને આત્મહત્યા માટે મજબૂર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. દલિત વિદ્યાર્થીની આત્મહત્યા કેસ : પીડિતા માટે ન્યાયની માંગ સાથે પરિવારના સભ્યોએ વિવિધ સામાજિક સંગઠનો સાથે પ્રદર્શન પણ કર્યું. યુવતીના પિતાનો આરોપ છે કે કોલેજના સ્ટાફે વિદ્યાર્થીની પર બાકી ફી ભરવા માટે દબાણ કર્યું હતું. જેના કારણે તે પરેશાન રહેતી હતી. જેના કારણે યુવતીએ આત્મહત્યા કરી લીધી હતી. યુવતી ખાનગી મહિલા કોલેજમાં બીએના અંતિમ વર્ષની વિદ્યાર્થીની હતી. ફી ભરવાના નામે ત્રાસનો ભોગ બનનાર વિદ્યાર્થીનીના પિતા જગદીશે જણાવ્યું હતું કે, તેમની પુત્રીએ આ મહિને પાંચમા સેમેસ્ટરની પરીક્ષા આપવાની હતી, પરંતુ કોલેજ સત્તાવાળાઓએ બાકી ફીના કારણે તેને પરીક્ષા આપવાની મંજૂરી આપી ન હતી. તેમણે કહ્યું કે તેઓ કેટલીક નાણાકીય સમસ્યાઓને કારણે તેની ફી સમયસર ચૂકવવામાં અસમર્થ હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે કોલેજના પ્રિન્સિપાલ અને અન્ય કેટલાક લોકો તેને હેરાન કરે છે અને ત્રાસ આપે છે. તેમણે કહ્યું, 'મારે મારી દીકરી માટે ન્યાય જોઈએ છે.' સ્કૂલ સ્ટાફ સામે કેસ નોંધાયો : લોહારૂ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર જિતેન્દ્રએ કહ્યું, તપાસ દરમિયાન ઘણા પાસાઓ સામે આવ્યા છે. એફઆઈઆર નોંધવામાં આવી છે અને તપાસ ચાલુ છે. જ્યારે વિદ્યાર્થીનીના ઉત્પીડનના આરોપો વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, અમે તપાસ કરી રહ્યા છીએ. કોઈ સુસાઈડ નોટ મળી નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ બાકી છે. જોકે, તેના પરિવારની ફરિયાદ પર BNS કલમ ૧૦૮ હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધવામાં આવ્યો છે. રણદીપ સુરજેવાલાએ નિશાન સાધ્યું : આ દરમિયાન કોંગ્રેસના નેતા રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યું કે હરિયાણામાં એક દલિત છોકરીએ પરીક્ષા ફી ન ચૂકવવાને કારણે આત્મહત્યા કરવી પડી તે દુઃખદ છે. સુરજેવાલાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું, આ ઘટના માત્ર દુઃખદ જ નથી પરંતુ ખૂબ જ શરમજનક પણ છે. પીડિત પરિવારને ન્યાય મળવો જોઈએ અને આ મામલાની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. કુમારી સેલજાએ સરકારને ઘેરી : આ મુદ્દે કોંગ્રેસ સાંસદ કુમારી સેલજાએ સોશિયલ મીડિયા દ્વારા સરકારને ઘેરી. તેમણે લખ્યું, 'હરિયાણાની આશાસ્પદ પુત્રી દીક્ષાએ આત્મહત્યા કરી કારણ કે તેને પરીક્ષામાં બેસવા દેવામાં આવી ન હતી, તેની એકમાત્ર ભૂલ એ હતી કે તે ગરીબ અને દલિત પરિવારમાંથી હતી. શું શિક્ષણ હવે પૈસા અને જાતિથી નક્કી થશે? 'બેટી બચાવો, બેટી પઢાવો' ના નારા આપનાર ભાજપ સરકાર હવે જવાબ આપશે કે ક્યાં સુધી દીકરીઓ ગરીબી અને જાતિના બોજ નીચે કચડાઈ જશે ? શું ભાજપનો વિકાસ માત્ર પસંદગીના લોકો પૂરતો જ સીમિત છે? કે પછી દલિત અને ગરીબ બાળકોના સપનાની કોઈ કિંમત નથી રહી ? કોંગ્રેસને કેબિનેટ મંત્રીની સલાહ : હરિયાણાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી કૃષ્ણ કુમાર બેદીએ કહ્યું કે યુવતીના મૃત્યુ માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે એફઆઈઆર નોંધવામાં આવી છે અને પોલીસ ગુનેગારોને પકડવા માટે સખત મહેનત કરી રહી છે. સરકાર પીડિત પરિવારની સાથે છે. દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કોંગ્રેસને આ મામલે રાજનીતિ ન કરવાની સલાહ આપી હતી. હરિયાણા મહિલા આયોગે નોંધ લીધી : હરિયાણા મહિલા આયોગના અધ્યક્ષે આ સમગ્ર મામલાની નોંધ લીધી છે. મહિલા આયોગના અધ્યક્ષ રેણુ ભાટિયાએ ભિવાની એસપીને આ મામલે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.


**જાહેર ચેતવણી**

અમો નીચે સહી કરનાર એડવોકેટ એન. એ. પઠાણ તે અમારા અસીલ **યાકુબભાઈ અહેમદભાઈ પટેલ** રહે.ડી-૩, અલબદર-૨, અંબર ટાવર સામે, ૧૦૦ ફૂટ રીંગ રોડ, સરખેજ રોડ, અમદાવાદનાઓની સૂચના અને ફરમાઈશથી જાહેર જનતાને ચેતવણી આપી જણાવીએ છીએ કે...

અમારા અસીલશ્રીનાઓની કાયદેસરની કબજા ભોગવટાની એક મિલ્કત ગ્યાસપુર, તા.સીટી, જી.અમદાવાદ સર્વે નં.૨૨૫ પૈકી જન્નતુલ નઈમ રો-હાઉસ, એ/૨-૩થી ૬૦ ચો.વારનું મકાન જેના ટેના.નં.૦૭૩૬૧૨૧૭૭૨૦૦૦૧એન અને ટોરેન્ટ ગ્રા.નં.૩૨૦૦૪૭૦ છે અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળમાં એ/૨-૩ વાળો મકાનના લીસ્ટમાં અમારા અસીલનું નામ ચાલે છે જેના અસલ દસ્તાવેજી પુરાવાઓ છેલ્લા ઘણાં સમયથી મળી આવતા નથી, જેથી ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ ના હોઈ અમારા અસીલશ્રીનાઓને સદરહુ મિલ્કત વેચાણ કરવાની હોઈ જે કોઈપણ વ્યકિત સંસ્થા કે સોસાયટીને વાંધો, વચકો, વિરોધ હોય તો દિન-૭માં અમારા અસીલશ્રીને લેખિતમાં વાંધો આપી દેવો અન્યથા કોઈપણ જાતનો વાંધો નથી તેવું માની લેવામાં આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો વચકો માનવામાં આવશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અમદાવાદ**
**તારીખ : ૦૨-૦૧-૨૦૨૫**

એન.એ.પઠાણ
(એડવોકેટ)
અમારી સુચના અને ફરમાઈશથી
યાકુબ અહેમદભાઈ પટેલ


## મનુસ્મૃતિને બાળવાનો પ્રયાસ કરવા બદલ ધરપકડ કરાયેલ BHU વિદ્યાર્થીઓ જેલમાં, વકીલોની ખોટા આરોપોને દૂર કરવા માંગ



**વકીલોના પ્રતિનિધિમંડળે ખોટા આરોપોને દૂર કરવા, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા તપાસ કરવા અને મનુસ્મૃતિ દહન દિવસના કાર્યક્રમ દરમિયાન અટકાયતમાં લેવાયેલા વિદ્યાર્થીઓ સાથેના દુર્વ્યવહાર સામે પગલાં લેવાની માંગ કરી હતી**

(એજન્સી) તા.૨

૨૯ ડિસેમ્બરે, વકીલોના એક જૂથે વારાણસીમાં પોલીસ કમિશનર સાથે મુલાકાત કરી બનારસ હિંદુ યુનિવર્સિટી (BHU) માંથી ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓ સામે દાખલ કરવામાં આવેલા બનાવટી આરોપો પાછા ખેંચવાની માંગણી કરી. વકીલોએ વિદ્યાર્થીઓ પર ખોટી રીતે લાદવામાં આવેલી ગંભીર અને બિનજામીનપાત્ર કલમોને દૂર કરવાની વિનંતી કરી હતી. તેઓએ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) સ્તરના અધિકારી દ્વારા આ મામલાની તપાસ કરવા અને ખોટા આરોપો દાખલ કરવા માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની પણ હાકલ કરી. એ નોંધવું જરૂરી છે કે વાર્તાના પ્રકાશન સમયે ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓ જેલમાં જ હતા.

ધરપકડો ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બનેલી એક ઘટનાણે પગલે કરવામાં આવી હતી છે, જ્યારે BHU ખાતે માર્ક્સવાદી વિદ્યાર્થી સંગઠન ભગત સિંહ સ્ટુડન્ટ્સ મોર્ચા (BSM) સાથે સંકળાયેલા ત્રણ મહિલાઓ સહિત ૧૩ લોકોને વારાણસીના લંકા પોલીસ સ્ટેશન દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ વારાણસી જિલ્લા અદાલતે તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. ૨૫ ડિસેમ્બરે મનુસ્મૃતિ દહન દિવસ નિમિત્તે ડો. બી.આર. આંબેડકર દ્વારા ૧૯૨૭માં મનુસ્મૃતિનું ઐતિહાસિક દહનની યાદમાં યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં યોજાયેલી ચર્ચા, યુનિવર્સિટીના અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓ દ્વારા વિક્ષેપિત થઈ હતી, જેના કારણે વિદ્યાર્થીઓ અને સુરક્ષા રક્ષકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. અટકાયત કરાયેલા લોકોમાં નવ વિદ્યાર્થીઓ અને ચાર પૂર્વ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, જેઓ હાલમાં જિલ્લા જેલ, ચૌકાઘાટમાં બંધ છે. તેઓને જેલમાં સ્થાનાંતરિત કરવામાં આવી રહ્યા હતા ત્યારે વિદ્યાર્થીઓએ રાજ્યના દમન સામેના તેમના પ્રતિકારને પ્રકાશિત કરતા "મનુસ્મૃતિ મુર્દાબાદ, ઈન્કલાબ ઝિંદાબાદ, જય ભીમ," અને "વિદ્યાર્થીઓ સામે હિંસા બંધ કરો" જેવા નારા લગાવ્યા. જેલમાં બંધ વિદ્યાર્થીઓની આતંકવાદ વિરોધી ટુકડી (ATS) દ્વારા પણ પૂછપરછ કરવામાં આવી હતી.

અટકાયતમાં લેવાયેલા વિદ્યાર્થીઓ સાથેના દુર્વ્યવહારના નિવારણ માટે પ્રતિનિધિમંડળે વારાણસીમાં જિલ્લા જેલના અધિક્ષક સાથે પણ મુલાકાત કરી હતી. તેઓએ ૧૦ મુખ્ય માંગણીઓની રૂપરેખા આપતા મેમોરેન્ડમ સબમિટ કર્યા, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

મુલાકાતીઓને વિદ્યાર્થીઓને મળવા દેવા માટે વ્યક્તિદીઠ રૂપિયા ૨૦૦ની લાંચની માંગણી અને જો લાંચ ન આપવામાં આવે તો શારીરિક નુકસાનની ધમકી આપનાર પોલીસ કર્મચારીઓ સામે તાત્કાલિક શિસ્તભંગના પગલાં.

૧. જેલ મેન્યુઅલ અનુસાર વિદ્યાર્થીઓને સુવિધાઓની જોગવાઈ.

૨. વિદ્યાર્થીઓને અલગ બેરેકમાં સમાવીને અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણની ખાતરી કરવી.

૩. ઈજાગ્રસ્ત અથવા અસ્વસ્થ વિદ્યાર્થીઓ માટે યોગ્ય પરીક્ષણ સહિત તબીબી સારવાર.

૪. વિદ્યાર્થીઓ સાથે કઠોર ગુનેગારો તરીકેનો વ્યવહાર ટાળવો.

પ્રતિનિધિમંડળમાં એડવોકેટ પ્રેમપ્રકાશ સિંહ યાદવ, એડવોકેટ રામદુલાર પ્રજાપતિ, એડવોકેટ રાજેશ કુમાર યાદવ, એડવોકેટ સુશીલ કુમાર, એડવોકેટ કમલેશ યાદવ, એડવોકેટ સત્યપ્રકાશ, એડવોકેટ વીરબલી સિંહ યાદવ, એડવોકેટ અવધેશ, એડવોકેટ અજીત સિંહ યાદવ, એડવોકેટ રાવેશ અને એડવોકેટનો સમાવેશ થાય છે.

**ઘટનાની પૃષ્ઠભૂમિ :** ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ, ભગત સિંહ વિદ્યાર્થી મોરચા (બીએસએમ) એ ૧૯૨૭ માં ઐતિહાસિક દિવસની યાદમાં, જ્યારે ડૉ. આંબેડકરે જાતિ ભેદભાવના વિરોધમાં મનુસ્મૃતિનું દહન કર્યું હતું તેની ઉજવણી કરવા યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં BHUના પ્રોક્ટોરિયલ બોર્ડના રક્ષકો દ્વારા વિક્ષેપ કરવામાં આવ્યો હતો, જેમણે કથિત રીતે સહભાગીઓ સાથે ગેરવર્તણૂક કરી હતી, તેમને બળજબરીથી પ્રોક્ટોરિયલ બોર્ડ ઑફિસમાં ખેંચી ગયા હતા, જ્યાં તેઓને સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ લૉક કરવામાં આવ્યા હતા.

બીજા દિવસે, ૨૬ ડિસેમ્બરે, BSMના ૧૩ સભ્યો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, જેમાં તેમની વિરૂદ્ધ ગંભીર અપરાધોનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ત્રણ મહિલાઓ સહિત આ વ્યક્તિઓની લંકા પોલીસ સ્ટેશન દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. અહેવાલો દર્શાવે છે કે વિક્ષેપ દરમિયાન, વિદ્યાર્થીઓ પર શારીરિક હુમલો કરવામાં આવ્યો હતો, તેમના કપડાં ફાડી નાખવામાં આવ્યા હતા અને તેમના ચશ્મા તોડી નાખવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો તેમને પણ ધક્કો મારવામાં આવ્યો હતો, માર મારવામાં આવ્યો હતો અને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે પ્રોક્ટોરિયલ બોર્ડ અને પોલીસે વિદ્યાર્થીઓને બદલો લેવાની અને તેમના ઉજ્જવળ ભાવિને નુકસાન પહોંચાડવાની ધમકીઓ આપી હતી,.

ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓને કાયદાકીય સલાહ વગર લંકા પોલીસ સ્ટેશનમાં રાતોરાત રાખવામાં આવ્યા હતા. કથિત રીતે, તેઓને કસ્ટડીમાં માર મારવામાં આવ્યા હતા અને ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓને હવે જિલ્લા જેલ, ચૌકાઘાટમાં નજરકેદ રાખવામાં આવ્યા છે.

ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની વિવિધ જોગવાઈઓ હેઠળ વિદ્યાર્થીઓ વિરુદ્ધ FIR (નં. ૫૨૩/૨૦૨૪) દાખલ કરવામાં આવી હતી. આમાં શામેલ છે:

૧. કલમ ૧૩૨ : જાહેર સેવકને ફરજથી રોકવા માટે હુમલો અથવા ફોજદારી બળ.

૨. કલમ ૧૨૧(૨) : જાહેર સેવકને ગંભીર ઈજા પહોંચાડવી.

૩. કલમ ૧૯૬(૧) : ધર્મ, જાતિ અથવા ભાષાના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું.

૪. કલમ ૨૯૯ : ઈરાદાપૂર્વક અને દૂષિત કૃત્યો દ્વારા ધાર્મિક લાગણીઓને ભડકાવવી.

૫. કલમ ૧૯૦ : જૂથ દ્વારા આચરવામાં આવેલા ગુના માટે ગેરકાયદેસર એસેમ્બલી.

૬. કલમ ૧૯૧(૨) : રમખાણો.

૭. કલમ ૧૧૫(૨) : જાણીજોઈને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવું.

૮. કલમ ૧૧૦ : સદોષ હત્યા કરવાનો પ્રયાસ.

BHU સુરક્ષા અધિકારી ઓમપ્રકાશ તિવારી અને સહાયક સુરક્ષા અધિકારી હસન અબ્બાસ ઝૈદીની ફરિયાદ પર દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં જણાવાયું છે કે ૨૫ ડિસેમ્બરે સાંજે ૫:૩૦ વાગ્યે, ૨૦-૨૫ BSM સભ્યોનું એક જૂથ આર્ટસ ફેકલ્ટી સ્ક્વેર પાસે એકત્ર થયું હતું, જે કથિત રીતે મનુસ્મૃતિ દહન દિવસની ઉજવણીના ભાગરૂપે મનુસ્મૃતિની નકલો બાળવાની યોજના ઘડી રહ્યા હતા. ફરિયાદીઓ, પ્રોક્ટોરિયલ બોર્ડના સભ્યો અને સુરક્ષા કર્મચારીઓએ તેમને શાંત કરવા માટે જૂથનો સંપર્ક કર્યો. જો કે, વિદ્યાર્થીઓએ કથિત રીતે ગેરવર્તન કર્યું, ધક્કો માર્યો અને સુરક્ષા ટીમ પર હુમલો કર્યો.

એફઆઈઆરમાં દાવો કરવામાં આવ્યો છે કે બે મહિલા સુરક્ષા કર્મચારીઓ, શિપ્રા મિશ્રા અને શિખા મિશ્રા, ઝઘડા દરમિયાન ગંભીર ઈજાઓ પામી હતી અને બેહોશ થઈ ગઈ હતી, જેને BHU ટ્રોમા સેન્ટરમાં સારવાર આપવી પડી હતી. રિપોર્ટમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓની હરકતોથી સાર્વજનિક સંવાદિતા ખોરવાઈ છે.

FIRમાં જે ૧૩ લોકોની ઓળખ કરવામાં આવી છે તેમાં મુકેશ કુમાર, સંદીપ જયસ્વાલ, અમર શર્મા, અરવિંદ પાલ, અનુપમ કુમાર, લક્ષ્મણ કુમાર, અવિનાશ, અરવિંદ, શુભમ કુમાર, આદર્શ, ઈપ્સિતા અગ્રવાલ, સિદ્ધિ તિવારી અને કાત્યાયની બી. રેડ્ડીનો સમાવેશ થાય છે. તેમની સામેના આરોપોમાં મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા છે.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧. TEL: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦, **ફેક્સ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨ અધિકૃત અધિકારી - શ્રી દિગ્વિજયસિંહ ઝાલા; સંપર્ક નંબર- ૯૨૭૪૨૦૭૯૦૯ અધિકૃત અધિકારી - શ્રી ચિન્મય આચાર્ય; સંપર્ક નંબર - ૯૫૭૪૪૪૮૮૪૪**

**ઇન્વેન્ટરી આઇટમ્સ એકત્રિત કરવાની છેલ્લી તકની સૂચના**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર(રાઓ) અને બાંયધરી આપનાર(રાઓ)ને સૂચના આપવામાં આવે છે કે **મિલકતના તમામ ભાગ અને હિસ્સા ધરાવતી એન્ટરટેઈનમેન્ટ ગેમ શોપ નંબર ૩૦૧, ત્રીજો માળ, ક્ષેત્રફળ ૭૬૭૧ ચોરસ ફૂટ (કાર્પેટ એરિયા), 'ક્રિસ્ટલ મોલ', સ્થિત અત્રે રેવન્યુ સર્વે નંબર ૧૦૮પી, ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૨, ફાઈનલ પ્લોટ નંબર ૮૫૩પી, ગામ નાના મહુવા, કાલાવાડ રોડ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૫, અને ખૂંટ આ મુજબ : કહેવાતી દુકાન/મિલકતની હદો, પૂર્વ : માર્જિન સ્પેસ, પૂર્વ : પ્રવેશનો રસ્તો ઉત્તર પગથિયા રસ્તો અને લિફ્ટ અને દક્ષિણ : ખુલ્લુ માર્જિન/મોલ/જમીનની હદો, પૂર્વ : જ્યોતિનગર મેઈન રોડ, પશ્ચિમ મમતા ગાંધી છાત્રાલય, ઉત્તર : આઈઓસી બિલ્ડિંગ એફપી નંબર ૮૫૨ અને દક્ષિણ : કાલાવાડ રોડ સલામત લેણદાર પાસે** મોર્ગેજ/ચાર્જ કરેલ છે જેનો ભૌતિક કબજો **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ'ના અધિકૃત અધિકારી દ્વારા ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ભા.રૂા.૬,૫૩,૦૧,૮૫૯.૭૫ વસુલ કરવા અને જ્યાં છે ત્યાં, જે છે તે અને જે કંઈપણ છે મુજબ વેચાણ કરવા માટે ૧) હાર્દિક મનોહરલાલ કોટેચા ૨) મીતા મનહરલાલ કોટેચા ૩) હાર્દિક મનહરલાલ કોટેચા સ્વ.મનહરલાલ અમરસિંહભાઈ કોટેચાના કાયદેસરના વારસદાર તરીકે ૪) મીતા મનહરલાલ કોટેચા સ્વ.મનહરલાલ અમરસિંહભાઈ કોટેચાના કાયદેસરના વારસદાર તરીકે અને પાસેથી ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ' દ્વારા લેવામાં આવ્યો છે. આ નોટિસ દ્વારા ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને.**

**આ નોટિસના પ્રકાશનના ૮ (દસ) દિવસની અંદર ઉપરોક્ત મિલકતમાં પડેલી ઇન્વેન્ટરી વસ્તુઓ એકત્રિત કરવા માટે છેલ્લી અને આખરી સૂચના** આપવામાં આવે છે, અન્યથા બેંકને વેચાણ/નિકાલ કરવાનો અધિકાર રહેશે. ઈન્વેન્ટરી આઈટમ્સ અને વેચાણની આવકમાંથી મળેલી રકમને વેચાણ પરના નુકસાન/ખર્ચની સામે જાળવી રાખશે. ઉપરોક્ત ઈન્વેન્ટરી વસ્તુઓમાં, ગીરો મૂકેલી મિલકતના વેચાણ પરના નુકસાન સામે વેચાણની આવકને પણ સમાયોજિત કરાશે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧. TEL: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦, **ફેક્સ: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨ અધિકૃત અધિકારી - પ્રગતિ તેજાની; સંપર્ક નંબર- ૮૮૬૬૬૫૬૨૯૯ અધિકૃત અધિકારી - ચિન્મય આચાર્ય; સંપર્ક નંબર - ૯૫૭૪૪૪૮૮૪૪**

**ઇન્વેન્ટરી આઇટમ્સ એકત્રિત કરવાની છેલ્લી તકની સૂચના**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર(રાઓ) અને બાંયધરી આપનાર(રાઓ)ને સૂચના આપવામાં આવે છે કે **મિલકતના તમામ ભાગ અને હિસ્સા ધરાવતા જમીનનું એકમ/બંગ્લો નંબર ૩૩, ક્ષેત્રફળ ૨૫૧.૬૭ ચોરસ મીટર્સ. અને આંતરિક રસ્તો અને કોમન પ્લોટ ક્ષેત્રફળ ૮૭.૬૮ ચોરસ મીટર્સ. કુલ ક્ષેત્રફળ ૩૩૯.૫૩ ચોરસ મીટર્સ. અને તેના ઉપર બાંધકામ, સ્કીમ જાણીતી "શાહી કુટીર" સ્થિત અત્રે જમીન ધરાવતું સિટી સર્વે નંબર ૭૫૭૫, ૭૫૭૬, ૭૫૭૭, ૭૫૭૮, ૭૬૧૭, ૭૬૧૮, ૭૬૧૯, ફાઈનલ પ્લોટ નંબર ૨૭૦ ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૪ (શાહીબાગ)ના મોજે દરિયાપુર-કાલુપુર, તા.અસારવા જિલ્લો અમદાવાદમાં અને રજિ.સબ જિલ્લો અમદાવદ-૬ના (નરોડા) ગુજરાત-૩૮૦૦૦૪, અને ખૂંટ આ મુજબ પૂર્વ : જમીન નંબર ૩૨નું એકમ, પશ્ચિમ : આંતરિક રોડ, ઉત્તર : આંતરિક રોડ અને દક્ષિણ : જમીન નંબર ૩૫નું એકમ સલામત લેણદાર પાસે** મોર્ગેજ/ચાર્જ કરેલ છે જેનો ભૌતિક કબજો **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ'ના અધિકૃત અધિકારી દ્વારા ૧) સનબર્ગ ટ્રેડલિંક પ્રા.લિ., ૨) આશા બસંતીલાલ સુરાના, ૩) આશા બસંતીલાલ સુરાના (સ્વ.બસંતીલાલ મીઠાલાલ સુરાનાના કાયદેસરના વારસદાર તરીકે, ૪) સરોજ સુનિ સુરાના, ૫) સુનીલ મીઠાલાલ સુરાના ૬) સુનીલ મીઠાલાલ સુરાના સી/ઓ સનબર્ગ ટ્રેડલિંક પ્રા.લિ., ૭) સરોજ સુનીલ સુરાના સી/ઓ સનબર્ગ ટ્રેડલિંક પ્રા.લિ., ૮) આશા બસંતીલાલ સુરાના સી/ઓ સનબર્ગ ટ્રેડલિંક પ્રા.લિ., ૯) સરોજ સુનીલ સુરાના (સ્વ.બસંતીલાલ મીઠાલાલ સુરાનાના કાયદેસરના વારસદાર તરીકે અને ૧૦) સુનીલ મીઠાલાલ સુરાના (સ્વ.બસંતીલાલ મીઠાલાલ સુરાનાના કાયદેસરના વારસદાર તરીકે, પાસેથી ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ'ના કાયદેસર લેણાંની વસૂલાત માટે લેવામાં આવ્યો છે. આ નોટિસ દ્વારા ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને.**

**આ નોટિસના પ્રકાશનના ૧૦ (દસ) દિવસની અંદર ઉપરોક્ત મિલકતમાં પડેલી ઇન્વેન્ટરી વસ્તુઓ એકત્રિત કરવા માટે છેલ્લી અને આખરી સૂચના** આપવામાં આવે છે, અન્યથા બેંકને વેચાણ/નિકાલ કરવાનો અધિકાર રહેશે. ઈન્વેન્ટરી આઈટમ્સ અને વેચાણની આવકમાંથી મળેલી રકમને વેચાણ પરના નુકસાન/ખર્ચની સામે જાળવી રાખશે. ઉપરોક્ત ઈન્વેન્ટરી વસ્તુઓમાં, ગીરો મૂકેલી મિલકતના વેચાણ પરના નુકસાન સામે વેચાણની આવકને પણ સમાયોજિત કરાશે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**

# ૫૭ ટકા શાળાઓમાં કાર્યરત કમ્પ્યુટર્સ છે : શિક્ષણ મંત્રાલય

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના UDISE ડેટા અનુસાર, દેશમાં માત્ર ૫૭ ટકા શાળાઓમાં કાર્યરત કમ્પ્યુટર્સ છે જ્યારે ૫૩ ટકા પાસે ઈન્ટરનેટ એક્સેસ છે.

યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (UDISE) પ્લસ એ સમગ્ર દેશમાંથી શાળા શિક્ષણના ડેટાને એકત્ર કરવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત ડેટા એકત્રીકરણ પ્લેટફોર્મ છે.

જ્યારે ૯૦ ટકાથી વધુ શાળાઓ વીજળી અને લિંગ-વિશિષ્ટ શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓથી સજ્જ છે, ત્યારે કાર્યકારી ડેસ્કટોપ, ઈન્ટરનેટ એક્સેસ અને હાથથી ટેકો લઈ શકાય તેવી રેમ્પ જેવી અદ્યતન સુવિધાઓ મર્યાદિત છે.

માત્ર ૫૭.૨ ટકા શાળાઓ પાસે કાર્યકારી કમ્પ્યુટર્સ છે, ૫૩.૯ ટકા પાસે ઈન્ટરનેટ છે, અને ૫૨.૩ ટકા રેમ્પસથી સજ્જ છે જે અહેવાલમાં નોંધ્યું છે કે,



## ૫૩.૯ ટકા પાસે ઈન્ટરનેટ છે

સુલભતા અને તકનીકી તત્પરતામાં નોંધપાત્ર અંતર દર્શાવે છે. ૨૦૨૩-૨૪માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૭ લાખ ઘટીને ૨૪.૮ કરોડ થવા સાથે એનરોલમેન્ટ લેન્ડસ્કેપમાં પણ ફેરફાર જોવા મળ્યો છે. ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER)એ શૈક્ષણિક સ્તરોમાં અસમાનતાઓ જાહેર કરી. જ્યારે પ્રિપેરેટરી લેવલ ૯૬.૫ ટકાનો GER ધરાવે છે, જ્યારે પાયાનું સ્તર માત્ર ૪૧.૫ ટકા છે.

મધ્યમ અને માધ્યમિક સ્તર અનુક્રમે ૮૯.૫ ટકા અને ૬૬.૫ ટકાના દરે વધુ ખરાબ છે. ઉચ્ચ શિક્ષણના સ્તરે ડ્રોપઆઉટનો દર પણ ઝડપથી વધ્યો, જે માધ્યમિક શાળામાં ૫.૨ ટકાથી માધ્યમિક તબક્કે ૧૦.૯ ટકા થયો.

શિક્ષણ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), ૨૦૨૦ હેઠળના પ્રયત્નો છતાં, આંતરમાળખાકીય ખામીઓ સાર્વત્રિક શિક્ષણ તરફની અમારી પ્રગતિને અવરોધે છે. ૨૦૩૦ માટે મહત્વાકાંક્ષી લક્ષ્યાંકોને પહોંચી વળવા માટે સંસાધનોને શ્રેષ્ઠ બનાવવું એ ચાવીરૂપ છે."

NEP, ૨૦૨૦, સમાવેશ અને સમાનતાને પ્રાથમિકતા આપે છે અને UDISE Plus ડેટા પ્રતિનિધિત્વનો ચિતાર આપે છે.

# રેલવે સ્ટેશન પર NRI પાસેથી વ્હીલચેર માટેનું ભાડું રૂા.૧૦,૦૦૦ જેટલું વસૂલાયું, કુલીનું લાઈસન્સ રદ કરાયું

## આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ રેલવે દ્વારા તપાસ શરૂ કરવામાં આવી અને લાયસન્સ તુરંત જ રદ કરી દેવામાં આવ્યું અને NRI મુસાફર પાસેથી વસૂલ કરવામાં આવેલી રકમમાંથી ૯૦ ટકા રકમ મુસાફરને પાછી આપી દેવાનો રેલવે તંત્રએ આદેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

દિલ્હીના હઝરત નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશન પર ઊતરેલા એક એનઆરઆઈ ઉતારૂ પાસેથી વ્હીલચેલની સુવિધા માટે રૂા.૧૦,૦૦૦ જેવું અત્યંત ઊંચું અને ભારે ભાડું વસૂલ કરવામાં આવતા અને ઘટના પ્રકાશમાં આવતા રેલવે દ્વારા એ કુલીનું લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યું છે. એનઆરઆઈએ વ્હીલચેરની સુવિધા માંગી હતી અને પોતાનો સામાન પ્લેટફોર્મ સુધી પહોંચાડી દેવા માટે રેલવે સ્ટેશનના કુલીની સર્વિસ લીધી હતી પણ આ કુલીએ રૂા.૧૦,૦૦૦નો ચાર્જ લીધો હતો. ઘટના પ્રકાશમાં આવતા ભારે ચર્ચા જાગી હતી. એનઆરઆઈ મુસાફરની દીકરી પાયલે તાત્કાલિક રેલવે સત્તાવાળાઓ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. દરેક રેલવે સ્ટેશન પર વ્હીલચેરની સુવિધા કોઈ ચાર્જ લીધા વિના નિઃશુલ્ક આપવામાં આવતી હોય છે. આ પછી રેલવે દ્વારા તપાસ કરવામાં આવી હતી અને સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા બાદ એ કુલીનું લાઈસન્સ રદ કરવામાં આવ્યું હતું અને તેનો કુલી તરીકેનો બેજ પાછો લઈ લેવામાં આવ્યો હતો. રેલવેએ જાહેર કર્યું હતું કે, આવી ઘટનાઓ બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં. કેમકે રેલવે માટે ઉતારૂઓની સુવિધા અને એમની સગવડો સર્વોપરી છે. એનઆરઆઈ પાસેથી વસૂલ કરવામાં આવેલી રકમમાંથી ૯૦ ટકા રકમ ઉતારીને પાછી આપી દેવાનો પણ રેલવે તંત્ર દ્વારા કુલીને



આદેશ આપવામાં આવ્યો હતો. ડિવિઝનલ રેલવે મેનેજરે આ ઘટના અંગે ભારે આઘાતની લાગણી અનુભવી હતી અને કહ્યું હતું કે, હું માની શકતો નથી કે આવું બન્યું છે કેમકે અમારા માટે મુસાફરોની સગવડ અને સુવિધા એ સર્વોચ્ચ પ્રાથમિકતા ધરાવે છે. આવી ઘટનાઓ બને તો રેલવેની પ્રતિષ્ઠાને ભારે નુકસાન થાય છે અને ઉતારૂ એના વિશ્વાસમાં પણ ઘટાડો થાય છે. ખાતરી આપી હતી કે જે કોઈ દોષિત છે તેની સામે અત્યંત કડક પગલાં લેવામાં આવશે. આવી કોઈ પણ ઘટના બને એટલે તરત જ હેલ્પલાઈન નંબર ૧૩૯ પર સંપર્ક કરવા માટે રેલવેના અધિકારીઓએ મુસાફરોને વિનંતી કરી છે.

# OpenAI વ્હિસલબ્લોઅરનું મૃત્યુ ઓટોપ્સી હત્યા સૂચવે છે, આત્મહત્યા નહીં

## OpenAIના પૂર્વ કર્મચારી સુચિર બાલાજીએ જનરેટિવ AIની આસપાસના નૈતિક ચિંતાઓ વિશેના તેમના ઘટસ્ફોટ માટે સમાચારોમાં ચમક્યા હતા

(એજન્સી) તા.૨

૧૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેમના સાન ફ્રાન્સિસ્કો એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવેલા ભારતીય-અમેરિકન ટેકી સુચિર બાલાજીના માતા-પિતાએ તેમના પુત્રની હત્યા કરવામાં આવી હોવાનો આક્ષેપ કરીને સત્તાવાર આત્મહત્યાના ચુકાદાને નકારી કાઢ્યો છે.

ઓપનએઆઈના પૂર્વ કર્મચારી સુચિર બાલાજીએ જનરેટિવ AIની આસપાસની નૈતિક ચિંતાઓ વિશે તેમના વ્હિસલબ્લોઈંગ ઘટસ્ફોટ માટે હેડલાઈન્સ બનાવી હતી. મીડિયા સાથેની એક મુલાકાતમાં, તેના માતા-પિતાએ દાવો કર્યો છે કે, બીજા શબપરીક્ષણ અહેવાલમાં 'ઝપાઝપીના અને માથામાં ઈજાના ચિહ્નો' જોવા મળ્યા છે, જે તબીબી પરીક્ષકની કચેરી દ્વારા આત્મહત્યાના ચુકાદાનો વિરોધાભાસ કરે છે. સુચિરની માતા, પૂર્ણિમા રામારાવે, સુસાઈડ નોટની ગેરહાજરી અને બીજા શબપરીક્ષણના તારણોને ટાંકીને આત્મહત્યાના ચુકાદા પર અવિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે. 'અમારી પાસે બીજા શબપરીક્ષણમાં તથ્યો છે. માથામાં ઈજા અને સંઘર્ષના ચિહ્નો. આ આત્મહત્યા નથી; હત્યા છે.' તેમના પિતા, બાલાજી રામામૂર્તિએ ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ના



રોજ તેમની છેલ્લી વાતચીતનું વર્ણન કર્યું, જ્યારે સુચિર લોસ એન્જલસની સફરમાંથી ખુશનુમા મિજાજ સાથે પાછો ફર્યો. તેમણે કહ્યું તે ખુશ દેખાતો હતો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું સુચિરે બીજી નોકરી પસંદ કરી છે, તો તેની માતાએ કહ્યું, 'ના, તેણે નથી કર્યું'. તેઓએ (ઓપનએઆઈ) કદાચ તેને ધમકી આપી હતી. તેઓએ તેને બીજે ક્યાંક કામ કરવાની મંજૂરી આપી ન હતી. તેણે કોપીરાઈટ એટર્નીનો સંપર્ક પણ કર્યો અને તે શોધી કાઢ્યું. તે કંઈ ખોટું કરી રહ્યો ન હતો અને તેઓ તેને દબાવી રહ્યા હતા જેના કારણે તે ન્યૂ યોર્ક ટાઈમ્સને ઈન્ટરવ્યુ આપવા મજબૂર હતો અને તેનું મૃત્યુ થયું. પિતાએ ઉમેર્યું, 'તે ચેટજીપીટીના કોર ગ્રૂપમાં કામ કરતો હતો; તે આખી વસ્તુનો એક આર્કિટેક્ટ હતો. તે ચેટજીપીટી વિશે ઘણી બધી માહિતી જાણે છે. અન્ય AI કંપનીઓમાં કામ ન કરવા માટે તેના પર કેટલાક પ્રતિબંધો હતા.' તેની માતાએ ઉલ્લેખ કર્યો કે સુચિર વ્યક્તિગત સંશોધન પર કામ કરી રહ્યા હતા જેને તે પ્રકાશિત કરવા માગતો હતો તેમના કાર્યમાં, તેમણે કથિત રીતે ChatGPT કેવી રીતે કાર્ય કરે છે તેની સરખામણીનો સમાવેશ કર્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો કે, 'વધુમાં, કલાકારો અને પત્રકારોનું બધું જ ચોરાઈ ગયું હતું, જે અનૈતિક છે. આ છેલ્લી વખત જ્યારે હું તેમને મળી ત્યારે અમે વાત કરી હતી.' માતા-પિતા સત્ય બહાર લાવવા માટે FBI તપાસની માંગ કરી રહ્યા છે. 'તે સંઘર્ષ કરી રહ્યો હતો; તેણે પોતાનો જીવ લીધો ન હતો. હવે, કોને અને શા માટે શોધ કરવાની જરૂર છે.' પૂર્ણિમાએ કહ્યું, ભારત સરકારને તેમના હેતુને સમર્થન આપવા વિનંતી કરી. તેઓએ એલોન મસ્કના સમર્થનનું પણ સ્વાગત કર્યું પરંતુ કહ્યું કે તેઓ તેમની સુધી પહોંચ્યા નથી. જોકે તેણીએ તેને ૨૯ ડિસેમ્બરના રોજ X પોસ્ટ પર ટેગ કર્યો હતો.

# જમ્મુ અને કાશ્મીરમાં બુરખાધારી હથિયારધારીઓએ બસ પર હુમલો કરતા બાંધકામ કંપનીના ચાર કામદારોને ઈજા

## ઘટના રામબન વિસ્તારમાં બની હતી એ પછી સલામતી દળોએ ઘટના બારામાં આઠ વ્યક્તિઓની અટકાયત કરી



(એજન્સી) જમ્મુ, તા.૨

જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લામાં બુરખાધારી હથિયારધારીઓના આતંકી હુમલામાં એક બાંધકામ કંપનીના ચાર કર્મચારીઓને ઈજા થઈ હતી. આ ઘટના પછી આઠ જેટલી વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી તેમ પોલીસ અને સુરક્ષા દળના અધિકારીઓએ જણાવ્યું હતું. જે બસમાં આ કર્મચારીઓ જઈ રહ્યા હતા એ બસ પર હુમલો થયો હતો. બુરખાધારી સશસ્ત્ર આતંકીઓએ એક ટનલના પ્રોજેક્ટ માટે કર્મચારીઓ બસમાં જઈ રહ્યા હતા ત્યારે એ બસને સરી વિસ્તારમાં અટકાવી હતી અને બસમાં ચડી ગયા હતા અને તેમાં બેઠેલા કર્મચારીઓ પર હુમલા કર્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો અન ઈજાગ્રસ્તોને દવાખાને ખસેડવામાં આવ્યા હતા. કંપનીના ચાર કર્મચારીઓને ઈજા થઈ હતી તેમ પોલીસ જણાવે છે. આ ઘટનાની તપાસને પગલે આઠ વ્યક્તિઓની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી હતી. અજાણ્યા હુમલાખોરોએ કર્મચારીઓને બસમાં ઘૂસીને ભારે માર માર્યો હતો. દરમિયાન આ વિસ્તારના એસએસપી કુલ્બીર સિંઘે જણાવ્યું હતું કે, પરપ્રાંતિય કર્મચારીઓ કે મજૂરોએ ડરવાની કે ચિંતા કરવાની જરૂર નથી અમે એમને પૂરતું રક્ષણ પૂરૂં પાડી રહ્યા છીએ. હિમાચલથી આવેલા એન્જિનિયર મનોજ કુમારે કહ્યું હતું કે, બુરખાધારી શખ્સો અંદર ઘૂસી ગયા હતા અને અમને ધમકીઓ આપી હતી કે હજુ સુધી તમે કેમ રામબનમાં કામ કરી રહ્યા છો. ૧૦થી ૧૫ જેટલા બુરખાધારીઓ બસમાં ચડી ગયા હતા અને અમને માર મારવા લાગ્યા હતા. મનોજકુમાર કહે છે કે અમારામાંથી છથી સાત લોકોને ઈજાઓ થઈ છે. અમારે વધુ સુરક્ષાની જરૂર છે કેમકે અમે અહીં કામ કરવા આવ્યા છીએ.

# પાકિસ્તાનના કુર્રમ વિસ્તારમાં શિયા અને સુન્નીઓ વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર

(એજન્સી) તા.૨

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના કુર્રમ જિલ્લામાં સાંપ્રદાયિક હિંસાને કારણે ઘણું નુકસાન થયું છે. આ વિસ્તારમાં ઘણા ઘરો ધરાશાયી થયા, ૧૩૩ લોકોના મોત થયા. હવે બંને પક્ષો વચ્ચે શાંતિ સમજૂતી થઈ છે. એજન્સી અનુસાર, ખૈબર પખ્તુનખ્વા સરકારના પ્રવક્તા બેરિસ્ટર મુહમ્મદ અલી સૈફે કહ્યું કે અલીઝાઈ અને બાગાન જનજાતિઓના પ્રતિનિધિઓએ ૧૪ મુદ્દાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. શિયાઓ અને સુન્નીઓ વચ્ચે જમીનને લઈને દાયકાઓથી વિવાદ ચાલી રહ્યો હતો. તાજેતરમાં આ વિવાદ વધવાને કારણે અહીં હિંસા ફાટી નીકળી હતી. આ સમજૂતી અનુસાર હવે બંને પક્ષો તેમના તમામ ખાનગી બંકરોને નષ્ટ કરશે અને તેમના ભારે હથિયારો પણ પ્રશાસનને સોંપશે. આદિજાતિ પરિષદના સભ્ય મલિક સવાબ ખાને પુષ્ટિ કરી કે બંને પક્ષોના ૪૫ પ્રતિનિધિઓએ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીમાં યુદ્ધવિરામ, કિલ્લેબંધી તોડી પાડવા અને પ્રશાસન પાસે હથિયારો જમા કરાવવા જેવી બાબતો કહેવામાં આવી છે. સરકારના પ્રવક્તા સૈફે કહ્યું કે એક પક્ષે થોડા દિવસો પહેલા શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જ્યારે બીજી બાજુએ બુધવારે તેના પર હસ્તાક્ષર કર્યા હતા. એટલે કે કરારની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. દરમિયાન, ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી અલી અમીન ખાન ગાંડાપુરે બંને પક્ષો દ્વારા કરાર પર હસ્તાક્ષર કરવા પર ખુશી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આ શાંતિપૂર્ણ કરાર કુર્રમનો કાયમી ઉકેલ પ્રદાન



કરશે. આ કરાર કાયમી ઉકેલ માટે મજબૂત પાયો બનાવશે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમે આ કરાર માટે કુર્રમના લોકોને અભિનંદન પાઠવીએ છીએ. જેનાથી જિલ્લામાં ટૂંક સમયમાં રોજીંદી જનજીવન સંપૂર્ણપણે સરળ બની જશે. આ શાંતિ કરાર કુર્રમમાં શાંતિ અને સમૃદ્ધિના નવા યુગની શરૂઆત કરશે. તમને જણાવી દઈએ કે ૨૨ નવેમ્બરે એક વેન પર ઓચિંતા હુમલામાં ૪૭ લોકો માર્યા ગયા હતા. આ પછી કુર્રમમાં હિંસા ફાટી નીકળી હતી. અહીંના અનેક રસ્તાઓ બંધ થવાને કારણે જિલ્લામાં ખાદ્યપદાર્થો, દવાઓ વગેરેની અછત સર્જાઈ હતી.

# ટૂંક સમયમાં આવી રહ્યા છે : માઈક્રોપ્લાસ્ટિક્સ પર દેખરેખ રાખવા અને બોટલ્ડ પાણી, ખાદ્ય પદાર્થો દ્વારા એક્સપોઝરને મર્યાદિત કરવાના ધોરણો

## મીડિયા અનુસાર ઓગસ્ટમાં એક અભ્યાસ બાદ FSSAI દ્વારા રચવામાં આવેલી એક પેનલે ભારતમાં વેચાતા મીઠા અને ખાંડમાં માઈક્રોપ્લાસ્ટિક્સ શોધી કાઢ્યા હતા, તે તેની ભલામણોને અંતિમ સ્વરૂપ આપી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

મીડિયા અનુસાર દેશમાં માઈક્રોપ્લાસ્ટિક્સ અને નેનોપ્લાસ્ટિક્સના વ્યાપનું મૂલ્યાંકન કરવા અને આપણા પરના જોખમના સ્તરનું મૂલ્યાંકન કરવા માટે ભારતના સર્વોચ્ચ ખાદ્ય નિયમનકાર દ્વારા રચવામાં આવેલી પેનલ ટૂંક સમયમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી ખાદ્ય ચીજો અને બોટલ્ડ પાણીમાં આ દૂષકોને મોનિટર કરવા માટેની પદ્ધતિઓની ભલામણ કરશે.

ભારતમાં સૌથી વધુ બ્રાન્ડેડ અને નોન-બ્રાન્ડેડ મીઠું અને ખાંડના ઉત્પાદનોમાં માઈક્રોપ્લાસ્ટિક્સ અને નેનોપ્લાસ્ટિક્સ વિશે એલાર્મ વધારતા તેના પ્રકારના પ્રથમ અહેવાલ વચ્ચે આ આવ્યું છે.

માઈક્રોપ્લાસ્ટિક્સ કૃત્રિમ અથવા અર્ધ-કૃત્રિમ, ઘન, પાણીમાં અદ્રાવ્ય, ઉચ્ચ-પોલિમર પ્લાસ્ટિકના કણો છે જે વ્યાસમાં પાંચ મીમીથી નાના છે. આનો ઉપયોગ ઘણા ઉત્પાદનો માટે કાચા માલ તરીકે થાય છે અને કોઈપણ પ્લાસ્ટિક ઉત્પાદનના અધોગતિ દરમિયાન રચાય છે.

બીજી બાજુ, એક માઈક્રોમીટરથી નાના વ્યાસના પ્લાસ્ટિકના કણોને નેનોપ્લાસ્ટિક કહેવામાં આવે છે.

માઈક્રોપ્લાસ્ટિક્સ અને નેનોપ્લાસ્ટિક્સ સમગ્ર ખાદ્ય શૃંખલામાં જોવા મળે છે, જે માનવ ખોરાકમાં તેમની હાજરી તરફ દોરી જાય છે અને સંકળાયેલ ઝેરી રસાયણોના માનવ સંપર્કમાં આવવાની શક્યતામાં વધારો કરે છે.

પ્લાસ્ટિકના નાના કણો ખોરાક, પાણી અને હવા દ્વારા માનવ શરીરમાં પ્રવેશ કરે છે. અંતમાં, માનવ આંતરિક અવયવો, જેમ કે ફેફસાં, હૃદય, સ્તન દૂધ, લોહીનો પ્રવાહ અને ગર્ભની પ્લેસેન્ટલ પેશીઓ, માઈક્રોપ્લાસ્ટિક્સના નિશાનો દર્શાવે છે.

માઈક્રોપ્લાસ્ટિક્સના સંપર્કમાં આવવાથી ફેફસાંમાં બળતરા અને કેન્સર, હાર્ટ એટેક, અંતઃસ્ત્રાવી વિક્ષેપ, વજનમાં વધારો, ઈન્સ્યુલિન પ્રતિકાર અથવા વંધ્યત્વનું જોખમ વધે છે તેની પુષ્ટિ કરવા માટે હજુ સુધી કોઈ પુરાવા નથી.

પૂર્ણતાને આરે

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ ગયા વર્ષે કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)-ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટોક્સિકોલોજી રિસર્ચ, લખનૌ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)-સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિશરીઝ ટેક્નોલોજી, કોચી અને બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ સાયન્સ (BITS), પિલાનીના સંશોધકો સાથે તેનું મૂલ્યાંકન શરૂ કર્યું હતું.. તે હવે અહેવાલને અંતિમ સ્વરૂપ આપી રહ્યું છે, એમ સૂત્રોએ



જણાવ્યું હતું. FSSAIના વરિષ્ઠ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, 'સંશોધકો ફૂડ મેટ્રિસિસમાં માઈક્રો- અને નેનો-પ્લાસ્ટિકની ઓળખ અને પ્રમાણીકરણ માટે વિશ્લેષણાત્મક પદ્ધતિઓના વિકાસ અને માન્યતા પર કામ કરી રહ્યા છે અને ઓળખાયેલ ફૂડ મેટ્રિસિસમાં વિકસિત પદ્ધતિઓની ઈન્ટ્રા-લેબોરેટરી સરખામણી પર કામ કરી રહ્યા છે.'

ફૂડ મેટ્રિક્સ એ ખોરાકના ભૌતિક બંધારણ, સ્વરૂપ, રચના અને રાસાયણિક અને મોલેક્યુલર ઘટકો અને તેઓ કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તે માટેનો શબ્દ છે. આ બધું ખોરાકના પાચન અને ચયાપચયને અસર કરે છે.

અધિકારીએ ઉમેર્યું, 'પેનલએ ઓળખી કાઢેલા ફૂડ મેટ્રિસિસમાં માઈક્રો- અને નેનો-પ્લાસ્ટિક એક્સપોઝર સ્તરના સર્વેલન્સ અને નિર્ધારણ પર પણ કામ કર્યું છે અને તે ભલામણોના વિગતવાર સેટ સાથે આવવાની છે.'

FSSAIના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે એકવાર પેનલ દ્વારા અહેવાલનું મૂલ્યાંકન કરવામાં આવ્યા બાદ નિયમનકાર માઈક્રોપ્લાસ્ટિક્સને શોધવા માટે ખોરાકના નમૂનાઓની નિયમિત દેખરેખ માટે ધોરણો ઘડી શકે છે.

હાલમાં, બાટલીના પાણીમાં અથવા કોઈપણ ખાદ્ય પદાર્થમાં માઈક્રોપ્લાસ્ટિક્સના સ્તર પર કોઈ નિયમનકારી મર્યાદાઓ નથી- જેમાં તે હોય તેવી શક્યતા છે.

નિષ્ણાતોએ આને મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ ગણાવ્યો.

પર્યાવરણીય સંશોધન અને હિમાયત સંસ્થા, ટોક્સિક્સ લિંકના સ્થાપક ડિરેક્ટર રવિ અગ્રવાલે મીડિયાને જણાવ્યું કે, 'દેશના પ્લાસ્ટિક પ્રદૂષણના પડકારોને સંબોધિત કરતી વખતે ખાદ્ય સુરક્ષા, જાહેર આરોગ્ય અને પર્યાવરણીય ટકાઉપણુંનું રક્ષણ કરવા માટે મજબૂત દેખરેખ (માઈક્રોપ્લાસ્ટિક્સનું) આવશ્યક છે.'

ઓરિગા રિસર્ચના મેનેજિંગ ડિરેક્ટર અને ખાદ્ય સુરક્ષા અને પરીક્ષણ નિષ્ણાત સૌરભ અરોરાના જણાવ્યા અનુસાર, ખાદ્ય ઉત્પાદનોમાં માઈક્રોપ્લાસ્ટિક્સનું નિરીક્ષણ અને માપન મહત્ત્વપૂર્ણ છે કારણ કે માઈક્રોપ્લાસ્ટિક હવે વિવિધ ખાદ્ય ઉત્પાદનોમાં હાજર છે. અરોરાએ જણાવ્યું હતું કે, 'આને ખેતીના તબક્કા દરમિયાન વહેલી તકે રજૂ કરી શકાય છે. ખેતીની કેટલીક પ્રક્રિયાઓમાં હવે પ્લાસ્ટિકનો સમાવેશ થાય છે. કારણ કે તે એક નવું અને વિકાસશીલ ક્ષેત્ર છે, ઘણી બાબતો, જેમ કે આ પ્લાસ્ટિક લાંબા ગાળે શું નુકસાન કરી શકે છે, તે હજી સ્થાપિત થવાનું બાકી છેપ. અમે ફૂડ ચેઈનમાંથી માઈક્રોપ્લાસ્ટિક સરળતાથી આપણા શરીરમાં પહોંચતા જોયા છે.'

ખાદ્ય સુરક્ષા નિષ્ણાતે ભાર મૂક્યો કે, 'જ્યારે આપણે ચોક્કસ દૂષણની અસરોને જાણતા નથી, ત્યારે તેને માપવા અને તેનું નિરીક્ષણ કરવું વધુ મહત્વપૂર્ણ બની જાય છે જેથી કરીને આપણે માનવ સ્વાસ્થ્ય પર સહસંબંધ અને ચોક્કસ અસર વિષે જાણી શકીએ.'

ખતરાની ઘંટડી

ઓગસ્ટ ૨૦૨૪માં મીઠું અને ખાંડમાં માઈક્રોપ્લાસ્ટિકની હાજરીનું પરીક્ષણ કરતો તેના પ્રકારનો પ્રથમ અભ્યાસ બહાર આવ્યો. તમામ ભારતીય મીઠા અને ખાંડની બ્રાન્ડ્સ, નાની અને મોટી, પેકેજ્ડ અને અનપેકેજ, ઓનલાઈન અને સ્થાનિક બજારોમાં વેચાય છે, જેમાં માઈક્રોપ્લાસ્ટિક્સ હોવાનું તારણો દર્શાવે છે.

ટોક્સિક્સ લિંક દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે આયોડાઈઝ્ડ મીઠામાં બહુ રંગીન પાતળા તંતુઓ અને ફિલ્મોના રૂપમાં માઈક્રોપ્લાસ્ટિક્સનું પ્રમાણ વધુ હોય છે. કવાયતના ભાગ રૂપે, ટેબલ મીઠું, રોક મીઠું, દરિયાઈ મીઠું અને સ્થાનિક કાચું મીઠું સહિત સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા ૧૦ ક્ષાર અને પાંચ ખાંડના નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે ઓનલાઈન અથવા સ્થાનિક બજારોમાંથી ખરીદવામાં આવ્યા હતા.

તમામ બ્રાન્ડેડ નમૂનાઓ હતા, સિવાય કે બે મીઠું અને ખાંડનો એક નમૂનો. પરીક્ષણ કરાયેલા ૧૦માંથી ત્રણ નમૂના પેકેજ્ડ આયોડાઈઝ્ડ મીઠાના, ત્રણ રોક સોલ્ટના, જેમાં બે ઓર્ગેનિક બ્રાન્ડ્સ, બે દરિયાઈ મીઠાના નમૂનાઓ અને વધુ બે સ્થાનિક બ્રાન્ડનો સમાવેશ થાય છે. અગ્રવાલે જણાવ્યું હતું કે માઈક્રોપ્લાસ્ટિક્સ માનવ શરીરમાં ત્રણ પ્રાથમિક માર્ગો દ્વારા પ્રવેશી શકે છે. ઈન્જેશન, ઈન્હેલેશન અને ત્વચાનો સીધો સંપર્ક. અગ્રવાલે ધ્યાન દોર્યું કે, "તમામ જીવંત જીવોમાં, માઈક્રોપ્લાસ્ટિક્સના સંપર્કમાં આવવાથી હાનિકારક અસરો, બળતરા અને આ કણોનું શોષણ અથવા હિલચાલ વધી શકે છે. સંશોધન અભ્યાસો પાણી, માટી અને ખાદ્ય પદાર્થો જેવા કે સીફૂડ, મીઠું, દૂધ અને પેકેજ્ડ સામાનમાં માઈક્રોપ્લાસ્ટિક દર્શાવે છે."

# હિમાચલ પ્રદેશ પોલીસે ખોરાક અને દારૂ આપવાનો ઈન્કાર કરવા બદલ રિસોર્ટ મેનેજરની હત્યા કરી, ૨ની ધરપકડ



(એજન્સી) તા.૨

નવા વર્ષની ઉજવણી દરમિયાન મફત ખોરાક અને દારૂ ન આપવાથી ગુસ્સે ભરાયેલા બે પોલીસકર્મીઓએ એક રિસોર્ટના મેનેજરને માર માર્યો અને તેની હત્યા કરી દીધી અને રિસેપ્શનિસ્ટને ઘાયલ કર્યો. આ ઘટના ડેલહાઉસી નજીક બનેખેતમાં બની હતી. બંને પોલીસકર્મીઓની ધરપકડ કરવામાં આવી છે. રિસોર્ટના માલિકના જણાવ્યા અનુસાર આ ઘટના મંગળવારે મોડી રાત્રે બની હતી. ત્રણ પોલીસકર્મીઓ રિસોર્ટમાં દારૂ અને ખાદ્યપદાર્થોની માંગણી કરવા પહોંચ્યા હતા. રિસેપ્શનિસ્ટ સચિને મોડી રાત અને સ્ટાફની અછતનું કારણ આપીને ભોજન અને દારૂ પીરસવાનો ઈન્કાર કર્યો હતો. આ પછી પોલીસકર્મી અને રિસેપ્શનિસ્ટ વચ્ચે બોલાચાલી થઈ હતી. ગુસ્સે ભરાયેલા પોલીસકર્મીઓએ સચિનને માર મારવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે રિસોર્ટના જનરલ મેનેજર રાજીન્દર દરમિયાનગીરી કરવા આવ્યા તો પોલીસકર્મીઓએ તેમના પર હુમલો કર્યો. અથડામણ દરમિયાન રાજીન્દર પડી ગયો હતો. બાદમાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ ઘટના બાદ સ્થાનિક લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શનકારીઓએ ચંબા પઠાણકોટ નેશનલ હાઈવે બ્લોક કરી દીધો હતો. ઉગ્ર વિરોધ જોઈને પોલીસ અધિકારીઓ એક્શનમાં આવ્યા હતા. બંને આરોપી કોન્સ્ટેબલ અનૂપ અને અમિતની ધરપકડ કરવામાં આવી હતી. તેની સામે હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે. સ્થાનિક અધિકારીઓનું માનવું છે કે નવા વર્ષની ઉજવણી દરમિયાન બનેલી ઘટના દરમિયાન પોલીસકર્મીઓ દારૂના નશામાં હતા. ચંબા પોલીસ અધિક્ષકે પુષ્ટિ કરી છે કે આરોપી પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેની સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

# લાયસન્સ વિના બનાવટી સિક્યુરિટી એજન્સી ચલાવતો ઈસમ પકડાયો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.ર

ખેડા જિલ્લા વિસ્તારમાં ઓદ્યોગિક એકમોમાં વગર લાયસન્સની અનઅધિકૃત ખાનગી સિક્યુરીટી એજન્સી રાખી સિક્યુરીટી ગાર્ડ પુરા પાડતા ઈસમોની ખેડા એસઓજી પોલીસે હાથ ધરેલી તપાસમાં એક ઈસમ પકડાયો છે.

ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સિક્યુરિટી ગાર્ડની જરૂર છે. ત્યારે આવા ગાર્ડ પૂરા પાડવા માટે ઘણા લોકો એજન્સી ધરાવતા હોય છે પરંતુ ઘણા લોકો વગર લાયસન્સ આવા ધંધામાં જોતરાયેલા જોવા મળે છે આવા લોકોને પકડી પાડવા માટે ખેડા એસઓજી પોલીસે આદરેલ તપાસમાં મહેમદાવાદ તાલુકાના ભુમાપુરા જીંજર રોડ ઉપર આવેલ 'એડ્રોઈટ એક્ટ્રેશન' નામની કંપનીમાં પોલીસે ત્યાં જઈને ચેક કરતા ત્યા વાઘજી કોહ્યાભાઈ ચાવડા (ઉ.વ.૫૦) સીક્યુરીટીનો યુનીફોર્મ પહેરેલ હાજર મળી આવેલ હતો. તેની પૂછપરછ કરતા જેણે કોઈપણ પ્રકારની તાલીમ લીધેલ ન હોય તેમજ સ્થાનીક પોલીસ સ્ટેશન ખાતે પોલીસ વેરીફિકેશન તથા સીક્યુરીટી તરીકેનું કોઈ ઓળખકાર્ડ તેની પાસે ના હોવાનું બહાર આવ્યું છે જેથી પોલીસે તેની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, ઘનશ્યામ ભલાભાઈ બારોટ (ઉ.વ.૪૯, ધંધો. લેબર કોન્ટ્રાક્ટર)ના કોન્ટ્રાક્ટર પર કામ કરૂં છું જેથી પોલીસે ઘનશ્યામભાઈ બારોટનો સંપર્ક કરી તેમની પાસે સિક્યુરિટી એજન્સી જણાવવાનું લાયસન્સ છે કે નથી તેની પૂછપરછ કરી હતી. આ પૂછપરછમાં ઘનશ્યામભાઈ બારોટ પાસે કોઈ જાતનું લાયસન્સ મળી આવ્યું ન હતુંપોલીસે ખાનગી સલામતી એજન્સીના કોઈપણ લાયસન્સ વગર બિનઅધિકૃત રીતે સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી ઉપર રાખેલ હોય જેથી કાયદેસરની કાર્યવાહી કરી આરોપી ઘનશ્યામ ભલાભાઈ બારોટ વિરૂદ્ધ 'ધ' પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી(રેગ્યુલેશન) એકટ ૨૦૦૫ મુજબ મહેમદાવાદ પો.સ્ટે.માં ગુનો રજિસ્ટર કરવામાં આવેલ છે. જેની આગળની વધુ તપાસ મહેમદાવાદ પોલીસ ચલાવી રહેલ છે.

# વડોદરાના છાણી-બાજવા ટી પોઈન્ટ ખાતે અશ્વનું ઊંચું સ્ટેચ્યુ મૂકવા મુદ્દે વિવાદ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.ર

વડોદરામાં વોર્ડ નંબર એક વિસ્તારમાં છાણી બાજવા ટી પોઈન્ટ ખાતે અશ્વનું સ્ટેચ્યુ મુકવા મુદ્દે શરૂ થયેલો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. અગાઉ આ સ્થળે અશ્વનું ઊંચું સ્ટેચ્યુ મુકવાનું કામ હાથ ધરાયું ત્યારે લોકોના વિરોધના કારણે કામ બંધ કરવામાં આવ્યું હતું.

વોર્ડ નંબર એકના કોંગ્રેસના કોર્પોરેટરના કહેવા મુજબ આ સ્ટેચ્યુ મુદ્દે કોર્પોરેશનમાં રજૂઆત કરવામાં આવી ત્યારે કોર્પોરેશન દ્વારા જે તે સમયે ટ્રાફિક પોલીસનો અભિપ્રાય લીધો હતો. નાયબ પોલીસ કમિશનર (ટ્રાફિક )દ્વારા તારીખ ૨-૧૦-૨૪ના રોજ કોર્પોરેશનની ટ્રાફિક શાખાને અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે સ્થળ પર વિઝીટ કરતા ઘોડાની પ્રતિકૃતિને કારણે બ્લાઈન્ડ સ્પોટની શક્યતા રહે છે જેથી અકસ્માતની સંભાવના છે. દરમિયાન તારીખ ૨૧-૧૧-૨૪ના રોજ સંયુક્ત પોલીસ કમિશનર (ક્રાઈમ અને ટ્રાફિક)એ કોર્પોરેશનની ટ્રાફિક શાખાને એવો પત્ર લખ્યો કે છાણી રોડ બાજવા ટી જંક્શન પર હયાત ડિવાઈડર ઉપર ઘોડાની પ્રતિકૃતિ મૂકવા ટ્રાફિકની અવરજવર કરતા વાહનો માટે અવરોધ રૂપ થાય છે કે નહીં તે અંગે અભિપ્રાય મંગાવ્યો છે ત્યારે આ સ્થળે વિઝીટ કરતા જણાવ્યું છે કે તેવો કોઈ અવરોધ નથી. જેથી આઈલેન્ડ વિકસાવવા અભિપ્રાય છે.આમ, પોલીસ વિભાગ તરફથી બે જુદા-જુદા અભિપ્રાય આવતા વોર્ડ નંબર એકના કોર્પોરેટરો પોલીસ કમિશનર રજા પર હોવાથી સંયુક્ત પોલીસ કમિશનરને મળ્યા હતા અને ટ્રાફિક ડીસીપી તથા સંયુક્ત પોલીસ કમિશનરના બે લેટરમાં ઊભી થયેલી દ્વિધા અંગે રજૂઆત કરી સાચું શું ગણવું તે અંગે સવાલ કર્યો હતો.

# સુરતમાં પોલીસમાં ભરતી માટેની તડામાર તૈયારીઓ, રાંદેર જીમખાનામાં ૬૦૦થી વધુ પ્રતિસ્પર્ધીઓ ઊમટ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.ર

સુરત સહિત સમગ્ર રાજયમાં આગામી ૮મી જાન્યુઆરીનાં રોજ પોલીસ કોન્સ્ટેબલ અને પોલીસ સબઈન્સ્પેક્ટરની ભરતી થવાની છે. પોલીસ વિભાગમાં નોકરી કરવા માટે છેલ્લા ઘણા સમયથી રાત-દિવસ મહેનત કરનારા ઉમેદવારામાટે આજરોજ રાંદેર ખાતે જીમખાનામાં રનિંગ સહિતની પ્રેક્ટિસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી ૬૦૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો. પોલીસ વિભાગમાં નોકરી કરવા માટે ઉત્સુક રાજયનાં હજારો યુવાઓ છેલ્લા ઘણ સમયથી તનતોડ મહેનત કરી રહયા છે. હવે શારીરિક કસોટીને આડે ગણતરીનાં દિવસો બાકી છે. આ સ્થિતિમાં આજરોજ રાંદેર સુલતાના જીમખાના ખાતે આવેલ ગ્રાઉન્ડમાં યુવા ઉપનિષદ ફાઉન્ડેશન દ્વારા પ્રતિસ્પર્ધીઓ માટે રનિંગ સહિતની શારીરિક કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત, વલસાડ, વ્યારા અને ધરમપુર સહિત નવસારીથી ૬૦૦થી વધુ પ્રતિસ્પર્ધીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાં ૨૫૦ જેટલી મહિલા પ્રતિસ્પર્ધીઓ પણ ઉપસ્થિત રહયા હતા. આ તમામ પ્રતિસ્પર્ધીઓને શારીરિક કસોટી અંગે સંસ્થા દ્વારા જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

# પાટીદાર દીકરીના માનવ અધિકાર હનન મામલે કુર્મી સેના દ્વારા કલે.ને આવેદન

પ્રભાસ પાટણ, તા.ર

તાજેતરમાં અમરેલીમાં ભાજપનાં બે જૂથો વચ્ચે રાજકીય વૈમનસ્યને કારણે સ્થાનિક ધારાસભ્ય સામે અનેક આક્ષેપ કરતો પત્ર વાઈરલ થયો હતો જે બાબતે સામેના જૂથ સામે ફરિયાદ નોંધાઈ હતી અને તે કેસમાં જેમણે ગુનામાં મુખ્ય ભૂમિકા ભજવી નહોતી તેવી પાટીદાર સમાજની દિકરીને આરોપી બનાવી તેની મધરાતે ધરપકડ કરી જાહેર માર્ગ પર તેનું સરઘસ કાઢવામાં આવતા આ બાબતે પાટીદાર સમાજ માં વ્યાપક રોષની લાગણી ફેલાઈ છે. આ મામલે દિકરીને યોગ્ય ન્યાય મળે અને તેને બદનામ કરી તેની સાથે હાર્ડ કોર ક્રિમીનલ જેવો વ્યહવાર કરનાર દોષિતો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવા માટે આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા આજે રાજકોટ ખાતે કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદન પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનમાં જો સરકાર દિકરીને ન્યાય અપાવવામાં નિષ્ફળ જશે તો આવનારા સમયમાં માનવ અધિકાર આયોગ, મહિલા



આયોગ અને હાઈકોર્ટમાં સુઓમોટો રિટ સહિતનાં વિકલ્પો પર કાનૂની લડતનાં મંડાણ કરવામાં આવશે તેવી આ તકે કૂર્મી સેનાનાં અગ્રણીઓ એ જાહેરાત કરી હતી. આજે રાજકોટ કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં પાટીદાર સમાજનાં અગ્રણીઓ અને કૂર્મી સેનાનાં આગેવાનો-કાર્યકર્તાઓએ એકત્રિત થઈ દિકરીને ન્યાય અપાવવા માટે નારાબાજી કરી હતી. કૂર્મી સેનાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડીયા, રાષ્ટ્રીય મહામંત્રી ચિરાગ કાકડીયા અને આગેવાનોએ સાથે મળીને કલેકટર પ્રભોવ જોષીને ઉગ્ર રજૂઆત કરી પાટીદાર સમાજની લાગણીથી વાકેફ કર્યા હતા.

# વેરાવળ ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં વોર્ડસભા યોજાઈ

વેરાવળ, તા.ર

સ્વચ્છતા જળવાય તો એક સુંદર વાતાવરણનું નિર્માણ થાય છે. આ કેન્દ્રવર્તી વિચારને લક્ષમાં રાખી વેરાવળની આઈ.ડી.ચૌહાણ સ્કૂલ ખાતે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં સ્વચ્છતા સહિતના વિવિધ મુદ્દે વોર્ડસભા યોજાઈ હતી.

વોર્ડ નંબર-૫ અને ૬ના રહીશોએ સ્વચ્છતા સહિત ભૂગર્ભ ગટર, ડોર ટૂ ડોર કચરો, સહિત વિવિધ મુદ્દાઓ વિશે રજૂઆત કરી હતી.

# જંબુસરમાં જીઈબી દ્વારા કરાતા ખોદકામમાં પાણીની લાઈન તથા ગટર લાઈનમાં ભંગાણ



જંબુસર, તા.ર

જંબુસર ડીજીવીસીએલ દ્વારા અંડર ગ્રાઉન્ડ કામગીરી હાથ ધરવામાં આવી છે. પાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં ખોદ કામ કામગીરી આડેધડ કરવામાં આવે છે. જેને લઈ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ગટર લાઈન મીઠાના પાણીની પાઈપલાઈનોને નુકસાન થતું હોય છે. નગરજનો ભારે મૂશ્કેલી મા મુકાયા છે. જીઈબી દ્વારા ખોદકામની કામગીરી દરમિયાન નગરના અણખી ભાગોળ વિસ્તારમાં ચાલતી હોય પીવાના મીઠા પાણીની લાઈનો તૂટી જતા તથા ગટરની લાઈનો તૂટી જતા રહીશો હેરાન પરેશાન થતા લોકો રોષ વ્યક્ત કરી રહ્યા છે. જંબુસર નગરની જનતા માંડ માંડ પીવાનું પાણી મળતું હોય તેવા સમયે જીઈબી દ્વારા ખોદકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે મીઠાં પીવાના પાણીની લાઈનો તૂટી જતા પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. વહેલી તકે આ સમસ્યાઓનું નિરાકરણ આવે તેમ જનતા ઈચ્છી રહી છે.

# ધાનેરા તાલુકાનો વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરાતાં લોકોમાં રોષની લાગણી

## કોંગ્રેસ, આપ અને વેપારી વર્ગે એકત્રિત કરી રેલી કાઢી નાયબ કલેક્ટરને આવેદન પાઠવ્યું



(તસવીર : નઝીર એન શેખ, ધાનેરા)

ધાનેરા, તા.ર

ગતરોજ સાંજે સોશિયલ મીડિયા માધ્યમથી ધાનેરા તાલુકાનો વાવ થરાદ જીલ્લામાં સમાવેશ કરાયાના સમાચાર ફેલાતા લોકો અચંબામાં પડી ગયા હતા અને ભારે વિરોધના સુર ઊઠવા પામ્યા હતા જેને લઈ આજે કોંગ્રેસ આમ પાર્ટી અને વેપારી વર્ગના લોકોએ એકત્રિત થઈ રેલીનું આયોજન કરી નાયબ કલેકટરને ધાનેરા તાલુકો બનાસકાંઠા જિલ્લામાં જ રહે તે મુજબ નું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું પૂર્વ ધારાસભ્ય નાથાભાઈ પટેલ, હરિસિંહ રાજપૂત, કાળુભાઈ તરક, ધર્મેન્દ્ર રાજગોર ઈશ્વર પટેલ,જયેશ સોલંકી, તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી કોઈ પણ સંજોગોમાં જિલ્લા ફેર સ્વીકાર્ય નથી એવું જણાવ્યું હતું. ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઈએ એક મહિના અગાઉ મુખ્ય મંત્રીને પત્રલખી ધાનેરાને બનાસકાંઠામાં જ રાખવાની માંગ દેસાઈએ કરી હતી, ધાનેરાના ભાજપ અગ્રણી ભગવાનદાસ પટેલ એ પણ તાલુકાને બનાસકાંઠામાં જ રાખવા માંગ કરી હતી. ધાનેરા સાથે કાંકરેજ અને દિયોદરમાં પણ થરાદ તાલુકામાં ભેળવવા માટે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# નડિયાદની નવ્યાએ કરાટે ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

તાજેતરમાં ૨૭ ડિસેમ્બરથી ૨૯ ડિસેમ્બર સુધી હરિયાણાના ફરિદાબાદ મુકામે ફાઈવ સ્ટાર હોટેલ રેડડીશન બ્લુમા ફર્સ્ટ સાઉથ એશિયા કરાટે ચેમ્પિયનશિપ યોજાઈ ગઈ જેમા ૬ જેટલા દેશની ટીમો એ ભાગ લિધો હતો તેમા ૨૬૦ જેટલા વિદ્યાર્થીઓ ઓ એ ભાગ લીધો હતો તેમાં પ્લેનેટ જિમની ટીમમાં નડિયાદની નવ્યા બિમલ મિસ્ત્રીએ કુમિતેમા ગોલ્ડ અને કાતામાં સિલ્વર મેડલ અન્ડર ૯માં મળ્યું છે.




### વહેલી પરોઢે અચાનક હૃદય બંધ પડી ગયું

# વીરપુરના જોધપુર ગામના ચેતક કમાન્ડોનું ગાંધીનગરમાં ફરજ દરમ્યાન હાર્ટ એટેકથી મોત

વીરપુર, તા.ર

મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના જોધપુર અને ગાંધીનગર ખાતે ચેતક કમાન્ડો ફોર્સમાં ફરજ બજાવતા રમેશકુમાર માંનાભાઈ ઠાકોર ગાંધીનગર ખાતે ફરજ દરમિયાન હાર્ટ એટેક આવતા મોત નીપજ્યું હતું. જેમનો મૃતદેહ આજે તેમના વતન જોધપુર ગામે લવાયો હતો જ્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર સાથે વિદાય આપવામાં આવી હતી આ અંગેની વિગત એવી છે કે ગાંધીનગરમાં મગોડી ખાતે ચેતક કમાન્ડો ફોર્સ પદ પર ફરજ બજાવતા રમેશ પરમાર કે જે ગુરૂવારની વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ હૃદય હુમલો આવ્યો હતો જેમાં જવાનને યુ એન મહેતા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પણ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ



તેમનું મૃત્યુ થયું હતું. ત્યાર બાદ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી બાદમાં વતન વિરપુરના જોધપુર ખાતે જેઓનો મૃતદેહ લવાયો હતો અચાનક જવાનનુ નિધનથી સમગ્ર તાલુકામાં સહિત ગામમાં શોકનો માહોલ છવાયો હતો તો બીજી તરફ પરિવાર પર આભ ફાટવા જેવી સ્થિતિ સર્જાઈ હતી.

### પાટીદાર સમાજની દીકરીના રિ-કન્સ્ટ્રકશનના નામે વરઘોડો કાઢતા ઘેરા પ્રત્યાઘાત

# સાવરકુંડલાના ધારાસભ્ય કસવાલા ખોટો રાજકીય જશ અને ખોટી રાજનીતિ કરવાનું બંધ કરે

## ટીવી ડિબેટમાં પીડિતાની સાથે છીએ, સંપર્કમાં છીએ, મુલાકાત કરી છે તેવા કસવાળાના નિવેદનને વિઠ્ઠલપુર ખંભાળિયાના આગેવાને ખોટા ગણાવ્યા

અમરેલી, તા.ર

અમરેલી ભાજપ ધારાસભ્ય બોગસ લેટરકાંડ મામલે પાટીદાર સમાજની દીકરીનું આરોપી તરીકે નામ આવતા અને પોલીસ દ્વારા આ યુવતીનું રિકન્સ્ટ્રક્શનના નામે સરઘસ કાઢવામાં આવતા પાટીદાર સમાજના અનેક રાજકીય આગેવાનોએ આ ઘટનાને ટીકાપાત્ર ગણાવી હતી જેમાં સાવરકુંડલાના ભાજપના ધારાસભ્ય મહેશ કસવાલાએ પણ ટીવી ડિબેટમાં એવું જણાવ્યું હતું કે અમે પીડીતા સાથે છીએ તેના સંપર્કમાં છીએ તેમની મુલાકાત લીધી છે તેવું નિવેદન આપતા વિઠ્ઠલપુર ખંભાળિયા ગામના ગુણવંત કાંનપરિયા નામના આગેવાને મહેશ કસવાલાનું આ નિવેદન ખોટું જણાવ્યું હતું અને આ ગામના આગેવાન ગુણવંતભાઈએ એવું જણાવ્યું હતું કે મહેશ કસવાલા પીડિતા કે તેના પિતા ઉપર કોઈ ફોન કે મુલાકાત કે સંપર્કમાં નથી તેઓ ખોટી રીતે રાજકીય જશ ખાટવાનું બંધ કરી આવી રાજનીતિ કરવાનું બંધ કરે વિઠ્ઠલપુર ખંભાળિયા ગામના આગેવાને આ બાબતે મહેશ કસવાલા સાથે મોબાઈલ ફોનમાં વાત પણ કરી હતી કે તમે પીડીતાની ક્યારે મુલાકાત લીધી કોને ફોન કર્યો ત્યારે મહેશ કેશવાલાએ કહયું હતું કે દીકરીના મોટા બાપુ સાથે વાત કરી હતી ત્યારે આ ગુણવંતભાઈએ કહ્યું કે તેમના મોટા બાપુ જ નથી તેમના પિતા અશ્વિનભાઈ ગોટી એક જ છે તો તમે કોની સાથે વાત કરી અને કોના સંપર્કમાં છો તે બાબતે પૂછતા ધારાસભ્ય મહેશ કસવાલાએ લાંબી વાત નહીં કરી ફોન કાપી નાખ્યો હતો ગુણવંતભાઈએ ફોન પર વાત કરતા વિઠ્ઠલપુરથી બોલું છું તેમ કહેતા ધારાસભ્ય કસવાલાએ કહ્યું હતું કે મોલડી વિઠ્ઠલપુર કસવાલાને વિઠ્ઠલપુર ગામની ખબર નથી ત્યારે પીડિય તેની સાથે ક્યાંથી હોય આના આ બાબતે ગુણવંતભાઈ કાંનપરિયાનો ન્યૂઝ ચેનલમાં વિડીયો વાયરલ થતા આ બાબતની ચોખવટ અને તથ્ય શું છે તે માટે મહેશ કસવાલા સાથે ગુજરાત ટુડે દ્વારા વાત કરતા મારે એ બાબતે કોઈ પ્રતિ ક્રિયા આપવાની ના હોય તેમ જણાવ્યું હતું પરંતુ આ બાબતે હકીકત અને સત્ય શું છે તે જાણવા આગળ પૂછતા તેમણે જણાવ્યું હતું કે એ ભાઈનો ફોન આવ્યો હતો અને હું તેમને ઓળખતો પણ નથી પણ હું વિઠ્ઠલપુર થી બોલું છું તેવું જણાવતા મેં કહ્યું મોલડી વિઠ્ઠલપુર મારા તાલુકાનું મોલડી વિઠલપુર ગામ છે મને એમ કે ત્યાંથી આવ્યો છે પણ એટલે આગળ કહેલ કે આ બાબતે અમે ભાજપના પક્ષના આગેવાનો અને તમામ સમાજના આગેવાનો દીકરીઓ સાથે છીએ અને છેલ્લા ચાર દિવસથી તેમની જામીન માટે મહેનત કરતા હતા અને તેમની મુક્ત કરાવવા અમે બધા પ્રયાસો કરી રહ્યા છે તેવું જણાવ્યું હતું હું સંપર્કમાં છું મેં મુલાકાત લીધી છે તેવું નથી જણાવ્યું અમારો પક્ષ અને અમે ભાજપના આગેવાનો તેમના સંપર્કમાં છીએ તેવું જણાવ્યું હતું આતો બધાને રેકોર્ડિંગ કરાવીને સોશિયલ મીડિયામાં આવા નિવેદનો ફરતી કરવાની આદત હોય છે તેમ છેલ્લે જણાવ્યું હતું.

# ઓડના વેપારીએ સસ્તા ભાવે ડોલર મેળવવાની લાલચમાં રૂા. ૨૪.૧૦ લાખ ગુમાવ્યા

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.ર

આણંદ-વિદ્યાનગર રોડ ઉપર આવેલા નારાયણ એમ્પાયર બીલ્ડીંગ તેમજ ગામડી વડ પાસે આવેલી પી.એમ. આંગડીયા પેઢી ખાતેથી બે ઈસમોએ ૨૪.૧૦ લાખ રૂપિયા મેળવી લઈને ડોલર નહીં આપીને છેતરપીંડી કર્યાનો બનાવ સામે આવ્યો છે. બે ગઠિયાઓએ સસ્તાં ભાવે ડોલર આપવાની લાલચ આપી ઓડ ગામના વેપારી સાથે રૂપિયા ૨૪.૧૦ લાખની છેતરપીંડી આચરી હતી. આ અંગે આણંદ શહેર પોલીસે મહિલા સહિત બે વ્યક્તિઓ વિરૂદ્ધ છેતરપીંડીની કલમો હેઠળ ગુનો નોંધીન આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઓડ ગામમાં આવેલ વણિક નિવાસમાં રહેતાં ૪૨ વર્ષીય વેપારી ધર્મેશભાઈ પુનમભાઈ રાણાને ગત જુન મહિનામાં મહેશભાઈ જેઠાભાઈ ગઢવી સાથે પરિચય થતો હતો. મહેશભાઈએ સુરત ખાતે રહેતાં લીનાબેન અમિતભાઈ મહેતાનું મુંબઈમાં કરન્સી એક્સચેન્જનું બહુ મોટુ કામ છે તેમ કહી ધર્મેશભાઈને સસ્તા ભાવે ડોલર આપવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ધર્મેશભાઈ રાણાએ બે વખત મહેશભાઈ અને લીનાબેન પાસેથી સસ્તા ભાવે ડોલર લીધાં હતાં. જે બાદથી ધર્મેશભાઈને આ મહેશભાઈ અને લીનાબેન ઉપર પુરેપુરો વિશ્વાસ બેસી ગયો હતો. જે બાદ ધર્મેશભાઈને મોટી રકમની લાલચ જાગતા તેઓએ સસ્તાં ભાવે ડોલર લેવા માટે મહેશભાઈ અને લીનાબેનને થોડા-થોડા કરીને ૨૪.૧૦ લાખ રૂપિયા આપ્યાં હતાં. પરંતુ, તેના બદલમાં એકપણ ડોલર આપ્યો ન હતો. જેથી ધર્મેશભાઈએ રૂપિયાની પરત માંગણી કરી હતી. તે દરમિયાન આ બંને જણાંએ જાનથી મારી નાંખવાની તેમજ આપઘાત કરવાની ધમકીઓ આપી હતી. જેથી ડરી ગયેલાં ધર્મેશભાઈ પુનમભાઈ રાણાએ પોતાની સાથે રૂપિયા ૨૪.૧૦ લાખની છેતરપીંડી થઈ હોવા અંગેની ફરીયાદ નોંધાવી હતી.

# ટર્પેન્ટાઈનનું વેચાણ કરતી અકોટાની રેશનિંગ દુકાનનું લાયસન્સ સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.ર

શહેરના અકોટા વિસ્તારમાં આવેલી અંબિકા સ્ટોર નામની રેશનિંગ દુકાનમાં જ્વલનશીલ પ્રવાહીનું વેચાણ થતું હોવાનું જણાતા જ આ દુકાનનું લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. આ અંગેની વિગત એવી છે કે અકોટા વિસ્તારમાં પોલીસ લાઈનની સામે આવેલી રેશનિંગ દુકાનમાં જ્વલનશીલ પ્રવાહીનું વેચાણ થાય છે તેવી માહિતીના આધારે જિલ્લા પુરવઠા શાખાના સ્ટાફ દ્વારા દરોડો પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે રેશનિંગની આ દુકાનનું સંચાલન ભરત પ્રજાપતિના નામે છે તેમજ દુકાનનો સમાવેશ મોડલ એફપીએસમાં થાય છે. તેમાં રેશનિંગમાં અપાતા અનાજ ઉપરાંત સાબુ સહિતની વસ્તુઓ વેચાણ થઈ શકે પરંતુ જ્વલનશીલ પ્રવાહીનું વેચાણ ના થઈ શકે. દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો ત્યારે નજીકમાંથી ૭૨ લીટર જેટલું ટર્પેન્ટાઈનનો જથ્થો મળ્યો હતો. આ જથ્થાનું વેચાણ ગેરકાયદે હોવાનું જણાતા આ અંગે પુરવઠા ઈન્સ્પેક્ટરો દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીને રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટના આધારે દુકાનનું લાયસન્સ તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# વડોદરાના અકોટામાં સતત ચોથી વાર એક જ જગ્યાએ ભૂવો પડ્યો

### આરોપીઓની જેમ અધિકારીઓ-કોન્ટ્રાક્ટરોનો વરઘોડો કાઢવા માંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.ર

વડોદરા શહેરના અકોટાથી મુંજ મહુડા જવાના મુખ્ય રસ્તા પર સતત ચોથી વાર એકની એક જગ્યા પર ભુવો પડ્યો છે જેથી સ્થાનિક રહીશોમાં રોષ વ્યાપ્યો છે અને નિષ્કાળજી રાખનારા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે પોલીસ ફરિયાદ કરી તેઓનો પણ આરોપીઓની જેમ વરઘોડો કાઢવો જોઈએ તેવી માંગણી કરવામાં આવી છે. તાજેતરમાં આવેલા પૂર વખતથી ભુવા નગરી તરીકે ઓળખાયેલા વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૨માં અકોટા તરફનો રસ્તો ફરી એકવાર બેસી ગયો છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે અગાઉ પડેલા પાંચ ભુવાની કામગીરી કેવી હશે ? સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે પોલીસ તંત્ર ગુનેગારોને પકડીને તેનું સરઘસ કાઢે છે તો પાલિકાના ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોને આવી કામગીરી બાબતે પાલિકા દ્વારા બ્લેક લિસ્ટ કેમ કરાતા નથી. અગાઉ પડેલા ભુવાની કામગીરી હજી ચાલુ જ છે. ત્યારે આ વધુ એકવાર પડેલા ભુવા અંગે સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે.

રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળઃ

શનિવાર, 4 જાન્યુઆરી 2025; સાંજે 6:00 વાગ્યાથી.
આસોપાલવ પાર્ટી પ્લોટ, વિદ્યાનગર, નાગલપુર, મહેસાણા – 384 002, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

શનિવાર, 4 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
ધ અમોર, વીઆર મોલ પાસે, એરપોર્ટ રોડ, સુરત – 395 007, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રાષ્ટ્ર શર્મા, મોબાઈલ : 80778 50383.

શનિવાર, 4 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
અનંત્રા ગ્રીન્સ (વિશ્વતારા રિસોર્ટ), એનએચ 27, Tteevee ટ્રેડિંગ પેટ્રોલ પંપ, બનાસ બ્રિજ પાસે, ટેકારા, ડીસા – 385 535, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હરમિત મહેતા, મોબાઈલ : 92761 08858.

રવિવાર, 5 જાન્યુઆરી 2025; સવારે 11:00 વાગ્યાથી.
હોટેલ ફેરફિલ્ડ બાય મેરિયોટ, અલકાપુરી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

રવિવાર, 5 જાન્યુઆરી 2025; સાંજે 6:00 વાગ્યાથી.
કૈલાશ વાડી, રામવાડી પાસે, કોલેજ રોડ, મહુવા – 364 290, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે. વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

# મોન્ટેનેગ્રોમાં અંધાધૂંધ ગોળીબારમાં ૧૦ના મોત, શંકાસ્પદે આપઘાત કરી લેતાં મોત

(એજન્સી) તા.૨

યુરોપિયન દેશ મોન્ટેનેગ્રોના સેટિનજેમાં બુધવારે ગોળીબારની ઘટનામાં બે બાળકો સહિત ૧૦ લોકોના મૃત્યુ નિપજ્યા હતા, જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત હતા. પોલીસે ફાયરિંગ કરનાર આરોપીની ઓળખ ૪૫ વર્ષીય એકો માર્ટિનોવિચ તરીકે કરી છે, હાલમાં આ આરોપી ફરાર છે. જોકે કેટલાક અહેવાલ પ્રમાણે હુમલાખોરે આપઘાત કરી લીધો હતો. પોલીસના જણાવ્યાનુસાર, એકો માર્ટિનોવિકે સેટિનજેમાં ગોળીબાર કર્યો હતો. જેમાં બાર માલિક, તેના બાળકો અને આરોપીના કેટલાક સંબંધીઓ માર્યા ગયા હતા. ગોળીબાર પછી આરોપી ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પોલીસે આરોપીને પકડવા માટે સ્પેશિયલ ફોર્સ તૈયાર કરી છે. મોન્ટેનેગ્રિનના પ્રધાનમંત્રી મિલોજકો સ્પાજિકે ઈજાગ્રસ્તની સ્થિતિ જાણવા



હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ દુઃખદ ઘટનાને ધ્યાનમાં રાખીને ત્રણ દિવસના શોકની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે 'X' પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'ઘટનાએ સમગ્ર દેશને આંચકો આપ્યો છે.' આ ઉપરાંત મોન્ટેનેગ્રિનના પ્રમુખ જેકોવ મિલાટોવિચે પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. ઉલ્લેખનીય છે કે, આરોપી હજુ સુધી પોલીસના હાથે ઝડપાયો નથી. ફાયરિંગની ઘટના બાદ તે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. જોકે કેટલાક અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે હુમલાખોરે આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું હતું.

# ન્યૂ ઓર્લિયન્સમાં આતંકવાદી હુમલો : ફ્રેન્ચ ક્વાર્ટરમાં નાસભાગમાં ૧૫ લોકોનાં મૃત્યુ

## તપાસકર્તાઓને એક ISIS ધ્વજ, શસ્ત્રો અને વાહનની અંદર સંભવિત વિસ્ફોટક ઉપકરણ મળી આવ્યું છે, જેના લીધે સંકલિત આતંકવાદી કાવતરા અંગે ચિંતા વધી છે

(એજન્સી) તા.૨

ન્યૂ ઓર્લિયન્સમાં નવા વર્ષે એક દુર્ઘટના બની હતી અને બુધવારની વહેલી સવારે એક વ્યક્તિએ પીકઅપ ટ્રકને ઉજવણી કરી રહેલા એક ટોળા પર હંકારી હતી, અને આઈકોનિક બોર્બોન સ્ટ્રીટ નજીકના આ ભયાનક હુમલામાં ૧૫ લોકોના મોત થયા હતા અને ડઝનેક વધુ ઘાયલ થયા હતા. સત્તાવાળાઓ હવે શંકાસ્પદ, ટેક્સાસના ૪૨ વર્ષીય આર્મી અનુભવી અને ઈસ્લામિક સ્ટેટ આતંકવાદી જૂથ વચ્ચે સંભવિત સંબંધોની તપાસ કરી રહ્યા છે. સવારના ૩ વાગ્યા પછી આ નાસભાગે શહેરને હચમચાવી નાખ્યું હતું અને ફ્રેન્ચ ક્વાર્ટરમાં સુરક્ષા પગલાં અંગે તાત્કાલિક પ્રશ્નો ઉભા કર્યા છે. શમસુદ-દિન બહાર જબ્બાર તરીકે ઓળખાયેલ આ શંકાસ્પદે તેની ભાડે લીધેલી ટ્રકને અથડાવ્યા બાદ પોલીસ સાથેના ગોળીબારમાં માર્યો ગયો હતો. તપાસકર્તાઓને એક ISIS ધ્વજ, શસ્ત્રો અને વાહનની અંદર સંભવિત વિસ્ફોટક ઉપકરણ મળી આવ્યું છે, જેના લીધે સંકલિત આતંકવાદી કાવતરા અંગે ચિંતા વધી છે. પોલીસ અધિક્ષક એની કિર્કપેટ્રિકે પુષ્ટિ કરી હતી કે ગોળીબારમાં બે અધિકારીઓ ઘાયલ થયા હતા પરંતુ તેઓ સ્વસ્થ છે. તાજેતરમાં આ શહેરના ઈતિહાસમાં સૌથી ભયંકર તરીકે વર્ણવવામાં આવેલા આ હુમલાને કારણે સુગર બાઉલને મુલતવી રાખવાની પણ ફરજ પડી છે, જે બુધવારે સુપરડોમ ખાતે સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ રમત હવે ગુરુવારે થશે, કારણ કે અધિકારીઓ રહેવાસીઓ અને મુલાકાતીઓને તેમની સલામતીની ખાતરી માટે કામગીરી શરૂ કરી છે. ફેડરલ એજન્ટો હવે જબ્બરના આ



હુમલા માટેના હેતુઓ અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી નેટવર્ક્સ સાથેના સંભવિત જોડાણોને તપાસી રહ્યા છે. એફબીઆઈના આસિસ્ટન્ટ સ્પેશિયલ એજન્ટ, એલેથિયા ડંકને કોઈપણને આ અંગે માહિતી ધરાવનારને તેમના અધિકારીઓનો સંપર્ક કરવા વિનંતી કરી છે અને કહ્યું કે આ તપાસ ઝડપથી આગળ વધી રહી છે, અને અમે દરેક વસ્તુ અને સંભાવના પર નજર રાખી રહ્યા છીએ.

# મોદી સરકાર ખેડૂતોની સાથે ઢાલ બની ખડી છે : અમિત શાહ

## શાહની ટિપ્પણી કેન્દ્રીય કેબિનેટ દ્વારા મુખ્ય ખાતર ડીએપી પર સબસિડી આપવા માટે વન-ટાઈમ પેકેજની જાહેરાતના પગલે આવી છે

(એજન્સી) તા.૨

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર ખેડૂતોની સાથે રક્ષણાત્મક ઢાલની જેમ ઉભી છે અને તેણે ૨૦૨૫ના પહેલા જ દિવસે આ સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો છે. શાહની ટિપ્પણીઓ કેન્દ્રીય કેબિનેટે રૂા.૩,૮૫૦ કરોડ સુધીના ખર્ચે મુખ્ય ખાતર ડીએપીને સબસિડી આપવા માટે એક વખતના પેકેજની જાહેરાત અને બે પાક-વીમા યોજનાઓના એક વર્ષ માટેના વિસ્તરણને મંજૂરી આપ્યા પછી આવી હતી. તેમણે X પર હિન્દીમાં એક પોસ્ટમાં લખ્યું કે, 'મોદી સરકાર ખેડૂતોની સાથે રક્ષણાત્મક ઢાલની જેમ ઉભી છે અને આજે, ૨૦૨૫ના પહેલા જ દિવસે, તેણે આ સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો છે. DAP પર વધારાની સબસિડીનો નિર્ણય એ સુનિશ્ચિત કરશે કે DAP અમારા ખેડૂતોને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેની કિંમતો વધવા છતાં વાજબી ભાવે ઉપલબ્ધ હોય, આ ખાસ પેકેજ માટે મોદીજીનો આભાર.' ગૃહપ્રધાને જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકે પીએમ પાક વીમા યોજના ચાલુ રાખવા માટે રૂા.૬૯,૫૧૫.૭૧ કરોડની રકમને મંજૂરી આપી છે, જે લાખો ખેડૂતોને પાકના નુકસાનની ચિંતાથી મુક્ત રાખે છે. વધુમાં, ૮૨૪.૭૭ કરોડના ખર્ચે ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી (FIAT) માટેના ફંડને પણ મંજૂરી આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. પંજાબ સરકારે ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલને તબીબી સહાય લેવા માટે



સમજાવવાના પ્રયાસો ચાલુ રાખ્યા હતા, પૂર્વ વધારાના ડીજીપી જસકરણ સિંઘે જણાવ્યું હતું કે આ સંદર્ભે ખેડૂત નેતાઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોમાં, જસકરણ સિંહની આગેવાની હેઠળની રાજ્ય સરકારની ટીમે ડલ્લેવાલ, જેમની અનિશ્ચિત ભૂખ હડતાલને આજે ૩૭ દિવસ પૂરા થયા છે, તેમને તબીબી સહાય લેવા માટે મનાવવાના ઘણા પ્રયાસો કર્યા છે, પરંતુ અત્યાર સુધી તેમણે ઈનકાર કર્યો છે.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકારને ૩૧ ડિસેમ્બર સુધીનો સમય આપ્યો હતો કે તેઓ દલ્લેવાલને હોસ્પિટલમાં ખસેડવા માટે સમજાવે, જો જરૂરી હોય તો, રાજ્યને કેન્દ્ર પાસેથી લોજિસ્ટિકલ સપોર્ટ મેળવવાની સ્વતંત્રતા આપી. ન્યાયમૂર્તિ સૂર્યકાન્ત અને સુધાંશુ ધુલિયાની વેકેશન બેન્ચે પંજાબ સરકાર દ્વારા SCના ૨૦ ડિસેમ્બરના આદેશનું પાલન કરવા માટે વધારાના ત્રણ દિવસની માંગ કરતી અરજીની નોંધ લીધી હતી. દલ્લેવાલને હોસ્પિટલમાં શિફ્ટ કરવા અંગેના તેના આદેશના પાલન માટે સર્વોચ્ચ અદાલતે ૨ જાન્યુઆરીએ મામલો પોસ્ટ કર્યો હતો. પંજાબ સરકારે વેકેશન બેંચને જાણ કરી હતી કે કેન્દ્રે મંત્રણા કરવાની તેમની દરખાસ્ત સ્વીકારી હોવાને કારણે દલ્લેવાલ તબીબી સહાય માટે સંમત થયા છે. ૨૮ ડિસેમ્બરના રોજ, સર્વોચ્ચ અદાલતે પંજાબ સરકાર પર દલ્લેવાલને હોસ્પિટલમાં ન ખસેડવા બદલ ભારે આકરી ઝાટકણી કાઢી હતી, તેમ છતાં તેણે આંદોલનકારી ખેડૂતોના તેમના વિદાયમાન નેતાને તબીબી સહાયની ઉપલબ્ધતાનો વિરોધ કરવા માટેના ઈરાદા પર શંકા વ્યક્ત કરી હતી. ૨૦ ડિસેમ્બરના રોજ, સર્વોચ્ચ અદાલતે દલ્લેવાલના હોસ્પિટલમાં દાખલ થવા અંગે નિર્ણય લેવાની જવાબદારી પંજાબ સરકારના અધિકારીઓ અને ડૉક્ટરો પર મૂકી. દિવસ દરમિયાન ખનૌરી બોર્ડર પર દલ્લેવાલને મળ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા, પંજાબના નિવૃત્ત પોલીસ અધિકારી જસકરણ સિંહે કહ્યું, 'અમે તેમની સાથે તેમના સ્વાસ્થ્ય અંગે વાત કરી હતી. અમે થોડા દિવસો પહેલા તેમના રક્ત પરીક્ષણ કરાવ્યા હતા. અમે તેમને ફરીથી અપીલ કરી હતી. જો તે ઉપવાસ તોડવા ન માંગતા હોય, તો ઓછામાં ઓછું તેણે તબીબી સહાય લેવી જોઈએ.' જસકરણ સિંહે ખેડૂત નેતાઓ સાથે બે રાઉન્ડ બેઠકો પણ કરી હતી.

# ન્યૂ ઓર્લિયન્સ હુમલામાં આરોપી, યુએસ આર્મીનો પૂર્વ કર્મચારી શમસુદ-દિન જબ્બાર કોણ છે ?

## ન્યૂ ઓર્લિયન્સ હુમલો : એક વીડિયોમાં શંકાસ્પદ શમસુદ દિન જબ્બાર ટ્રકને ભીડમાં ઘૂસાડતા પહેલા પોલીસ બેરિકેડને તોડતો દર્શાવે છે





(એજન્સી) તા.૨

નવા વર્ષના દિવસે ન્યૂ ઓર્લિયન્સમાં ઘાતક હુમલા પાછળના શંકાસ્પદ તરીકે એફબીઆઈએ ૪૨ વર્ષીય શમસુદ-દિન જબ્બારની ઓળખ કરી છે, જે ટેક્સાસના યુએસ આર્મીના અનુભવી સભ્ય છે. ટેક્સાસના બ્યુમોન્ટના વતની જબ્બર પર ભીડ પર ફોર્ડ પિકઅપ ટ્રક ચઢાવી દેવાનો આરોપ છે જેમાં ઓછામાં ઓછા ૧૫ લોકો માર્યા ગયા હતા અને ડઝનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસ સાથેની અથડામણમાં તેનું મૃત્યુ થયુ હતું. FBIને આ હુમલામાં વપરાયેલ ટ્રકની અંદરથી ISISનો ધ્વજ મળ્યો, જેનાથી આતંકવાદી સંગઠનો સાથે જબ્બરના સંભવિત સંબંધો અંગે પ્રશ્નો ઉભા થયા છે. એજન્સી તપાસ કરી રહી છે કે શું શંકાસ્પદનો આતંકવાદી જૂથો સાથે કોઈ જોડાણ હતું અને આ હુમલા પાછળનો એકંદર ઈરાદો શું હતો. આ એક ધ્વજની સાથે, હેન્ડગન અને છઈ-શૈલીની રાઈફલ સહિત અનેક હથિયારો અને ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IEDs) મળી આવ્યા હતા. સત્તાવાળાઓ એ પણ પુષ્ટિ કરવા માટે કામ કરી રહ્યા છે કે જબ્બારે ગુનામાં વપરાયેલ ભાડાનું વાહન કેવી રીતે મેળવ્યું હતું.

**શમસુદ-દિન જબ્બાર કોણ હતો ?** જબ્બારની પૃષ્ઠભૂમિ કોયડારૂપ છે. એફબીઆઈના જણાવ્યા અનુસાર, માનવ સંસાધન અને આઈટી નિષ્ણાત તરીકે સેવા આપ્યા બાદ તેમને યુએસ આર્મીમાંથી સન્માનપૂર્વક છૂટા કરવામાં આવ્યા હતા. તેણે અગાઉ ડેલોઈટ સહિતની મોટી સંસ્થાઓ માટે કામ કર્યું હતું, જે વાર્ષિક અંદાજે $૧૨૦,૦૦૦ કમાતો હતો. આ ઓળખપત્રો હોવા છતાં, જબ્બારનું અંગત જીવન અશાંતિથી ભરેલું જણાય છે. તેની પૂર્વ પત્ની, નાકેદ્રા ચાર્લ અને તેના વર્તમાન પતિ, ડ્વેન માર્શે, જબ્બરના તાજેતરના અનિયમિત વર્તન વિશે ન્યુ યોર્ક ટાઈમ્સ સાથે વાત કરી. માર્શે યાદ કર્યું કે જબ્બાર હુમલાની શરૂઆતના મહિનાઓમાં ઉન્મત્ત વર્તન કરતો હતો, જેના કારણે તેણે જબ્બરની બે પુત્રીઓને તેની મુલાકાત લેવાનું બંધ કરી દીધું હતું. ૨૦૨૦ના YouTube વિડિયોમાં, જબ્બરે રિયલ એસ્ટેટમાં તેની પૃષ્ઠભૂમિની ચર્ચા કરી, તેની લશ્કરી સેવા અને બ્યુમોન્ટ સાથેના તેના આજીવન સંબંધો પર ભાર મૂક્યો હતો. જબ્બાર નાણાકીય મુશ્કેલીઓનો પણ સામનો કરી રહ્યો હતો. કોર્ટના રેકોર્ડ્સ દર્શાવે છે કે તે $૨૭,૦૦૦ના હોમ પેમેન્ટ સહિત નોંધપાત્ર નાણાકીય દબાણનો સામનો કરી રહ્યો હતો. તેણે તેના બીજા છૂટાછેડા દરમિયાન કાનૂની ફી કવર કરવા માટે ક્રેડિટ કાર્ડના ઋણમાં $૧૬,૦૦૦નો ખર્ચ કર્યો હતો. આ વ્યક્તિગત સંઘર્ષો વચ્ચે તેને આટલી ભારે હિંસા કેમ કરી તેની સ્પષ્ટ સમજણ નથી. નવા વર્ષના દિવસે થયેલા આ હુમલાથી શહેર આઘાતમાં છે. ન્યુ ઓર્લિયન્સના ફ્રેન્ચ ક્વાર્ટરના મુખ્ય સ્થાનો પર વિસ્ફોટક ઉપકરણો વડે કથિત રીતે કરવામાં આવેલ જબ્બારના હુમલામાં ડઝનેક લોકો ઘાયલ થયા હતા, જેમાંથી કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા હતા. મૃતકોમાં ૧૮ વર્ષીય નિકાયરા ચેયેન ડેડેક્સ, ૨૮ વર્ષીય પૂર્વ પ્રિન્સટન ફૂટબોલ ખેલાડી ટાઈગર બેચ અને ૩૭ વર્ષીય રેગી હન્ટરનો સમાવેશ થાય છે, જે બે બાળકોના પિતા હતા. એફબીઆઈ એ તપાસ કરી રહી છે કે શું જબ્બારનો આ હુમલો આતંકવાદનું કૃત્ય હતું અને જેમાં ISISના ધ્વજ અને IEDs મળી આવ્યા હતા. જો કે, સત્તાવાળાઓએ હજુ સુધી તેનો હેતુ નક્કી કર્યો નથી. જ્યારે કેટલાક સૂચવે છે કે વ્યક્તિગત નાણાકીય સંઘર્ષો અથવા ઉગ્રવાદી પ્રભાવોએ આ હુમલામાં ભૂમિકા ભજવી હોઈ શકે છે.

# હમાસ અને હિઝબુલ્લાહના નેતાઓને શહીદ તથા દંતકથા સમાન વિભૂતિ તરીકે ગણાવનાર મહિલા ડોક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યાં

(એજન્સી) લંડન, તા.૨

બ્રિટનના જાણીતા ન્યુરોલોજિસ્ટ અને ખૂબ જ નામાંકિત મહિલા તબીબ ડોક્ટર રહિયાના અલીને ગાઝા પરના ઈઝરાયેલના આક્રમણ અને નિર્દોષ લોકોના નરસંહાર અંગેની પોસ્ટ મૂકવા બદલ અને હમાસ તથા હિઝબુલ્લાહ નેતાઓની પ્રશંસા કરી એમને દંતકથા સમાન ગણાવતી પોસ્ટ બદલ બ્રિટિશ મેડિકલ કાઉન્સિલ દ્વારા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તેઓ ૧૮ મહિના સુધી તબીબી પ્રેક્ટિસ કરી નહીં શકે. ત્યાં સુધી પૂરેપૂરી તપાસ જનરલ મેડિકલ કાઉન્સિલ દ્વારા પૂરી થઈ ન જાય ત્યાં સુધી ડોક્ટર અલી કોઈ પણ પ્રકારની મેડિકલ પ્રેક્ટિસ કરી નહીં શકે. મહિલા તબીબ ડોક્ટર અલીએ ઈઝરાયેલના હુમલામાં મૃત્યુ પામેલા હિઝબુલ્લાહ નેતા હસન નસરલ્લાહને શહીદ ગણાવ્યા હતા અને એમને દંતકથા સમાન તથા પ્રેરણારૂપ વિભૂતિ તરીકે ગણાવતી પોસ્ટ મૂકી હતી.



એ જ રીતે તેમણે હમાસના બીજા એક લડાયક નેતા યાહ્યા સિલ્વરની પણ પ્રશંસા કરી હતી અને એમને દંતકથા સમાન શહીદ ગણાવ્યા હતા અને ડોક્ટરે એવું પણ લખ્યું હતું કે પેલેસ્ટીન પર કબજો જમાવી દેનાર લશ્કર દ્વારા એમને શહીદ કરવામાં આવ્યા છે પણ ઈઝરાયેલનો પરાજય થશે. તેમણે યાહ્યા અને હસનને દંતકથા ગણાવ્યા છે અને યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા છે. એમના આ વિધાનો બાદ એમની સામે મેડિકલ કાઉન્સિલમાં ફરિયાદો થઈ હતી અને કાઉન્સિલે જણાવ્યું હતું કે ડોક્ટર અલીના વિધાનોથી લોકોમાં ચિંતા ઊભી થઈ છે અને દર્દીઓની સુરક્ષા અને તબીબમાં લોકોના વિશ્વાસ બાબતમાં પણ ચિંતા ઊભી થઈ છે એટલે અમે પગલાં લઈ રહ્યા છીએ. ડોક્ટર અલીએ આ ફરિયાદો રાજકીય હેતુ પ્રેરિત ગણાવી હતી અને કહ્યું હતું કે, મારા વિધાનો સંપૂર્ણપણે કાયદેસરના રાજકીય વિધાનો હતા પરંતુ ઈઝરાયેલની લોબી સામે તેમજ તેના યુદ્ધ અપરાધો સામે બોલવાની મને સજા કરવામાં આવી રહી છે. તેમણે જનરલ મેડિકલ કાઉન્સિલ અને અન્ય તબીબી સંસ્થાઓની ટીકા કરી હતી અને કહ્યું હતું કે યહૂદી દબાણ સામે ઝૂકીને મારી સામે પગલાં લેવામાં આવ્યા છે. તેઓ ડોક્ટરને બિનજરૂરી પજવણીથી બચાવી શક્યા નથી પરંતુ હું મારા ટ્વિટને વળગી રહું છું અને કોઈ પણ પ્રકારના રાક્ષસો સામે ઝૂકવાની નથી. ઈઝરાયેલ સાથે બોલનાર લોકોના અવાજ રૂધિર રાખવામાં આવે છે. એટલે ઈઝરાયેલ તરફી યુકે લોયર લોબીએ આ પગલાની પ્રશંસા કરી છે.

# લાસ વેગાસ ટેસ્લા સાયબર ટ્રક બ્લાસ્ટમાં ૧નું મોત, એલોન મસ્કે ન્યૂ ઓર્લિયન્સ સાથે આ હુમલાની લિંક અંગે શંકા વ્યક્ત કરી

## લાસ વેગાસમાં ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટેલની બહાર ટેસ્લા સાયબરટ્રક વિસ્ફોટમાં એકનું મોત થયું છે અને સાત લોકો ઘાયલ થયા છે અને FBI સંભવિત આતંકવાદી લિંક્સ માટે તપાસ કરી રહી છે



(એજન્સી) તા.૨

યુએસમાં લાસ વેગાસમાં ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટલની બહાર ટેસ્લા સાયબરટ્રકમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ડ્રાઈવરનું મૃત્યુ થયું હતું અને સાત અન્ય લોકો ઘાયલ થયા હતા. ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (FBI)એ કહ્યું કે, તેઓ તપાસ કરી રહ્યા છે કે શું આ વિસ્ફોટ આતંકવાદનું કૃત્ય છે કે કેમ.રૂ ન્યૂ ઓર્લિયન્સમાં ન્યૂ યર ડેની ઉજવણી કરી રહેલા ટોળામાં એક વ્યક્તિએ ટ્રક ચલાવી અને ગોળીબાર કર્યો, જેમાં ૧૫ લોકો માર્યા ગયા છે, જે આતંકવાદી કૃત્ય હોવાની પણ શંકા છે તેના થોડા કલાકો બાદ જ આ ઘટના બની હતી. અમેરિકી પ્રમુખ જો બિડેને કહ્યું કે એફબીઆઈ બે ઘટનાઓ વચ્ચે કોઈ સંભવિત જોડાણની તપાસ કરી રહી છે. ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે પણ સાયબરટ્રક વિસ્ફોટ અને ન્યૂ ઓર્લિયન્સ હુમલા વચ્ચે જોડાણનો આક્ષેપ કર્યો હતો, કારણ કે આ બંને વાહનો એક જ કાર ભાડાની સાઈટ પરથી ભાડે લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, આ આતંકવાદનું કૃત્ય હોવાનું જણાય છે. ન્યુ ઓર્લિયન્સમાં અને આ સાયબરટ્રક F-૧૫૦ આત્મઘાતી બોમ્બ બંને ટુરો પાસેથી ભાડે લેવામાં આવ્યા હતા. કદાચ તેઓ કોઈક રીતે જોડાયેલા છે. સ્થાનિક સમયાનુસાર સવારે ૮.૪૦ વાગ્યે સાયબરટ્રક ટ્રમ્પ બિલ્ડિંગ તરફ આવ્યું હતું અને થોડી જ મિનિટોમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ડ્રાઈવરનું મૃત્યુ થયું હતું અને સાત ઘાયલ થયા હતા. હોટલની અંદર અને બહાર સાક્ષીઓ દ્વારા રેકોર્ડ કરાયેલા વિડિયોમાં વાહનમાં વિસ્ફોટ થતો અને તેમાંથી આગની જ્વાળાઓ નીકળતી જોવા મળી હતી. પોલીસને વાહનના પાછળના ભાગમાં ફટાકડાના મોર્ટાર અને ઈંધણના ડબ્બા મળી આવ્યા હતા.

ટેસ્લાના સીઈઓએ કહ્યું હતું કે તેમની આખી વરિષ્ઠ ટીમ આ વિસ્ફોટની તપાસ કરી રહી છે. વરિષ્ઠ એફબીઆઈ અધિકારીએ જણાવ્યું હતું કે એજન્સીનું પ્રથમ ધ્યેય એ સુનિશ્ચિત કરવાનું છે કે અમારી પાસે આ ઘટના સાથે સંકળાયેલા લોકોની યોગ્ય ઓળખ છે અને તે પછી, અમારો બીજો ઉદ્દેશ એ નક્કી કરવાનો છે કે આ આતંકવાદનું કૃત્ય હતું કે નહીં. એફબીઆઈ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓએ કોલોરાડોમાં ભાડે લીધેલા વાહનના ડ્રાઈવરની ઓળખ કરી લીધી છે, પરંતુ તેની ઓળખ જાહેર કરવામાં આવી નથી. આ ઘટના બાદ ટ્રમ્પ હોટેલને ખાલી કરાવવામાં આવી હતી અને મોટાભાગના મુલાકાતીઓને અન્ય હોટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# નાગપુર : ત્રણ વખત એન્જિનિયરિંગમાં નાપાસ થતાં અભ્યાસ છોડી દેવા કહ્યું, ૨૧ વર્ષના દીકરાએ માતા-પિતાની કરી હત્યા





(એજન્સી) તા.૨

નવા વર્ષની શરૂઆતમાં જ મહારાષ્ટ્રના નાગપુરથી એક એવી ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે, જેના વિશે સાંભળી ગમે તે વ્યક્તિ ધ્રૂજી ઊઠશે. નાગપુરમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા છોકરા પર તેના માતા-પિતાની હત્યા કરવાનો આરોપ લાગ્યો છે. નાગપુર પોલીસે આ માહિતી આપી હતી. હત્યારો ત્રણ વખત એન્જિનિયરિંગની પરીક્ષામાં નપાસ થઈ જતાં ઘરવાળાઓએ તેને ઠપકો આપ્યો હતો અને અભ્યાસ છોડી દેવા પણ કહ્યું હતું. આ ઘટના નાગપુરના કપિલ નગર વિસ્તારમાં બની હતી, જ્યાં ૨૬ ડિસેમ્બરે ૨૫ વર્ષીય ઉત્કર્ષ ઢાકોલેએ તેના માતા-પિતાની હત્યા કરી નાખી હતી. પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, એવી શંકા છે કે આરોપી છોકરા અને તેના માતા-પિતા વચ્ચે કરિયર અને અભ્યાસને લઈને કોઈ વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે તેણે આ પગલું ભર્યું. પોલીસને આ અંગેની જાણ ત્યારે થઈ જ્યારે ઢાકોલે પરિવારના પડોશીઓએ બુધવારે (૨૬ ડિસેમ્બર)ના રોજ દુર્ગંધની ફરિયાદ કરી. મામલો ધ્યાને આવતાં જ પોલીસે કાર્યવાહી શરૂ કરી અને તપાસ બાદ ઉત્કર્ષની ધરપકડ કરી. કડક પૂછપરછ કરતાં આરોપી યુવકે હત્યાની કબૂલાત કરી હતી. પોલીસે જણાવ્યું કે મૃતદેહો સંપૂર્ણ રીતે સડી ગયા હતા. મૃતકોની ઓળખ લીલાધર ઢાકોલે (૫૫) અને તેમની ૫૦ વર્ષીય પત્ની અરૂણા તરીકે થઈ છે. પોલીસસમક્ષ આરોપી ઉત્કર્ષે પોતે સ્વીકાર્યું કે તેણે ૨૬ ડિસેમ્બરની બપોરે તેની માતાનું કથિત રીતે ગળું દબાવીને હત્યા કરી હતી. ત્યારબાદ સાંજે ૫.૦૦ કલાકે ઘરે પરત આવતાં તેણે તેના પિતાને છરીના ઘા મારી હત્યા કરી હતી. આ પછી તેણે મૃતદેહોને ત્યાં છોડી દીધા હતા. ઉત્કર્ષની માતા શિક્ષિકા હતી અને પિતા પાવર પ્લાન્ટમાં ટેક્નિશિયન હતા અને સામાજિક કાર્યકર પણ હતા. પોલીસ તપાસમાં પ્રાથમિક દૃષ્ટિએ ખુલાસો થયો કે તેણે તેના શિક્ષણ રેકોર્ડ અને કારકિર્દીની ચિંતાને કારણે તેના માતા-પિતાની હત્યા કરી હતી. ઉત્કર્ષ તેના એન્જિનિયરિંગના અભ્યાસ દરમિયાન ઘણા વિષયો પાસ કરી શક્યો ન હતો. તેથી તેના માતાપિતા ઈચ્છતા હતા કે તે આગળ અભ્યાસ કરે, પરંતુ તે તેમના સૂચનને અનુસરવા માંગતો નહોતો. પોલીસે જણાવ્યું કે કેસની તપાસ કર્યા બાદ ઉત્કર્ષની ધરપકડ કરવામાં આવી છે.

# નવા વર્ષના દિવસે યુએસમાં બીજો ભયાનક હુમલો ન્યૂયોર્ક નાઈટક્લબમાં ગોળીબારમાં ૧૧ લોકો ઘાયલ

## બુધવારની મોડી રાત્રે ૧ જાન્યુઆરીએ ન્યુયોર્ક સિટીના ક્વિન્સ ખાતેના નાઈટક્લબમાં સામૂહિક ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૧ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના ક્વિન્સના અમાઝુરા નાઈટ ક્લબમાં બની હતી

(એજન્સી) તા.૨

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરાયેલા ફૂટેજમાં નાઈટક્લબની બહાર પોલીસ અને એમ્બ્યુલન્સનો પ્રતિસાદ જોઈ શકાય છે. ધ ન્યૂ યોર્ક પોસ્ટે જણાવ્યું હતું કે, પીડિતોને લોંગ આઈલેન્ડ જ્યુઈશ હોસ્પિટલ અને કોહેન ચિલ્ડ્રન્સ મેડિકલ સેન્ટર સહિત વિસ્તારની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા. ન્યૂયોર્ક પોલીસ ડિપાર્ટમેન્ટ (NYPD)એ હજુ સુધી આ ઘટના વિશે કોઈ વિગતો જાહેર કરી નથી. આ ઘટના તે જ દિવસે બની હતી જ્યારે નવા વર્ષના દિવસે સેન્ટ્રલ ન્યૂ ઓર્લિયન્સમાં એક વાહન ભીડમાં ઘૂસી જતાં ૧૫ લોકો માર્યા ગયા હતા અને ૩૦થી વધુ ઘાયલ થયા હતા. પોલીસે શંકાસ્પદ પર ગોળીબાર કર્યો હતો જેની ઓળખ ૪૨ વર્ષીય શમસુદ દિન જબ્બર તરીકે થઈ હતી.



કાયદા અમલીકરણ અધિકારીઓએ ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું હતું કે પોલીસ સાથેના ગોળીબાર દરમિયાન જબ્બારને ગોળી મારી દેવામાં આવી હતી અને તેનું મૃત્યુ થયું છે.

### પ્રભાસ પાટણ ખાતે પૌરાણિક મજારો, કબ્રસ્તાન, મસ્જિદને શહીદ કર્યા બાદ

# તાલાલામાં ૨૦૦ વર્ષ કરતા જૂની બે દરગાહ કબ્રસ્તાનને ડિમોલિશન કરવાની તંત્રની ચીમકી

### સ્ટેટ હાઈવેનો રસ્તો પણ ન હતો તે પહેલાં ૨૦૦ વર્ષ કરતા વધારે સમયની ઈસ્લામ ધર્મના આસ્થાના પ્રતીક સમાન પાંચ પીર દરગાહ કબ્રસ્તાન અને ઈમાનશા પીરની દરગાહ કબ્રસ્તાનને સરકારની માલિકીની જમીનમાં પેશકદમી કરી હોવાનું જણાવી મુસ્લિમ અગ્રણીઓને ડિમોલિશન કરવું પડશે તેવું જણાતા મુસ્લિમ સમાજમાં પ્રચંડ રોષની લાગણી




અગાઉ ચાર પાંચ મહિના પહેલા ગીર સોમનાથ જિલ્લાના વહીવટી તંત્રએ પાંચ પીર દરગાહ અને ઈમાનશા પીરની દરગાહ ખાતે ડિમોલિશન કરેલ જેમાં દરગાહ યથાવત્ રાખી દરગાહ ફરતેના વિસ્તાર અને મકબરો, દીવાલો તોડી નાખેલ. પરંતુ હવે ફરીવાર તંત્રને દરગાહ શહીદ કરવાનું શુરાતન ચડ્યું છે અને જે આખરી નિશાની રૂપ અસલ કબરો રહી ગઈ છે તેને પણ તોડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે અને નોટિસ આપવામાં આવી છે.

જૂનાગઢ, તા.૨

છેલ્લા કેટલાક સમયથી ભારતભરમાં ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં મુસ્લિમોના ધાર્મિક સ્થાનોને નામશેષ કરવાનું એક સુયોજિત ષડયંત્ર ચાલી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં મુસ્લિમોના પવિત્ર આસ્થાના કેન્દ્ર સમાન મસ્જિદો, દરગાહો, મદ્રેસાઓ સરકારી જમીન પર અથવા અવૈધ હોવાનું જણાવી ટૂંક સમયની નોટિસ પાઠવી કે કોઈપણ પ્રકારનો સમય આપ્યા વિના ત્વરિતની બુલડોઝર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, જેથી મુસ્લિમ સમાજમાં તંત્રની આ કાર્યવાહી સામે પ્રચંડ રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. રાજ્યમાં જૂનાગઢ, પ્રભાસ પાટણ, જામનગર, વડોદરા, સુરત, કચ્છ સહિતના પંથકમાં દરગાહો, કબ્રસ્તાનો, મસ્જિદો પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. હાલમાં તાજેતરમાં પ્રભાસ પાટણમાં વર્ષો જૂના અને ૫૦૦ વર્ષથી વધુ જૂના ઐતિહાસિક તથા પુરાતત્વ ખાતામાં નોંધાયેલ પ્રાચીન મજારો, દરગાહો, કબ્રસ્તાનો, મસ્જિદો તથા રહેઠાણોને રાતોરાત શહીદ કરી દેવાયા હતા. જે મામલો સુપ્રીમમાં જતા સુપ્રીમ કોર્ટે કાર્યવાહી પર રોક લગાવી છે. જે કાર્યવાહીની હજુ મુસ્લિમ સમાજમાં કળ વળી નથી ત્યાં ગતરોજ તાલાલા મામલતદાર કચેરીમાં સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ વેરાવળે કેમ્પ રાખીને તાલાલના મુસ્લિમ અગ્રણીઓને રૂબરૂ બોલાવી ૨૦૦ વર્ષથી વધુ પૌરાણિક પાંચ પીર દરગાહ કબ્રસ્તાન તથા ઈમાનશા પીરની દરગાહને સરકારની માલિકીની જમીનમાં પેશકદમી કરી હોવાનું જણાવી ડિમોલિશન કરવાનું જણાવતા આ અંગે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી.સીડાએ જિલ્લા કલેક્ટર અને મેજિસ્ટ્રેટને પત્ર લખી દરગાહોનું ડિમોલિશન ન કરવા અને ધાર્મિક સ્થળોની સાઈડમાંથી રોડને પહોળો કરવા માંગ કરી છે.

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના બોરવાવ ગામની સીમતળમાં સાસણ તાલાલા રોડ ઉપર ઈસ્લામ ધર્મના આસ્થાના પ્રતીક સમાન હઝરત પાંચ પીરની દરગાહ કબ્રસ્તાન આવેલ છે અને તાલાલાના રેલવે સ્ટેશન પાસે ધુસીયા ગામની સીમતળમાં વેરાવળ તાલાલા રોડ ઉપર ઈમાનશા પીરની દરગાહ કબ્રસ્તાન આવેલ છે. આ દરગાહ કબ્રસ્તાનો ૨૦૦ વર્ષ કરતા વધારે સમયથી તે સ્થળે આવેલ છે કે, જયારે સરકારનો સ્ટેટ હાઈવેનો રસ્તો પણ ત્યાં નહોતો એ સમયથી તે દરગાહ કબ્રસ્તાનો ત્યાં છે તેમ છતાંય તા.૦૧/૦૧/૨૦૨૫ના રોજ તાલાલા મામલતદારની કચેરીમાં વેરાવળ સબ-ડિવિઝનલે રૂબરૂ આવી કેમ્પ રાખી તાલાલા મુસ્લિમ સમાજના અગ્રણીઓને રૂબરૂ બોલાવી સૂચના આપેલ છે કે, ઉપરોક્ત પાંચ પીરની દરગાહ અને ઈમાનશા પીરની દરગાહ સરકારની માલિકીની જમીનમાં પેશકદમી કરાયેલ છે જેથી રસ્તાને નડતરરૂપ હોવાથી ડિમોલિશન કરવું પડશે તેવું જણાવેલ છે. જેથી ઉપરોક્ત દરગાહ કબ્રસ્તાનોમાં સમગ્ર ઈસ્લામ ધર્મના લોકોની આસ્થાઓ સમાયેલ છે અને ત્યાં સ્ટે હાઈવેના રોડનું અસ્તિત્વ જ ન હતું અને તે જગ્યા પર સીમ જંગલ વિસ્તાર હતો તે પહેલાની તે દરગાહ કબ્રસ્તાનો છે. ઈસ્લામ ધર્મમાં જે કાંઈ દરગાહ કબ્રસ્તાનો છે તે જૂના પુરાણા ૧૯૪૭ પહેલાના ૨૦૦ વર્ષ કરતા પણ વધારે સમયથી જૂના છે તેને ભારતની વડી અદાલત સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન્સ મુજબ જે કંઈ કબ્રસ્તાનો સને ૧૯૪૭ પહેલાના હોય તેની યથાવત્ સ્થિતિ જાળવી રાખવા હુકમ કરાયો છે. સુપ્રીમની ગાઈડલાઈન ઉપરોક્ત આસ્થાના પ્રતીક સમાન દરગાહ કબ્રસ્તાનોને લાગુ પડે છે. જેથી તે ધર્મ સ્થાનોની યથાવત્ સ્થિતિ જાળવી રાખવી સમસ્ત મુસ્લિમ સમાજની લાગણી અને માગણી છે. ઉપરોક્ત ધર્મ સ્થાનોને પેશકદમીના નામે ડિમોલિશન કરવામાં આવશે તો ઈસ્લામ ધર્મના લોકોના આસ્થાને ઠેશ પહોંચશે. જેથી લોકશાહી દેશમાં દરેક ધર્મ સમુદાયના લોકોને પોત પોતાના ધર્મ પાળવાનો અને ધર્મને માનવાનો બંધારણીય અધિકાર છે તેમ છતાય ભારતમાં જાણે એક ચોક્કસ સમુદાયના ધર્મસ્થાનોને પેશકદમીના નામે ટાર્ગેટ કરી તેનો નાશ કરવાની જાણે હોડ લાગી હોય તેવું લાગી રહ્યું છે. તંત્ર ધારે તો તે ધર્મ સ્થાનોની સાઈડમાંથી પણ રોડને પહોળો કરી શકે છે તેવી કાર્યવાહી સંબંધિત તંત્ર કરે તો ધર્મ સ્થાન પણ આબાદ રહી જાય અનેસને૧૯૪૭ની સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ કાર્યવાહી કરવા જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડાએ જિલ્લા કલેક્ટર અને મેજિસ્ટ્રેટ ગીર સોમનાથ જિલ્લાને લખેલ પત્રમાં વિનંતી કરી છે.

# ઈચ્છાપોરમાં સિક્યુરિટી ગાર્ડની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૦૨

ઈચ્છાપોરના ભાટપોર જીઆઈડીસીમા જાહેર રોડ પર સિક્યુરિટી ગાર્ડની હત્યા કરાયેલી લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. અજાણયા દ્વારા ગળાના ભાગે તીક્ષણ હથિયારના ઘા ઝીંકી તેની હત્યા કરી ફરાર થઈ ગયા હતા. જાહેર રોડ પર જ સિક્યુરિટી ગાર્ડ લોહીલુહાણ હાલતમાં હોવાની જાણ પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહ પોસ્ટ માર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. મભાટપોર પ્રાણેશ્રવર મંદિર પાસે રહેતો ૨૬ વર્ષીય રોહિત ગિરી મક્સુદન ગિરી ઓએનજીસી કોલોનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. ગત રાત્રે તેની નાઈટ શિફ્ટ હતી. આજે સવારે ભાટપોર જીઆઈડીસી ખાતે આવેલા મહેન્દ્ર વર્કશોપ પાસે જાહેર રોડ ઉપર જ તેની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. બનાવ અંગે જાણ થતા જ ઈચ્છાપોર પીઆઈ સહીતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે ઘટના સ્થળની તપાસ કરવાની સાથે સિક્યુરિટી ગાર્ડનો મૃતદેહ નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પીઆઈ એ.સી. ગોહિલે જણાવ્યું હતું કે મરનારના ગળાના ભાગે તેમજ સાથળ સહીત કુલ ત્રણ જેટલા ઘા મારી તેની હત્યા કરવામાં આવી છે. હત્યા કોણે અને કયા કારણસર કરી છે તે હાલમાં જાણવા નથી મળ્યું છે. અજાણયા વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની વધુ તપાસ ચાલુ છે. મૃતકના ભાઈ કૌશલ ગીરીએ જણાવ્યું હતું કે મારા ભાઈ ઓએનજીસી કોલોનીમાં નોકરી કરતા હતા. રાત્રે ૧૦ વાગ્યે ડ્યુટી પર જતા હતા સવારે ૬ વાગ્યે ઘરે આવી જતા હતા. આજે સવારે ૬.૩૦ સુધી તેઓ ઘરે પહોંચ્યા ન હતા. જેથી મારા ભાભીએ મને જણાવ્યું હતું કે તમારા ભાઈ ઘરે નથી આવ્યા, હુ તેમની બાઈક લઈને શોધવા માટે નીકળ્યો હતો. જયાંથી તેઓ દૂધ લેતા હતા, ચા પીતા હતા, સહિતની જગ્યાએ ચેક કર્યું હતું. પણ તેઓ ત્યાં નહીં મળ્યાં હતા, ત્યાર બાદ ભાટપોર જીઆઈડીસી તરફ પહોંચતા તેઓ રસ્તા ઉપરજ મરણ હાલતમાં પડેલા હતા. તેમની હત્યા કોણે કરી એ બાબતે હાલમાં અમને પણ ચોક્કસ ખબર નહીં. પરંતુ ત્રણેક જણા હોવાનું જાણવા મળ્યું છે. પૈસાની લેતીદેતી હોય શકે છે, હવે પોલીસ તપાસ કરીને હત્યારાને પકડશે ત્યારે બધું સ્પષ્ટ થશે.

# વડોદરા-હાલોલ રોડ ઉપર કન્ટેનરની અડફેટે બાઈકસવાર બે યુવાનોનાં કચડાઈ જતાં મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨

વડોદરા-હાલોલ હાઈવે ઉપર મોડી રાત્રે પુરઝડપે પસાર થતા કન્ટેનરે મોટર સાયકલ ઉપર જતા એકજ ગામના અને એકજ ફળિયાના બે યુવાનોને અડફેટમાં લેતા તેઓ બાઈક પરથી પટકાયા હતા. બાઈક ઉપરથી ફંગોળાયેલા બંને યુવાનોના માથાં કચડાઈ જતાં તેઓના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ ઘટનામાં બાઈકમા આગ ફાટી નિકળતા ખાખ થઈ ગયું હતું. અકસ્માતને પગલે કન્ટેનર ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર મુકી ફરાર થઈ ગયો હતો. જરોદ પોલીસ પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર હાલોલ તાલુકાના હીરાપુરા ગામે રહેતા અને હાલોલ જીઆઈડીસીમાં આવેલી સીયારામ કંપનીમાં નોકરી કરતા વજેસિંહ ગુલાબસિંહ રાઠોડનો પુત્ર નરેશ વજેસિંહ રાઠોડ (ઉ.વ. ૨૦) અને તેમના ફળિયામાં રહેતો સમીર પ્રવિણભાઈ સોલંકી મોટર સાયકલ લઈ જરોદ તરફ નીકળ્યા હતા. દરમિયાન પુરઝડપે પસાર થતા કન્ટેનરે બાઈકને અડફેટમાં લેતાં બંને યુવાનો રોડ ઉપર ફંગોળાયા હતા. તેમના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જરોદમાં દર્શન હોટલ નજીક બનેલી આ દુર્ઘટના અંગેની જાણ વજેસિંહ રાઠોડને થતાં તેઓ પરિવારજનો સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

### અત્યાચારથી કંટાળી પીડિતાએ ફરિયાદ નોંધાવી

# સગીરા પર તેની માતાના મિત્રએ બે વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું : દુષ્કર્મી ખાનગી સ્કૂલનો સંચાલક નીકળ્યો

### દારૂ પીવડાવીને બળજબરીથી બળાત્કાર કર્યો, પીડિતાએ વિરોધ કરતાં બેલ્ટ વડે આરોપીએ માર માર્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨

સુરત શહેરના અડાજણમાં રહેતી યુવતી પર તેની માતાના મિત્રએ જ દાનત બગાડી બળાત્કાર ગુજાર્યો હતો. નરાધમે યુવતીને બળજબરીપૂર્વક દારૂ પીવડાવીને બળાત્કાર ગુજાર્યો હતો. જો કે, પીડિતા દ્વારા આ અંગે વિરોધ કરતાં નરાધમ દ્વારા બેલ્ટથી ઢોર માર મારવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. પીડિતા દ્વારા સમગ્ર ઘટના અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ અડાજણમાં રહેતી ૧૮ વર્ષ ૬ મહિનાની યુવતીએ ગત રોજ પરવત પાટીયા પાસે મોડલ ટાઉનની સામે આવેલા જલારામ નગર સોસાયટીમાં રહેતા કેતન બાબુ પરમાર વિરૂદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. આરોપી કેતન પરમાર પીડિતાની માતાનો મિત્ર હોવાનું જાણવા મળ્યું છે. નરાધમ કેતને કોલેજમાં અભ્યાસ કરતી યુવતી પર દાનત બગાડી હતી અને છેલ્લા બે વર્ષ દરમિયાન યુવતીને બળજબરી દારૂ પીવડાવીને તેની સાથે બળાત્કાર કર્યો હતો. જે અંગે યુવતી દ્વારા વિરોધ કરવામાં આવતાં કેતન પરમારે યુવતીને બેલ્ટથી ઢોર માર પણ માર્યો હતો. વધુમાં સુત્રોએ જણાવ્યું હતું કે આરોપી કેતન પરમાર પરવત પાટીયા વિસ્તારમાં આવેલી ખાનગી સ્કૂલનો સંચાલક છે. પોલીસે યુવતીની ફરિયાદ લઈ નરાધમ કેતન પરમારને રાત્રે ઝડપી પાડ્યો હતો.

### અમરેલીના ભાજપ ધારાસભ્યના બોગસ લેટરકાંડ મામલે

# પાટીદાર સમાજમાં ભારે રોષ ફેલાતાં ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ટીમ મોકલાઈ : યુવતીનું નામ ફરિયાદમાંથી કાઢી નંખાશે

### યુવતીનું જેલમાંથી જમીન મેળવવા ફરિયાદી બની એફિડેવિટ રજૂ કરવા સહિતની સહમતી દર્શાવી મામલાને શાંત પાડવાના પ્રયાસો



(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી, તા.૨

અમરેલી ભાજપ ધારાસભ્ય કૌશિક વેકરીયા નામના બોગસ પત્રકાંડમાં ભાજપના ત્રણ કાર્યકરો તેમજ ભાજપના જ આગેવાનની ઓફિસમાં કામ કરતી યુવતી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવ્યા બાદ આ મામલે પોલીસે ત્રણ ભાજપના કાર્યકર્તાઓ તેમજ યુવતીનું રી કન્સ્ટ્રકશનના નામે પોલીસ દ્વારા સરઘસ કાઢવામાં આવતા સમગ્ર ગુજરાતના પાટીદાર સમાજમાં તેમજ મહિલાઓમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. હતો આ રોસને શાંત પાડવા અને સમગ્ર પાટીદાર સમાજમાં મનદુખ ભેદભાવના સર્જાય તે માટે આજે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ દ્વારા એક ટીમ અમરેલી મોકલવામાં આવી હતી અને આ મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો અમરેલી ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરીયાના નામનો બોગસ લેટર ભાજપ ઉચ્ચકક્ષાએ મોકલી તેમજ આ પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ કરતા સમગ્ર મામલે રાજકરણ ગરમાયું હતું તાલુકા પંચાયત પ્રમુખના નામથી થયેલ આ લેટર બોગસ હોવાનું માલુમ થતા તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા આ બાબતે પોલીસમાં ફરિયાદ કરતા પોલીસ તપાસ દરમિયાન આ કાંડમાં ભાજપના જ ત્રણ કાર્યકરોની સંડોવણી ખુલ્લી હતી જેથી પોલીસે આ મામલે ભાજપના ત્રણેય આગેવાનો તેમજ ભાજપ આગેવાનની ઓફિસમાં કામ કરતી પાયલ ગોટી નામની યુવતીની ધરપકડ કરી હતી અને આ ચારેય લોકોનું રીકન્સ્ટ્રકશનના નામે સરઘ કાઢવામાં આવતા અને આ કાંડમાં કોઈ ભૂમિકાના હોવા છતાં યુવતીને ફરિયાદમાં આરોપી તરીકે બતાવી રાત્રી દરમિયાન ધરપકડ કરી એક મહિલા હોવા છતાં તમામ પુરૂષ સાથે સરઘસ કાઢતા સમગ્ર પાટીદાર સમાજ તેમજ મહિલાઓમાં રોષનું વાતાવરણ જોવા મળ્યું હતું આ મામલે સમગ્ર રાજ્યમાં ઘેરા પડઘા પડ્યા હતા અને સમગ્ર રાજ્યમાંથી રાજકીય આગેવાનો દ્વારા સામાજિક કાર્યકરો દ્વારા મહિલાનું સરઘસ કાઢવા બાબતે નિવેદનો સોશિયલ મીડિયા તેમજ સમાચારોમાં પ્રસારિત થતાં આ મામલે વધુ રાજકારણ ગરમાયું હતું અને ભાજપના કૌશિક વેકરીયા સામે ઠેર ઠેર રોષ વ્યાપેલ હતો જેથી પાટીદાર સમાજ આમને સામનેના આવે અને મન દુઃખ ભેદભાવના રહે તે માટે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ દ્વારા આ મામલે અમરેલી એક ટીમ મોકલવામાં આવી હતી અને આ ટીમ દ્વારા આ મામલાને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો જેમાં આ ટીમે ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરીયા તેમજ તાલુકા પંચાયત પ્રમુખ સહિતની મુલાકાત લઈ આ મામલે સમજાવટ કરી પાટીદાર સમાજની યુવતી સાથે અન્યાય થયો હોવાની ચર્ચા વિમર્શ કર્યા બાદ આ મામલે ધારાસભ્ય કૌશિક વેકરીયાની સાથે ચર્ચાના અંતે આ યુવતીને ફરિયાદ માંથી આ આરોપી તરીકે કાઢી નાખવા અને જેલમાંથી જામીન મેળવવા અંગે સોગંદનામુ રજૂ કરવાનું અને સહયોગ આપવા અંગેની સહમતી આપેલ હોવાની ખોડલધામ ટ્રસ્ટની ટીમે જણાવ્યું હતું

## કૌશિકભાઈના ફેવરમાં વીડિયો બનાવો તો તમારી દીકરીને જામીન મળી જશે

### દીકરીના પિતાને પાંચ પૈકી એક શખ્સે વીડિયો બનાવવાનું કહેતા અશ્વિનભાઈએ વીડિયો બનાવ્યો પણ કોઈ સહયોગ ન મળ્યો

અમરેલી, તા.૨

અમરેલીમાં લેટર કાંડ મુદ્દે પાટીદાર સમાજની દીકરીના સરઘસ કાઢવા બાબતે સમગ્ર રાજ્યમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે દીકરીના પિતાનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ છે જેમાં આ દીકરીના પિતા બોલી રહ્યા છે કે મને કોઈ અજાણ્યા માણસનો ફોન આવેલ અને ચિત્તલ રોડે મળવા બોલાવેલ જેથી ચિતલ રોડ ઉપર જતા ત્યાં ચાર પાંચ વ્યક્તિઓ બેસેલ હતા જેમાં ચેતનભાઈ લાલાવદર વાળા એ મને કહેલ કે તમારી દીકરીને જેલમાંથી છોડાવી હોય તો તમે કૌશિકભાઈના ફેવરમાં વિડીયો બનાવો જેથી મેં તેમના કહેવાથી કૌશિકભાઈ ના ફેવરનો વિડીયો બનાવેલ પણ મને કોઈ સહયોગ મળ્યો ન હતો આમ પાટીદાર સમાજની દીકરીને સરઘસ કઢાવી જેલમાં પુરાવી રાજકરણ કોણ રમી રહ્યું છે તે અંગે લોકોમાં પણ અનેક ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

## પાટીદાર સમાજમાં રોષની લાગણી ફેલાઈ હતી

યુવતી ફક્ત ઓફિસમાં ૧૦ હજાર માં પગારદાર તરીકે કામ કરતી હતી અને માલિકના કેવા પ્રમાણે તેણે તેમના કામના ભાગ રૂપે કામ કર્યું હતું બાકી આ બનાવમાં પાટીદાર સમાજની યુવતીની કોઈ ભૂમિકાના હોય તેમ છતાં ફરિયાદમાં તેનું નામ લખાવી અને બાદમાં પોલીસે આ ચારેય લોકોની ધરપકડ કરી હતી અને જાહેરમાં સરઘસ કાઢ્યું હતું જેથી સમગ્ર રાજ્યમાં રોષનું વાતાવરણ ઊભું થયું હતું ખાસ કરીને પાટીદાર સમાજમાં તેમજ પાટીદાર દીકરીઓમાં નારાજગીનો માહોલ જોવા મળ્યો હતો

## તપાસનો રિપોર્ટ ખોડલધામ ટ્રસ્ટ સમિતિને આપવામાં આવશે

ખોડલધામ ટ્રસ્ટની ટીમ દ્વારા આ મામલે પાટીદાર આગેવાનો ધારાસભ્ય અને આ કાંડના ફરિયાદી સાથે વાતચીત કરી ચર્ચાઓ કરી હતી અને સમગ્ર તપાસનો રિપોર્ટ ખોડલધામ ટ્રસ્ટ સમિતિને સોંપવામાં આવશે આ મામલો ફક્ત પાટીદાર સમાજની દીકરી પાયલ ગોટી પૂરતો જ હતો બાકી અન્ય ત્રણ રાજકીય આગેવાનો છે તેની પક્ષ દ્વારા જે કાંઈ કાયદેસરની કાર્યવાહી કરવાની હોય તેમાં અમારે કશું જ કરવાનું નથી એ તેમની ઈન્ટર્નલ મેટર છે તેમ ખોડલધામ ટ્રસ્ટની ટીમે જણાવ્યું હતું

## ભાભરમા ચેક રિટર્ન કેસમાં આરોપીને બે વર્ષની સજા

ડીસા, તા.૨

ભાભર નવાના રાઠોડ મનહરસિંહ લેબુભા (ડી.એલ.) એ ખારા ગામનાં ચૌધરી નાગજીભાઈ રણછોડભાઈને ઘરકામ અર્થે નાણાંની જરૂરિયાત ઉભી થતાં રૂા.૫,૦૦,૦૦૦/- હાથ ઉછીના આપેલ હતા. જે રકમની ઉઘરાણી વારંવાર કરતા ચૌધરી નાગજીભાઈએ તેમને ચેક આપેલ અને તે ચેક તેમણે પોતાના ખાતામાં નાખતા ચેક રિટર્ન થયો હતો. ત્યારબાદ ચેકના નાણાં અને ન્યાય મેળવવા માટે ભાભર કોર્ટ સમક્ષ વકીલ દ્વારા ફરિયાદ દાખલ કરી હતી. જે ફરિયાદ ચાલી જતાં તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ ભાભર કોર્ટના જજ એસ.પી. દવેએ ચેક રિટર્ન કેસમાં આરોપીને રૂપિયા ૧૦,૦૦૦/-નો દંડ, બે વર્ષની સજા અને ફરિયાદીને પાંચ લાખ રૂપિયા ચૂકવવાનો હુકમ કર્યો અને ફરિયાદીને રકમનાં ચૂકવે તો વધુ ૬ માસની સજાનો હુકમ કર્યો છે.

## અંકલેશ્વર GIDCની વરસાદી કાંસમાં વહી રહેલું કેમિકલયુક્ત પાણી

અંકલેશ્વર, તા.૨

અંકલેશ્વર જીઆઈડીસીમાં વરસાદી કાંસમાં રાસાયણિક પાણી વહેતા જોવા મળી રહ્યા છે. ચોમાસા બાદ પણ આ વરસાદી કાંસમાં સતત રાસાયણિક પાણી વહી રહ્યું છે. ખાસ કરીને જીઆઈડીસીની એલ.એન.ટી ચોકડી પાસે ઈવાંક એલોઈસ કંપની નજીકથી પસાર થતી વરસાદી કાંસમાં છેલ્લા દોઢ મહિનાથી પીળા ઘટ રંગનું રાસાયણિક પાણી વહી રહ્યું છે. રાસાયણિક પાણી અંગે અગાઉ અનેક વાર ફરિયાદ કરાઈ હતી. જે ફરિયાદ બાદ પણ હજુ સુધી જીપીસીબી કે નોટીફાઈડ એના મૂળ સુધી પહોંચી શકી નથી. જે અંગે વડી કચેરી ખાતે પણ થયેલી રજૂઆતના આધારે ગાંધીનગર જીપીસીબી ની એનજીઓ રોહિત પ્રજાપતિ સાથે અંકલેશ્વર ખાતે આવી પહોંચી હતી અને સ્થળ તપાસ શરુ કરી હતી.

### હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી એવા

# ભડિયાદ ખાતે શહીદ પીર મહેમુદશાહ બુખારી (ર.અ.)ના ઉર્સનો તા.૬ઠ્ઠી જાન્યુ.થી પ્રારંભ

### તા.૬-૧-૨૫ સોમવારે બપોરે ૨:૩૦ વાગ્યે ખમાસા ગેટથી મેદની પગપાળા ભડિયાદ જવા રવાના થશે

અમદાવાદ, તા.૨

કોમી એકતાના પ્રખર હિમાયતી અને હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાળુઓમાં અનેરૂં સ્થાન ધરાવનાર અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના ભડિયાદ ખાતે આવેલ શહીદ પીર મહેમુદશાહ બુખારી (ર.અ.) દાદાના ઉર્સ શરીફની તા.૬-૧-૨૫થી તા.૧૪-૧-૨૦૨૫ સુધી ઉજવણી કરાશે. આ ઉર્સ પ્રસંગે તા.૬-૧-૨૫ રજબ ચાંદ ૫ સોમવારે બપોરે ૨:૩૦ વાગ્યે પગપાળા સંઘ (મેદની) નીકળશે. આ મેદનીનું જમાલપુર દરવાજા પાસે જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ મહારાજ સ્વાગત કરશે. તા.૧૦-૧-૨૫ શુક્રવારે રજબ ચાંદ ૯ નિશાન ચઢાવવાની રસમ અદા કરાશે. તા.૧૧-૧-૨૫ રજબ ચાંદ ૧૦ શનિવારે રાત્રે સંદલ શરીફની પવિત્ર રસમ, તા.૧૨-૧-૨૫ રજબ ચાંદ ૧૧ અગિયારમી શરીફ મનાવવામાં આવશે, તા.૧૩-૧-૨૫ સોમાવારે ઉર્સ શરીફની ઉજવણી કરાશે તા.૧૪-૧-૨૫ મંગળવારે રજબ ચાંદ ૧૩ ઉર્સની ઉજવણી સંપન્ન થશે. આ મેદની અંગે મેદની કમિટીએ નક્કી કરેલા રૂટ પર પદયાત્રીઓને ચાલવા તથા રેલવે ટ્રેક પર ન ચાલવા અનુરોધ કર્યો છે તથા ખેતરમાં ઉગેલ પાકને નુકસાન ન કરવા અને સાથ સહકાર આપવા ભડિયાદ પીર ઉર્સ કમિટી અને ભડિયાદ પીર ગાદિપતિ બાવામિયાં બાપુએ વિનંતી કરી છે.

### મનપા દ્વારા ગરીબ અને મધ્ય વર્ગના લોકોના મકાનો તોડી પાડવાનો નિર્ણય કરાતા

# ભાવનગરમાં આજે અસરગ્રસ્તોની રેલીનું આયોજન

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને કાર્યકારી અધ્યક્ષ જિજ્ઞેશ મેવાણીની ઉપસ્થિતિમાં અસરગ્રસ્તોની રેલી નીકળશે




ભાવનગર, તા.૨

ભાવનગર શહેરમાં વર્ષોથી રહેતા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના સામાન્ય લોકોના મકાનો તોડી પાડવાની ભારતીય જનતા પાર્ટીની મહાનગરપાલિકા તેમજ સરકાર દ્વારા જે નિર્ણય કર્યો છે તે સંપૂર્ણ અન્યાયકર્તા છે. વર્ષોથી જે લોકો ભાવનગરમાં વસવાટ કરે છે તેવા લોકોને સુપ્રીમ કોર્ટના વારંવારના અવલોકનો મુજબ વૈકલ્પિક વ્યવસ્થા કે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કર્યા વગર તોડી પાડવા તે અમાનવીય અને હાડમારી ઉભી કરનારૂ છે. આવા અસરગ્રસ્ત લોકોને ન્યાય મળે તે માટે અને તેમની વ્યથા ઉજાગર થાય તે માટે ભાવનગર કોંગ્રેસ સમિતિ તથા અસગ્રસ્તોની બનેલી સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે તા.૩ જાન્યુઆરી, ૨૦૨૫ને શુક્રવારના દિવસે એક વિશાળ રેલી ભાવનગરમાં નીકળશે અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવશે. આ રેલીમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ જિજ્ઞેશ મેવાણી, એસ.સી. વિભાગના પ્રમુખ હિતેન્દ્ર પીઠડીયા તથા ભાવનગર શહેરના આગેવાનો ઉપસ્થિત રહેશે અને રેલીમાં આમ જનતાની સાથે પદયાત્રા કરીને કમિશનરને આવેદનપત્ર આપવા જનારી રેલીમાં સહભાગી બનશે. ભાવનગરના અસરગ્રસ્તોની આ રેલી ૩ જાન્યુઆરી, ૨૦૨૫ને શુક્રવારે બપોરે ૨-૦૦ કલાકે જશોનાથ ચોકથી નીકળશે.

મરીન નેશનલ પાર્ક-મરીન સેન્ચુરી વિસ્તારમાં આશરે ૩૦૦થી વધારે પ્રજાતિના સ્થાનિક યાયાવર પક્ષીઓનું રહેઠાણ

# દેશભરમાં જામનગર ખાતે સૌપ્રથમ આજથી દરિયાકાંઠાના કિચડિયા પક્ષીઓની ગણતરી યોજાશે

## ઓખાથી નવલખી સુધી ૧૭૦ કિ.મી. લાંબા દરિયા કિનારા પર ખાસ પસંદગીના સ્થળોનો સમાવેશ





(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨
દેશમાં સૌ પ્રથમવાર મરીન નેશનલ પાર્ક- મરીન સેન્ચુરી જામનગર ખાતે આવતીકાલે તા. ૩થી ૦૫ જાન્યુઆરી દરમિયાન દરિયાકાંઠાના તેમજ કિચડીયા પક્ષીઓની ગણતરી-સેન્સસ યોજાનાર છે. દરિયાકાંઠાના પક્ષીઓ માટે સ્વર્ગ સમાન એવા જામનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં કિચડીયા પક્ષીઓ તેમજ દરિયા કિનારાનાં પક્ષીઓની ગણતરી કરવામાં આવશે. આ ત્રિદિવસીય કાર્યક્રમમાં પહેલા દિવસે વન અને વન્યજીવ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા તજજ્ઞોના વકતવ્યો, બીજા દિવસે પક્ષીઓની ગણતરીનું આયોજન તેમજ ત્રીજા દિવસે નોલેજ શેરીંગ અને સમાપન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાંથી પણ પક્ષી પ્રેમીઓ, તજજ્ઞો અને સંશોધકો ઉપસ્થિત રહેશે.

સમગ્ર વિશ્વમાં ગુજરાત અનેક જૈવવિવિધતા માટે જાણીતું છે. ગુજરાતે આજે દેશભરમાં વન-પર્યાવરણ ક્ષેત્રે આગવી ઓળખ સ્થાપિત કરી છે. ત્યારે આ પક્ષીઓની ગણતરીનું આયોજન વન વિભાગ અને બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત-BCSGના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવશે. BCSG પક્ષીઓ માટે છેલ્લાં ૨૫ વર્ષથી ગુજરાતમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા છે. જે પક્ષીઓનું સંરક્ષણ, ગણતરી, નિરીક્ષણ તથા પક્ષીઓ પાછળનું વિજ્ઞાન અને તે અંગેની જન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો કરે છે. ગુજરાતમાં આવેલું મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરી ભારતનો સૌ પ્રથમ જાહેર કરવામાં આવેલ દરિયાઇ રાષ્ટ્રીય ઉદ્યાન છે. રાજયના દેવભૂમિ દ્વારકા, જામનગર અને મોરબી એમ ત્રણ જિલ્લામાં વિસ્તરેલ મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીમાં ઓખાથી નવલખી સુધી અંદાજીત ૧૭૦ કિ.મી. લાંબા દરિયાકાંઠા અને ૪૨ ટાપુઓનો સમાવેશ થાય છે. કચ્છના અખાતમાં આવેલા આ પ્રોટેક્ટેડ એરીયાને અહીં જોવા મળતી દરિયાઇ જીવસૃષ્ટિ અને ચેર-મેન્ગ્રુવના સંવર્ધન અને સંરક્ષણના મુખ્ય ઉદ્દેશ્યથી જાહેર કરવામાં આવ્યો છે. આ ભારતમાં એકમાત્ર સ્થળ છે જયાં ઓટના સમય દરમિયાન પગપાળા પ્રવાસ કરીને દરિયાઇ જીવસૃષ્ટિનું અવલોકન કરી શકાય છે. જ્યારે અન્ય સ્થાનો ઉપર સ્કુબા ડાઈવીંગ કરવી અનિવાર્ય બની જાય છે. મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીમાં આલ્ગી, દરિયાઇ શેવાળ, વાદળી, સખત અને નરમ પરવાળા, ડોલ્ફીન, કાચબા, ડુગોંગ, પોરપોઈઝ, વિવિધ જાતિના કરચલાં, પફરફીશ, સ્ટારફીશ, બ્રિટલ સ્ટાર, ઓક્ટોપસની સાથે ચેરની વિવિધ પ્રજાતિઓનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તાર ભૌગોલિક દૃષ્ટિએ સેન્ટ્રલ એશિયન ફલાયવેનો ભાગ હોવાથી આ વિસ્તારનું પક્ષી વૈવિધ્ય પણ ખૂબ જ સમૃદ્ધ છે. યાયાવર પક્ષીઓ ખાસ કરીને વોટર બર્ડસ-પાણીના પક્ષીઓ તેઓના વાર્ષિક પ્રવાસ દરમિયાન આ ફલાય વે મારફતે અનેક દેશો પરથી પસાર થઈને પ્રવાસ પૂર્ણ કરે છે. સ્થાનિક અને વિદેશી પક્ષીઓ માટે ગુજરાતનો જામનગર જિલ્લો રાષ્ટ્રીયકક્ષાએ ખૂબ અનેરૂ મહત્વ ધરાવે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં પક્ષીઓ આ સમૃદ્ધ વિસ્તારોમાં વિહરતા જોવા મળે છે. વર્ષોથી અહિયાં વિચરતા કિચડિયા- WADERS પક્ષીઓ જામનગર માટે આભૂષણ સમાન છે. જામનગરમાં આશરે ૩૦૦થી વધારે સ્થાનિક અને પ્રવાસી પક્ષીઓ જોવા મળે છે. માત્ર કિચડીયા પક્ષીઓની ૫૦થી વધારે પ્રજાતીઓ જોવા મળે છે. એમાં પણ 'શંખલો- Crab plover', 'મોટો કિચડિયો-Great Knot' જેવા પક્ષીઓ દેશમાં અન્યત્ર ખૂબ જ ઓછા અને જામનગરમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. સ્થાવર પક્ષી તેમજ વિશ્વભરમાંથી આવતા યાયાવર પક્ષીઓની વિવિધ પ્રજાતીઓની ઓળખ, તેમની સંખ્યા વગેરેની માહિતી મેળવવા વન વિભાગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે પક્ષી વસ્તી અંદાજ પણ કરવામાં આવે છે. જેના થકી સંપૂર્ણ માહિતી મેળવી પક્ષીઓના યોગ્ય સંરક્ષણ અને સંવર્ધન માટેના નિર્ણય લેવામાં આવે છે.

અમરેલીમાં પાટીદાર દીકરીના સરઘસ મામલે ઉગ્ર વિરોધનો વંટોળ

# ભાજપના બે જૂથના વિવાદમાં દીકરીને ફસાવ્યાના આક્ષેપો : મુખ્યમંત્રી સમક્ષ કાર્યવાહી કરવા રજૂઆત

## આંતરરાષ્ટ્રીય કુર્મી સેના દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી અધિકારી સામે પગલાં ભરવાની માગણી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨
અમરેલી જિલ્લા ભાજપના બે જૂથ વચ્ચેના ટકરાવમાં બોગસ લેટરપેડ ટાઈપ કરનાર પાટીદાર દીકરીનું સરઘસ કાઢવાની ઘટનામાં ચોતરફ વિરોધ સામે આવ્યો છે. ત્યારે આજે રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કુર્મી સેના દ્વારા કલેક્ટર પ્રભવ જોશી મારફત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી હતી. તેમાં આ ઘટનામાં જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો માનવ અધિકાર આયોગ અને મહિલા આયોગમાં ફરિયાદ કરવાની સાથે કાયદાકીય કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાએ રાજકોટ કલેક્ટર મારફત મુખ્યમંત્રીને આપેલા આવેદનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં અમરેલી જિલ્લામાં ભાજપના બે જૂથ વચ્ચેના રાજકીય વૈમનસ્ય સબબ થયેલા બનાવટી લેટરપેડના કેસમાં પાટીદાર સમાજની અપરિણીત દીકરીની કોઈ મુખ્ય ભૂમિકા ન હોવા છતાં રાતોરાત તેણીની ધરપકડ કરવામાં આવી. ત્યારબાદ ગુનાના રિ-કન્સ્ટ્રક્શનના નામ પર જાહેર માર્ગ પર અસંખ્ય લોકોની વચ્ચે તેણીનું સરઘસ કાઢીને તેણીની જાહેર બદનામી અને તેણીના ભાવી સામાજિક જીવન સામે પ્રશ્નાર્થ ઊભો કરતી કાર્યવાહી રાજકીય નેતાઓના ઈશારે પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવી હોવાની વ્યાપક ચર્ચા શરૂ થયેલ છે. આ અંગે આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાના અધ્યક્ષ જિગ્નેશ કાલાવડિયાએ જણાવ્યું હતું કે, આ ઘટનાની તટસ્થ તપાસ કરી આ પાટીદાર દીકરીને સમાજમાં બદનામ કરવામાં જે પણ દોષિત હોય તે રાજકીય નેતાઓ અને તેમના ઈશારે અયોગ્ય કાર્યવાહી કરી. આરોપીના માનવ અધિકાર અને મહિલા તરીકેના અધિકારોનો ભંગ કરનાર જવાબદાર પોલીસકર્મીઓ સામે યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે, જેથી આમ જનતાનો આપની સરકાર પર ભરોસો કાયમ રહે. આ ઘટનાને લઈને પાટીદાર સમાજ સહિત ગુજરાતના દરેક સમાજમાં વ્યાપક રોષની લાગણી ફેલાઈ છે. ત્યારે તુરંત યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આ સાથે જો સરકાર તરફથી યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આ મામલે આંતરરાષ્ટ્રીય કુર્મી સેના દ્વારા માનવ અધિકાર આયોગ, મહિલા આયોગ સહિત કાયદાકીય કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ વધુમાં જણાવાયું છે. અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરવા લખાયેલા લેટર મુદ્દે ગઈકાલે પ્રતાપ દુધાતના મુખ્યમંત્રીના લેટર બાદ હવે પરેશ ધાનાણીની એન્ટ્રી થતાં રાજકારણ વધુ ગરમાયું છે. પરેશ ધાનાણીએ ટ્વિટ કરીને ચાબખા મારતાં લખ્યું છે કે, 'કૌરવ કુળના અહંકારી લોકોએ ભરબજારમાં કુંવારી કન્યાનો વરઘોડો કાઢ્યો, સમાજ ક્યારેય માફ નહી કરે' તો બીજી તરફ આજે અમરેલીમાં ખોડલધામના ટ્રસ્ટી દિનેશ બાંભણીયા, મનોજ પનારા અને ધારાસભ્ય રમેશ ટીલાળા સહિતના આગેવાનોએ અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા, ધારાસભ્ય મહેશ કસવાળા, સાંસદ ભરત સુતરીયા અને ફરિયાદી કિશોર કાનપરીયા સાથે બેઠક કરી હતી. જેમાં પટેલ સમાજની યુવતી સામેની ફરિયાદ પાછી ખેંચવાની ચર્ચાઓ કરાયા બાદ એસ.પી. ઓફિસે રજૂઆત કરવામાં આવી હતી. કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ ટ્વિટ કરીને લખ્યું છે કે, લાજ લેનારા સામે લડીશું. કૌરવ કુળના અહંકારી લોકોએ અમરેલીની ભરબજારમાં એક કુંવારી કન્યાનો 'જાહેરમાં વરઘોડો' કઢાવીને સમગ્ર ગુજરાતની ગરિમાને ઠેસ પહોંચાડી છે.

ધાનેરા, કાંકરેજ બાદ હવે દિયોદરમાં વિરોધનો વંટોળ

# બનાસકાંઠા જિલ્લાના વિભાજન મુદ્દે ઉકળતો ચરૂ : દિયોદરમાં બજારો સજ્જડ બંધ

## વિરોધ પ્રદર્શનની સાથે આવેદનપત્ર પાઠવીને ફેર વિચારણા માટે કરાઈ રજૂઆત

ડીસા, તા.૨
બનાસકાંઠા જિલ્લાનાં વિભાજન મુદ્દે વિવાદ સતત વકરી રહ્યો છે. ધાનેરા, કાંકરેજ બાદ હવે દિયોદરમાં પણ વિરોધનો વંટોળ ઉઠ્યો છે. દિયોદરને ઓગડ જિલ્લો બનાવવાની માગ સાથે સ્થાનિક બજારો સજ્જડ બંધ રહ્યા છે. લોકોએ રસ્તા પર ઉતરીને વિરોધ નોંધાવ્યો છે. આવેદનપત્ર આપીને સરકારને ફેર વિચારણા કરવા રજૂઆત કરી છે. બનાસકાંઠા જિલ્લાનાં વિભાજનને લઈને ધાનેરા, કાંકરેજ બાદ હવે દિયોદરમાં વિરોધનો સૂર ઊઠ્યો છે. સરકારનાં આ નિર્ણય સામે સ્થાનિક બજારો આજે બંધ રહ્યા છે. સાથે જ લોકોએ રસ્તા પર ઉતરીને આવેદન પત્ર પાઠવી આ નિર્ણય પાછો લેવા અને ફેર વિચારણા કરવા સરકારને માગ કરી છે. ઉલ્લેખનીય વાત એ છે કે આ વિરોધમાં ભાજપ અને કોંગ્રેસનાં નેતાઓ એકમંચ પર જોવા મળ્યા છે. આ વિરોધમાં કોંગ્રેસ આગેવાન નરસિંહ રબારી, ભાજપ આગેવાન ભરત અખાણી, ઈશ્વર તરક અને ભવાનજી ઠાકોર લોકો સાથે જોડાયા હતા. જ્યારે બીજી તરફ જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલાનાં સૂર બદલાયા હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે, ગઈકાલે તેમણે એવું કહ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાનું ક્ષેત્રફળ મોટું છે, જેથી ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લાનું વિભાજન થાય તે માટે રજૂઆત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને કરવામાં આવી હતી. રાજ્ય અને કેન્દ્ર સરકાર બનાસકાંઠા જિલ્લાનાં વિભાજનની જાહેરાત કરશે તો અમને ખૂબ આનંદ થશે. ત્યારે આજે જિલ્લા ભાજપ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા કાંકરેજ પહોંચ્યા હતા, જયાં વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી વિરોધ નોંધાવ્યો છે.



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

### કાંકરેજનો બનાસકાંઠામાં સમાવેશ થશે : કીર્તિસિંહ

લોકોનાં વિરોધ જોતા કીર્તિસિંહ વાઘેલાએ વ્યાપારીઓને આશ્વાસન આપ્યું હતું કે, કાંકરેજ તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ કરવા માટે રજૂઆત કરીશું અને કાંકરેજ તાલુકાનો બનાસકાંઠામાં સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લાનાં વિભાજન મુદ્દે ધાનેરામાં આગેવાનો અને લોકોએ સૂત્રોચાર કરી વિરોધ દાખવ્યો હતો. સાથે જ ધાનેરાને બનાસકાંઠામાં સમાવેશ કરવા નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ભૌગોલિક દૃષ્ટિએ વાવ થરાદ કરતા બનાસકાંઠા સરળ પડે તે અંગે રજૂઆત કરાઈ હતી.

રાજકોટના કેન્સર સર્જન ડો. દિપેન પટેલ સામેની ફરિયાદનો મામલો

# ગુનાહિત બેદરકારીથી દર્દીના મોત બાબતે ફોજદારી કાર્યવાહી રદ કરવા હાઈકોર્ટનો સાફ ઈન્કાર

## હાઈકોર્ટે રાહત આપવાનો ઈન્કાર કરતા અરજી પાછી ખેંચાઈ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨
રાજકોટના કેન્સર સર્જન ડો. દિપેન દિપકકુમાર પટેલ દ્વારા પોતાની સામે કથિત રીતે ગુનાહિત બેદરકારીથી દર્દીના મોતનો આક્ષેપ કરીને એક મહિલા દ્વારા શરૂ કરવામાં આવેલી ફોજદારી કાર્યવાહી રદ કરવાની માગણી કરતી પિટિશન ગુજરાત હાઈકોર્ટે ફગાવી દેવાનું વલણ દાખવતા પરત ખેંચી હતી. અદાલતે મૌખિક રીતે ટકોર કરી હતી કે, આવા ગંભીર કેસમાં તપાસ થવી જરૂરી છે. વ્યવસાયિકો પ્રત્યે કોર્ટને સહાનુભૂતી હોઇ શકે પરંતુ જે લોકો અનએથિકલ પ્રેક્ટીસ કરતા હોય તેના માટે નહી. અંતે ડો. પટેલના વકીલ દ્વારા અરજી પરત ખેંચવાની મંજૂરી માગતા અદાલતે મંજૂરી આપી હતી અને આદેશમાં સ્પષ્ટ કર્યું હતું કે અરજદારના વકીલે યોગ્ય અદાલતમાં યોગ્ય અરજી કરવા માટે પિટિશન પરત ખેંચવા માગે છે તેની મંજૂરી આપવામાં આવે છે. કોર્ટ દ્વારા આ કેસના ગુણદોષ બાબતે કોઈ મત વ્યક્ત કરવામાં આવ્યો નથી. કેસની વિગતો મુજબ એક મહિલા દ્વારા તેના પતિના અકાળે મોત બદલ ડોક્ટર દ્વારા કરાયેલા ઓપરેશન દરમિયાન ગુનાહિત બેદરકારી દાખવવામાં આવી હોવાનો આક્ષેપ કરતી ફરિયાદ રાજકોટની જિલ્લા કોર્ટમાં કરી હતી. ત્યારબાદ ડોક્ટર સામે આઈપીસીની કલમ ૩૦૪એ સહિતની કલમો હેઠળ કાર્યવાહી પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી હતી. આવા આદેશ રદ કરવા માટે તબીબ દ્વારા હાઈકોર્ટમાં પિટિશ કરાઇ હતી. ફરિયાદી મહિલાએ એવી આક્ષેપભરી રજૂઆત કરી હતી કે, તેમના પતિને મોંઢાનું કેન્સર થયું હતું તેથી ભાવનગરના તબીબો દ્વારા રેફરન્સ આપ્યા મુજબ ડો. દિપેન પટેલનો કોન્ટેક્ટ કર્યો હતો. ત્યારબાદ તેમની સર્જરી કરવાની ભલામણ કરાઇ હતી. પરંતુ નારાયણ હોસ્પિટલમાં સર્જરી કરતી વખતે થાપામાંથી ચામડી લેવા બદલે ડાબી બાજુના ફેફસા ઉપરથી ચામડી લીધી હતી. આ બાબતે ડોક્ટરે જાણકારી આપતા તેણીએ પૂછપરછ કરી હતી કે તેના કારણે કોઇ તકલીફ તો થશે નહી ને? ત્યારે



ડોક્ટરે હૈયાધારણ આપી હતી કે, કોઇ તકલીફ થશે નહી. અગાઉ ઓપરેશન કરવામાં પણ લાંબો સમય જતા મહિલાને શંકા ગઇ હતી. ઓપરેશન કર્યાના બે મહિના બાદ તેમના પતિને ઈન્ફેક્શન થતા પ્લાસ્ટીક સર્જનને બતાવવાનું કહેવામાં આવ્યું હતું. અંતે તેઓ ગુજરી ગયા હતા. આથી મહિલાએ આક્ષેપ લગાવ્યો હતો કે, તબીબે થાપાના ભાગના બદલે ડાબા ફેફસાનું ઉપરની ચામડી લઇને ભૂલ કરી હોવાથી પતિનું મોત નીપજ્યું હોવાથી ફોજદારી કાર્યવાહી કરવી જોઇએ. આ ફરિયાદના આધારે શરૂ થયેલી ફોજદારી કાર્યવાહીને રદ કરવાની માગણી સાથે રજૂઆત કરાઇ હતી કે, સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ તબીબોને ખોટી રીતે કાયદાકીય બાબતે પરેશાન ના કરવામાં આવે તે માટે તેમની સામે જ્યારે કોઇ ફરિયાદ કે ગ્રાહક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે ત્યારે એક્સપર્ટ મેડિકલ બોર્ડનો ઓપિનીયન જરૂરી છે. આથી આ કેસમાં પણ આવો આદેશ થવો જોઇએ. વળી ઓપરેશન પહેલા જ તેની ગંભીરતા બાબતે ગુજરનાર અને તેની ફરિયાદી પત્નીને વાકેફ કરવામાં આવ્યા હતા. આથી આ કાયકાકીય પ્રક્રીયાનો દુરુપુયોગ કરવામાં આવ્યો હોવાથી તે રદ કરવી જોઇએ. જો કે હાઈકોર્ટે મૌખિક ટકોર કરી હતી કે, આ કેસમાં પોલીસે મેડિકલ બોર્ડને રીફર કર્યો છે. વળી આવા કેસમાં તપાસ થવી જૂરૂરી છે. હાઈકોર્ટનો આવો આકરો મત પારખીને વકીલે યોગ્ય જગ્યાએ અરજી કરવા માટે અરજી પરત ખેંચી લીધી હતી.

ચકચારભર્યા હત્યા કેસનો ભેદ ઉકેલાયો

# માંડવીમાં તલવારના ઘા ઝીંકી નર્સની હત્યા કરનાર પ્રેમીની ધરપકડ

## એકતરફી પ્રેમમાં યુવકે જાહેરમાં યુવતીની હત્યા કર્યા બાદ આપઘાતનો પણ પ્રયાસ કર્યો હતો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨
કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગોધરા ગામે યુવતીને તલવાર અને ગુપ્તીના ઘા ઝીંકી હત્યાની ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી. યુવતી વહેલી સવારે નોકરીએ જતી હતી તે દરમિયાન તલવારના ઘા મારી હત્યા કરાઈ હતી પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી દીધો છે. મૃતક યુવતી ગૌરી ગરવાની હત્યા તેના જ પ્રેમી સાગર સંધારે કરી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. હાલ પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે માંડવીના ગોધરા ગામની ૩૨ વર્ષીય ગૌરી ગરવા નામની યુવતી તુંબડી આરોગ્ય કેન્દ્રમાં કરાર આધારિત નોકરી કરતી હતી. નિત્યક્રમ મુજબ નોકરી માટે ઘરેથી નીકળી બસ સ્ટેન્ડ જઈ રહી હતી. ઘરથી થોડે દુર પહોંચી ત્યારે આરોપીએ તલવાર અને ગુપ્તીના ઘા ઝીંકીને હત્યા કરી આરોપી સાગર ફરાર થઈ ગયો હતો. યુવતીની હત્યાના બનાવના પગલે આસપાસના લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે યુવતીના મૃતદેહને પીએમ માટે મોકલી હત્યાનો ગુન્હો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. યુવતીની હત્યા એક તરફી પ્રેમમાં થઈ હોવાનું ખુલ્યું છે આરોપી સાગર યુવતીને પ્રેમ કરતો હતો અને લગ્ન કરવા માંગતો હતો. થોડા દિવસથી યુવતીએ વાત કરવાનું બંધ કરી દેતા અને અન્ય યુવક સાથે મિત્રતા કેળવી હોવાની જાણ સાગરને થતા હત્યાને અંજામ આપ્યો હતો. સાગરે ગૌરીની હત્યા કરી પોતે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સાગરને સારવાર માટે માંડવીની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી છે. હાલ માંડવી પોલીસે આરોપીના બે દીવાના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

# અદાણી CNGના ભાવમાં રૂા.૧.૫૦નો વધારો-નવો ભાવ રૂા. ૮૦ને પાર

## છેલ્લા એક માસમાં જ બે વખત વધારો કરાયો, CNGનો ભાવ રૂા.૮૦.૪૮ થયો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨
અદાણી દ્વારા ફરી એકવાર CNGના ભાવમાં રૂા.૧.૫૦નો વધારો કરવામાં આવ્યો હોવાનું છે. છેલ્લા એક માસમાં સતત બીજી વખત ભાવ વધારો થયો છે. ૩ ડિસેમ્બરના રોજ ભાવમાં ૨૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હવે ૨ જાન્યુઆરીના રોજ ફરી રૂા.૧.૫૦નો વધારો કરાયો છે. આ ભાવ વધારા સાથે અમદાવાદમાં CNGનો ભાવ રૂા.૮૦.૪૮ જેટલો થઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અદાણી CNG દ્વારા ૨૦૨૪ના વર્ષમાં છેલ્લી વખત ૩ ડિસેમ્બરના રોજ CNGના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. આ ભાવ વધારો થયો તે પહેલા અમદાવાદમાં CNGનો ભાવ રૂા.૭૮.૭૬ જેટલો હતો. જોકે, ૩ ડિસેમ્બરના રોજ CNGના ભાવમાં ૨૨ પૈસાનો વધારો કરવામાં આવતો અમદાવાદમાં CNGનો ભાવ રૂા.૭૮.૯૮ પર પહોંચ્યો હતો. અદાણી દ્વારા ૨૨ પૈસાનો જ વધારો કરવામાં આવ્યો હોવાથી રિક્ષા ચાલકો દ્વારા મોટો ઉહાપોહ મચાવવામાં આવ્યો ન હતો. જોકે, ત્યારબાદ ૨૦૨૫ના નવા વર્ષની શરૂઆત સાથે જ અદાણી CNG દ્વારા ફરી એકવાર ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. આ વખતે અદાણી દ્વારા CNGના ભાવમાં રૂા.૧.૫૦નો વધારો કરી દેવામાં આવ્યો હતો. આ ભાવ વધારા સાથે અમદાવાદમાં ઈંધણનો ભાવ રૂા.૮૦.૪૮ જેટલો થઈ ગયો છે. આમ, શહેરમાં હવે ઈંધણના ભાવ રૂા.૮૦ને વટાવી જતા રિક્ષા ચાલકોમાં રોષ ફેલાયો છે. છેલ્લા એક માસમાં જ બે વખત થયેલા વધારાના પગલે અમદાવાદમાં CNG રૂા.૧.૭૨ જેટલુ મોંઘુ થયું છે.

નવી રચાયેલી મનપામાં હવે વહીવટદાર તરીકે કલેક્ટર રહેશે

# રાજ્યની નવી ૯ મહાપાલિકાનો વધારાનો ચાર્જ જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવ્યો

## સરકાર દ્વારા નવી ૯ મહાનગરપાલિકા માટે વિધિવત્ નોટિફિકેશન જારી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨
ગુજરાત સરકારે નવા વર્ષમાં રાજ્યના નાગરિકોને નવી મહાનગરપાલિકાની ભેટ આપી છે. ત્યારે આ એક જાહેરાતથી આ વિસ્તારના નાગરિકોને મોટો ફાયદો થશે. દરમ્યાન આજે નવી રચાયેલી નવ મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે જિલ્લા કલેક્ટરોને કાર્યભાર સોંપવાના આદેશ સરકાર તરફથી જારી કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકે રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓ કાર્યરત કરવાની મંજૂરી ગઈકાલે અપાઇ હતી. નવી મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવતા આ નગરપાલિકાઓની વર્તમાન પાંખની અવેજીમાં હવે સંબંધિત જિલ્લા કલેક્ટરો મહાનગરપાલિકાઓના વહીવટદાર તરીકે ફરજો બજાવશે. તદ અનુસાર, મહેસાણા, નવસારી, નડિયાદ (ખેડા), વાપી (વલસાડ), આણંદ, સુરેન્દ્રનગર, પોરબંદર, મોરબી, ગાંધીધામ (કચ્છ)ના જિલ્લા કલેકટરો આ મહાનગરપાલિકાના વહીવટીદાર તરીકે પણ કાર્યભાર સંભાળશે. એટલે કે નવી રચાયેલી મહાનગરપાલિકામાં જિલ્લા કલેક્ટરોને વહીવટદાર તરીકે જવાબદારી સોંપાઈ છે. મ્યુનિ. કમિશ્નર ઉપરાંત કલેક્ટરો વહીવટદાર તરીકે કામ કરશે. કમિશ્નર કોર્પોરેશનની દૈનિક કામગીરી પર દેખરેખ રાખશે. તો કલેક્ટર પાસે જ્યુડિશિયલ પાવરના કારણે નીતિવિષયક નિર્ણયો લેવાના રહેશે. નવી બોડી રચાય ત્યાં સુધી કલેક્ટર વહીવટદાર તરીકે રહેશે. પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારમાં વહીવટી શાસન અમલમાં આવ્યું છે. પોરબંદર મહાનગર પાલિકાના વહીવટદાર તરીકે ચાર્જ પોરબંદર કલેક્ટરે સંભાળ્યો છે. જેમાં જિલ્લા કલેક્ટર એસ.ડી.ધાનાણીએ ચાર્જ સંભાળ્યો લીધો હતો. કમિશનર તરીકે એચ.જે.પ્રજાપતિ અને ડેપ્યુટી કમિશનર તરીકે એચ.વી.પટેલ તથા મનન ચતુર્વેદીની નિમણૂક કરવામાં આવી છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS